અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ ઓક્ટોબર ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૧૨ | અંક : ૧૦૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની પત્ની ગુજરાતના યુવા મંત્રી બન્યા



। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭।
ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજાને ગુજરાતના મુખ્યમંત્રી મંત્રીમંડળમાં મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ચાલો જાણીએ રીવાબા જાડેજાની શૈક્ષણિક લાયકાત શું છે.ગુજરાતની ચૂંટણી પહેલા ભાજપે પોતાના મંત્રીમંડળની સંખ્યા ૧૬ થી વધારીને ૨૫ કરી દીધી છે. ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મંત્રી બનતા પહેલા, રિવાબા સૌરાષ્ટ્રના જામનગર ઉત્તર મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે સેવા આપી હતી, અને ૨૦૨૨ ની ચૂંટણી જીતી હતી. જાડેજા તેમના સક્રિય સામાજિક કાર્ય માટે જાણીતા છે. ખૂબ જ પ્રસિદ્ધ થયેલી આ ચૂંટણીમાં રવિન્દ્ર જાડેજાની પત્ની અને બહેનના પક્ષો વચ્ચે ટક્કર જોવા મળી હતી.

### ઓનલાઈન લુકઆઉટ નોટિસનું પોર્ટલ શરૂ કરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭।
સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)એ વિદેશી અને ભારતીય નાગરિકો માટે લૂકઆઉટ નોટિસ (LOC) જાહેર કરવાની પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવા માટે એક ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યું છે. આ નિર્ણયથી અગાઉની મેન્યુઅલ અને ઈ-મેલ આધારિત પ્રક્રિયાનો અંત આવશે અને કાર્યવાહીમાં વધુ પારદર્શિતા આવશે. CBIC દ્વારા ૧૩મી ઓક્ટોબરે બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે LOC માટેનું આ પોર્ટલ (જે ૩૧મી માર્ચ ૨૦૨૪થી કાર્યરત છે) દેશભરમાં યોગ્ય સમયે નોટિસ પહોંચાડવા અને તેને લગતી કાર્યવાહીને અસરકારકતા તેમજ પારદર્શકતાથી પૂર્ણ કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું છે.આ નવી ઓનલાઈન પ્રક્રિયાના સુચારુ સંચાલન માટે ત્રણ મુખ્ય સંસ્થાઓમાં નોડલ ઓફિસરની નિમણૂક કરવામાં આવશે. પોર્ટલ પર કામગીરી કરવા માટે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI), ડિરેક્ટોરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ (DGGI), કસ્ટમ્સ, અને CGSTના અધિકારીઓએ નિયુક્ત નોડલ ઓફિસર સાથે સંકલન સાધવું પડશે. CBIC એ જણાવ્યું છે કે અધિકારીઓના ડેઝિગ્નેશનને આધારે નોડલ ઓફિસરના લોગ ઈન ક્રિડેન્શિયલ નક્કી કરવામાં આવશે.

### ૫ નવા કેબિનેટમંત્રી, રાજ્ય કક્ષાના ૩ મંત્રીને સ્વતંત્ર હવાલો

# ગુજરાત મંત્રીમંડળ વિસ્તરણ, ૨૬માંથી ૨૧ મંત્રીએ શપથ લીધા

## પૂર્વ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી : નવા મંત્રીઓને આચાર્ય દેવવ્રતે શપથ લેવડાવ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭।
ગુજરાતમાં વર્ષ ૨૦૨૭માં આવનારી વિધાનસભાની ચૂંટણી પહેલા રાજકારણમાં મોટી ઉથલપાથલ થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ગુરુવારે પહેલા જૂના તમામ મંત્રીઓ પાસેથી પ હેલા રાજીનામું લઈ લેવાયું હતું અને શુક્રવારે નવા મંત્રીમંડળની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી સહિત ૨૬ નામોની યાદી જાહેર કરાઈ હતી. મુખ્યમંત્રીની નવી કેબિનેટમાં ૧૯ નવા ચહેરાનો સમાવેશ કરાયો છે. જ્યારે ૬ મંત્રીઓને રિપીટ કરાયા છે. જ્યારે ૧૦ મંત્રીઓના પત્તા



કાપી દેવાયા છે. મંત્રીમંડળના ૨૬ સભ્યોમાંથી ૨૧એ શપથ લીધા હતા. શુક્રવારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાજ્યપ ાલ આચાર્ય દેવવ્રતએ તેમને મંત્રીપદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પરસોતમ સોલંકી અને કનુભાઈ દેસાઈએ શપથ લીધા નહોંતા. નવા મંત્રીમંડળમાં યુવાનોને અગ્રતા આપવાની ભારતીય જનતા પ ાર્ટીની નીતિ સ્પષ્ટ દેખાઈ આવી છે. સૌથી મહત્વની જાહેરાત તરીકે, મજૂરાના ધારાસભ્ય અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. સંઘવીએ સૌથી પહેલી શપથ લીધા હતા. તેમની નિમણૂક પક્ષમાં યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપવા અને તેમના અગાઉના કાર્યકાળના પ્રદર્શનનું પરિણામ માનવામાં આવે છે.

મંત્રીઓની પસંદગી ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના પ્રતિનિધિત્વને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. નવા મંત્રીમંડળમાં ૮ ઓબીસી, ૪ પ ાટીદાર, ૪ એસટી અને ૩ એસસી નેતાઓને સ્થાન મળ્યું છે. આ મંત્રીમંડળમાં ત્રણ મહિલાઓનો પણ સમાવેશ કરાયો છે. નવા મંત્રીમંડળમાં કોનો-કોનો સમાવેશ કરાયો : નવા મંત્રીમંડળમાં ભૂપેન્દ્ર પટેલ સહિત જે ૨૬ મંત્રીઓનો સમાવેશ કરાયો છે, તેમાં હર્ષ સંઘવી નાયબ મુખ્યમંત્રી પદે શપ થ લીધા હતા. જ્યારે ઋષિકેશ પ ટેલ, જીતુ વાઘાણી, કનુભાઈ દેસાઈ, કુંવરજી બાવળિયા, નરેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજા, રમણ સોલંકીને કેબિનેટ મંત્રી બનાવાયા છે. તેમજ ઈશ્વર પટેલ, પ્રફુલ પાનસેરીયા, મનિષા વકીલને રાજ્ય કક્ષાનો સ્વતંત્ર હવાલો અપાયો છે. કાંતિ અમૃતિયા, રમેશ કટારા, દર્શના વાઘેલા, પ્રવીણ માલી, સ્વરૂપ ઠાકોર, જયરામ ગામીત, રિવાબા જાડેજા પીસી બરંડા, સંજય મહિડા, કમલેશ પટેલ, ત્રિકમ છાંગા અને કૌશિક વેકરિયાને રાજ્ય કક્ષાના મંત્રીઓનું પદ અપ ાયું છે. કોનું પત્તું કપાયું : જૂના મંત્રીઓમાંથી બળવંતસિંહ રાજ પૂત, રાઘવજી પટેલ, ભાનુબેન બાબરિયા, મૂળી બેરા, કુબેર ડિંડોર, જગદીશ વિશ્વકર્મા, મુકેશ પટેલ, ભીખુસિંહ પરમાર, બચુ ખાબડ, કુંવરજી હળપ તિનું પત્તું કપાયું છે. કોને રિપીટ કરાયા : જૂના મંત્રીઓમાંથી હર્ષ સંઘવી, કનુ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પ્રફુલ પાનશેરિયા, પરસોત્તમ સોલંકીને રિપીટ કરાયા છે.

### દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને ઐતિહાસીક નિર્ણય

# ઈફ્કો કર્મચારી પરિવારમાં દિવાળીનો ઉજાસ, ન્યુનતમ વેતન ૨૦,૦૦૦ કરાયુ

## કર્મચારી ના હિતમાં વિશેષ રૂ ૧૪૦ કરોડની જોગવાઈ કરી, ન્યૂનતમ પગાર વધાર્યો

। ગાંધીનગર, તા.૧૭ ।
દિવાળીના શુભ અવસરે ભારતીય કૃષિ સહકારી ખાતર નિર્માણ સંસ્થા (ઈફકો) તરફથી અત્યંત મહત્વપુર્ણ અને આનંદાયક જાહેરાત ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાએલ નિર્દેશક મંડળની બેઠકમાં ઐતિહાસીક નિર્ણય સાથે ઈફકોના કર્મચારીઓનું ન્યુનતમ વેતન પ્રતિ માસ રૂા.૨૦,૦૦૦/- ચુકવવાનું નિર્ણય લેવામાં આવેલ છે જેની અમલવારી ૧ નવેમ્બર ૨૦૨૫ થી શરૂ થશે તે અંગેની જાહેરાત કરવામાં આવતા




કર્મચારી પરિવારમાં દિવાળીનો ઉજાસ પથરાયેલ છે,

આ તકે દિલીપ સંઘાણીએ વધુમાં જણાવેલ કે, સહકારના માધ્યમથી ખેતિ અને ખેડુતની સાથોસાથ કર્મચારીઓના જીવનમાં પણ સ્થિરતા અને આર્થિક સમૃધ્ધી લાવવાનો અમારો સંકલ્પ છે આ પગલુ સહકારીતા માનવતાવાદી મુલ્યોને મજબુત બનાવે છે વેતન વધારા માટે ઈફ્કો દ્વારા ૧૪૦ કરોડ થી પણ વધુ નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. વેતન વધારાના નિર્ણયથી ઈફકો પરિવારના તમામ સભ્યોએ દિલીપ સંઘાણી પ્રત્યે આભાર વ્યક્ત કરી સંસ્થાના ઉત્કર્ષ માટે જોમ અને જુસ્સા સાથે કાર્ય કરવાનો સંકલ્પ કર્યો હતો. અત્રે ઉલેખ્ખનીય છે કે, દેશમાં દિવાળીનું પર્વ ઉજવાઈ રહ્યુ છે તેવા સમયે ઈફકોના નિર્ણયથી હજારો કર્મચારી પરિવારમાં ખુશી અને આનંદ છવાયો છે જે નોંધનીય બાબત છે. તેમ અખબારી યાદીમાં જણાવાયુ છે.

### સરકારે ૪૦૦૦ કામદારોની છટણી કરવા નોટિસ આપી હતી

# કામદારોની છટણી કરવાના ટ્રમ્પ સરકારના પ્રયાસો પર કોર્ટે બ્રેક લગાવી

। (એજન્સી) સાન ફ્રાન્સિસ્કો, તા.૧૭ ।
ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે અમેરિકામાં મોટા પાયે કામદારોની છટણી કરવા માટે હાથ ધરેલી કવાય પર યુએસ ફેડરલ જજે કામચલાઉ બ્રેક લગાવી છે. સરકારી શટડાઉન દરમિયાન કામદારોની છટણી કરવાનો નિર્ણય પૂરતી વિચારણા વગર લેવાયો હોવાના તારણ સાથે કોર્ટે આ નિર્ણયને રાજકીય ઈરાદાથી પ્રેરિત ગણાવ્યો હતો. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ સુસાન ઈલસ્ટોને સાન ફ્રાન્સિસ્કોમાં આસિસ્ટન્ટ યુએસ એટર્નીને સરકારના આ નિર્ણય માતે તાર્કિક કારણ દર્શાવવા વારંવાર તાકિદ કરી હતી. સરકારે ૪૦૦૦ કામદારોની



છટણી કરવા નોટિસ આપી હતી, જેનો અમલ શુક્રવારથી થવાનો છે. સરકારે ફર્લો પર મૂકેલા કર્મચારીઓ આ સમયગાળા દરમિયાન પોતાના સત્તાવાર ઈમેઈલનો ઉપયોગ કરી શકશે નહીં. રોજગારી પર કાપ મૂકવાના સરકારના હુકમ પર કામચલાઉ રોક લગાવતા જજે નોંધ્યુ હતું કે, મોટાભાગના સરકરી કાર્યક્રમો છટણીના હેતુથી થઈ રહ્યા છે.

### ઇન્ડોનેશિયામાં સેના-બળવાખોરો વચ્ચે લડાઇ: ૧૪ લોકોનાં મોત

। જાકાર્તા, તા.૧૭ ।
ઈન્ડોનેશિયામાં લશ્કર અને બળવાખોરો વચ્ચે થયેલી અથડામણમાં ૧૪ જેટલા લોકો માર્યા ગયા છે અને અનેકને ઈજા થઈ છે. જોકે આમાં ગામવાસીઓનો આક્ષેપ છે કે આ હુમલામાં ત્રણ જ બળવાખોર માર્યા ગયા છે. સેનાએ નવ ગામવાસીઓને ઠાર કર્યા છે. આ લડાઈ એક દિવસ અગાઉ શરૂ થઈ હતી. જેમાં અનેક ડઝન બળવાખોરો શસ્ત્રોથી સજ્જ થઈને સૈનિકો પર હુમલો કર્યો હતો.

### કોંગ્રેસમાં અધૂરુ રહેલુ સપનુ ભાજપમાં આવીને પૂરું થયું

# અર્જુન મોઢવાડિયાએ આખરે સત્તાનો સ્વાદ ચાખ્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭।
કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા હાર્દિક પટેલ, સીજે ચાવડા અને અલ્પેશ ઠાકોરની મનની મનમાં રહી ગઈ. તેમના મંત્રીપદના અભરખા તો પૂરા ન થયા. પરંતું ગત વર્ષે કેસરિયો કરનારા અર્જુન મોઢવાડિયાને સત્તાનો સ્વાદ ચાખવા મળ્યો છે. અર્જુન મોઢવાડિયાના કેબિનેટ મંત્રી બનીને લીલી પેનથી સહી કરવાના સપના પૂરા થયા છે. ગુજરાત સરકારનું નવુ મંત્રી મંડળ તૈયાર થઈ ગયું છે. મંત્રી મંડળમાં મુખ્યમંત્રી સહિત કુલ ૨૬ મંત્રીઓ સામેલ કરાયા. તો હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. ભૂપેન્દ્ર પટેલ સરકારમાં હવે ૩ જૂના અને



૫ નવા સહિત આઠ કેબિનેટ કક્ષાના મંત્રી થયા. ભૂપેન્દ્ર પટેલ સરકારમાં ૧૭ રાજ્યકક્ષાના મંત્રીઓ રહેશે. નવી કેબિનેટમાં ત્રણ મહિલાઓને સ્થાન અપાયું. હવે કોને ક્યા ખાતા સોંપાશે તેના પર હવે સૌની નજર રહેશે. કેબિનેટ મંત્રી તરીકે જીતેન્દ્ર વાઘાણી, નરેશ પટેલ, અર્જુન મોઢવાડીયા, ડૉ. પ્રદ્યુમ્ન વાજા અને રમણ સોલંકીએ હોદ્દો અને ગુપ્તતાના શપથ લીધા હતા.

### ટ્રમ્પના દાવા અંગે ભારતના વિદેશ મંત્રાલયનો જવાબ

# ‘પીએમ મોદી સાથે ફોન પર વાતચીત થઈ જ નથી’

## પશ્ચિમી દેશોના પ્રતિબંધો છતાં ભારતે રશિયા પાસેથી ક્રુડ ઓઈલની ખરીદી ચાલુ રાખતા ભારત અને રશિયાના સંબંધો કથળ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।
મધ્ય-પૂર્વમાં ગાઝામાં યુદ્ધ રોકી શાંતિ કરાવવામાં સફળ થયા પછી હવે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધ તરફ નજર દોડાવી છે. પ્રમુખ ટ્રમ્પે ભારત અંગે મોટો દોવા કરતા કહ્યું કે, ‘મારા મિત્ર’ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાતરી આપી છે કે ભારત હવે રશિયા પાસેથી ક્રુડ ઓઈલ નહીં ખરીદે, જે યુક્રેન યુદ્ધ રોકવા રશિયા પર દબાણ લાવવા માટેનું એક મોટું પગલું છે. ટ્રમ્પના આ દાવા સાથે



જ વૈશ્વિક સ્તરે ખળભળાટ મચી ગયો હતો. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે ટ્રમ્પના આ દાવાને ધરાર ફગાવી દીધો હતો. મંત્રાલયે કહ્યું કે, વડાપ્રધાન મોદી અને ટ્રમ્પની હાલમાં કોઈ વાતચીત થઈ નથી અને કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય હિતોને પ્રાથમિક્તા આપે છે. રશિયાએ પણ ટ્રમ્પના દાવાને નકારી કાઢ્યો હતો.ભારતે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તે દાવાને સખત રીતે નકારી કાઢ્યો છે, જેમાં તેમણે મંગળવારે કહ્યું હતું કે ભારત હવે રશિયા પાસેથી તેલની ખરીદી કરશે નહીં. ટ્રમ્પે તાજેતરમાં પ્રધાનમંત્રી મોદી સાથે ફોન પર થયેલી વાતચીતનો ઉલ્લેખ કરીને દાવો કર્યો હતો કે પીએમ મોદીએ તેમને ખાતરી આપી છે કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દેશે.

### સીજે ચાવડાની પણ મનની મનમાં રહી ગઈ!

# આંદોલનના ચહેરા હાર્દિક અને અલ્પેશ કેમ કપાયા?

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।
મંત્રીમંડળના વિસ્તરની અટકળો થઈ રહી હતી ત્યારે લોબીઈંગ કરવામાં વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ અને યુવા ઠાકોર નેતા તેમજ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે પણ એડીચોટીનું જોર લગાવ્યું હતું. બંને યુવાનેતાઓમાં સામ્ય એ છે કે બંને પોતપોતાના સમાજ માટે આંદોલનનું નેતૃત્વ કરી ચૂક્યા છે અને બંને કોંગ્રેસ રિટર્ન છે. આથી તેમને તક મળે છે કે કેમ એ ઉત્સુકતા પ્રવર્તતી હતી. ભાજપના અનેક ધારાસભ્યો એવા હતા, જેઓ લીલી પેનથી સહી કરવાના સપના જોઈને બેસ્યા હતા. જેમાં સૌથી પહેલું નામ સૌરાષ્ટ્રના કદાવર પાટીદાર નેતા જયેશ રાદડિયા છે. જેમની ફુલ હવા હતી, ને લિસ્ટમા નામ ન આવ્યું. આ સાથે મંત્રીપદની રેસમાં કોંગ્રેસમાંથી મંત્રીપદની લ્હાયમાં ભાજપમાં આવેલા નેતાઓ પણ છે. હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને સી. જે. ચાવડાને પણ મંત્રીપદના સપના જોયા હતા, જે હવે ચકનાચૂર થઈ ગયા છે. મંત્રીમંડળના વિસ્તરણની જાહેરાત થતા જ કોંગ્રેસ છોડીને કમળ પકડનારા ચાર દિગ્ગજ નેતાઓ - હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, સી. જે. ચાવડા અને અર્જુન મોઢવાડિયા - ને લીલીપેનથી સહી કરવાના સપનાં ફરી જીવંત થયા હતા.




# થરાદમાં ૧૫૦ થી વધુ ખેડૂતો ખાતરની અછતથી લાઈનમાં લાગ્યા



। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૭ ।

બનાસકાંઠા જિલ્લાના થરાદ પંથકમાં યુરિયા ખાતરની અછતને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. પોતાના પાક માટે તાત્કાલિક જરૂરી યુરિયા ખાતર મેળવવા માટે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે આજે વહેલી સવારથી જ ૧૫૦ થી વધુ ખેડૂતો ખાતરની દુકાનો કે વિતરણ કેન્દ્રો બહાર લાંબી કતારો લગાવીને ઊભા રહ્યા હતા. વહેલી સવારની ઠંડીમાં અને કલાકો સુધી ઊભા રહેવાના કારણે થાકી ગયેલા એક ખેડૂતને લાઈનમાં જ ચક્કર આવી ગયા હતા, જેના કારણે ત્યાં હાજર અન્ય ખેડૂતોમાં ગભરાહટ ફેલાયો હતો.

ખેડૂતો દ્વારા ખાતરના વિતરણની વ્યવસ્થા સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે, આ વિસ્તારમાં યુરિયા ખાતરની ગાડી માત્ર દર પાંચ દિવસે એક વખત જ આવે છે, જેના કારણે જથ્થો ખૂબ ઓછો પડે છે અને મોટાભાગના ખેડૂતોને ખાતર મળ્યા વિના જ પાછા ફરવું પડે છે. આ વિલંબને કારણે તેમનો પાક સમયસર ખાતર વિના રહી જાય છે, જે સીધો પાકના ઉત્પાદન પર અસર કરે છે. ખેડૂતોએ માગણી કરી છે કે ખાતરનો જથ્થો નિયમિત અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય, જેથી તેમને કલાકો સુધી લાઈનમાં ઊભા ન રહેવું પડે.

યુરિયા ખાતરની અછત અને વિતરણમાં થતી અનિયમિતતાને કારણે થરાદના ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ખાતરની લાઈનમાં ખેડૂતને ચક્કર આવવાની ઘટનાએ પણ તંત્રની બેદરકારી છતી કરી છે. ખેડૂત સંગઠનોએ રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર પાસે તાત્કાલિક આ મામલે હસ્તક્ષેપ કરવાની માંગણી કરી છે. પાકની સિઝન પૂરજોશમાં ચાલી રહી હોવાથી, જો તાત્કાલિક ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ નહીં કરાય તો ખેડૂતોની મુશ્કેલી વધશે અને સંભવિતપણે મોટું આંદોલન પણ થઈ શકે છે.

### અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનો પર ભીડ જામી

# મુસાફરોની ભારે ભીડ જોતાં પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તત્કાળ અસરથી સ્થગિત કરી દેવાયું

## શહેરોમાં રહેતા લોકો પોતાના વતનમાં જવા માટે રેલવે સ્ટેશન પર જોવા મળી રહ્યા છે

।(એજન્સી) અમદાવાદ, તા.૧૭।

દિવાળીના તહેવારો હવે શરુ થઈ રહ્યા છે ત્યારે તમામ રેલવે સ્ટેશનો મુસાફરોથી ઉભરાઈ રહ્યા છે. શહેરોમાં રહેતા લોકો પોતાના વતનમાં જવા માટે રેલવે સ્ટેશન પર જોવા મળી રહ્યા છે ત્યારે દિવાળી અને છઠ પર્વ દરમિયાન અધિકૃત મુસાફરોની સુવિધા જળવાઈ રહે તે માટે અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તત્કાળ અસરથી સ્થગિત કરી દેવાયું છે.

ડીઆરએમ ઓફિસ અમદાવાદ તરફથી મળેલી માહિતી મુજબ દિવાળી અને છઠ પર્વ દરમિયાન વતનમાં જવા માટે હજારો લોકો રેલવે સ્ટેશનો પર ઉમટી રહ્યા છે. રેલવે દ્વારા ખાસ ટ્રેનો પણ શરુ કરાઈ છે. પ્લેટફોર્મ પર મુસાફરોની ભારે અવરજવર જોવા મલી રહી છે.




મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનો પર ભીડ નિયંત્રણ અને મુસાફરોની સુવિધા જળવાઈ રહે તે માટે પ્લેટફોર્મ ટિકીટનું વેચાણ તાત્કાલિક ધોરણે સ્થગિત કરી દેવાનો નિર્ણય લેવાયો છે.

૧૬ ઓક્ટોબરથી ૨૭ ઓક્ટોબર સુધી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તમામ માધ્યમોથી બંધ કરી દેવાનો નિર્ણય કરાયો છે જેથી મુસાફરોને લેવા મુકવા જતા લોકોએ આ માહિતી મેળવ્યા બાદ જ પ્લેટફોર્મ પર જવું આ નિર્ણય મુસાફરોની સુરક્ષા સુવિધા સુચારુ કરવા આ નિર્ણય કરાયો છે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને અને નાગરિકોને વિનંતી કરાઈ છે કે આ સમયગાળામાં બિનજરુરી ભીડથી બચો અને સ્ટેશન પર જે લોકો યાત્રા કરવા જવાના છે જે લોકો ઉપસ્થિત રહે.

### તહેવાર ટાણે ધંધા-રોજગાર બંધ થતાં વેપારીઓમાં આક્રોશ

# વિસનગરમાં ફટાકડાના સ્ટોલ બંધ કરાવતા વિવાદ

### કાર્યવાહીમાં ભેદભાવ રાખ્યાનો વિસનગર પાલિકા પર આરોપ લગાવ્યો છે

। (એજન્સી) વિસનગર, તા.૧૭ ।

દવાળીનો તહેવારને ગણતરીના દિવસો બાકી છે. ઠેર-ઠેર ફટાકડાની દુકાનો જોવા મળતી હોય છે. ત્યારે મહેસાણાના વિસનગરમાં ફટાકડાના સ્ટોલ મામલે વિવાદ સર્જાયો છે. પાલિકાએ ફટાકડાના સ્ટોલ બંધ કરાવતા વિવાદ સર્જાયો છે. નાના વેપારીના ફટાકડાના સ્ટોલ જ બંધ કરાવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.



નિયત રકમ ચૂકવી હોવા છતાં સ્ટોલ બંધ કરાવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કોર્પોરેટરો અને મોટા વેપારીની દુકાનો બંધ ન કરાવી હોવાનું વેપારીઓનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તહેવાર ટાણે ધંધા-રોજગાર બંધ થતાં વેપારીઓમાં આક્રોશ જોવા મળ્યો છે. કાર્યવાહીમાં ભેદભાવ રાખ્યાનો વિસનગર પાલિકા પર આરોપ લગાવ્યો છે.

ઉલ્લેખનીય છે કે વિસનગર પાલિકા દ્વારા પહેલા ફટાકડાના વેચાણ માટે સ્ટોલની જગ્યા ફાળવી હતી. કુલ ૫૫ જેટલા દુકાનદારો પાસેથી દરેક દીઠ ૫,૩૧૦ની રકમ તેમજ મંડપ, જગ્યા અને લાઈટનું ભાડું સહિતના તમામ પૈસા વસૂલવામાં આવ્યા. પરંતુ, બાદમાં અચાનક પાલિકા દ્વારા દુકાનો બંધ કરવાના આદેશ આપતા. નાના વેપારીઓને કમાણીના સમયે રઝળવાનો વારો આવ્યો.

# મૃતકના પરિજનોએ બદલો લેવાના ઇરાદે કર્યો જીવલેણ હુમલો

### હુમલામાં આરોપી પક્ષનો એક યુવક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૭ ।

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ખાતે ગત રવિવારે થયેલી યુવકની હત્યાના મામલામાં માહોલ ગરમાયો છે. ગત રવિવારે સમાધાનના પ્રયાસ દરમિયાન એક યુવકની હત્યાની ઘટના બની હતી. આ હત્યા બાદ બંને પક્ષો વચ્ચે તણાવ યથાવત છે. મૃતકના પરિજનોએ હત્યાનો બદલો લેવાના ઈરાદે આરોપીના ઘર પર પથ્થરમારો કર્યો હતો અને છરી વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે હત્યાના આરોપીના પરિવારજનો પોતાનો ઘરવખરીનો સામાન શિફ્ટ કરવા માટે તેમના ઘરે આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે મૃતક અને આરોપી બંનેના ઘર નજીક નજીક આવેલા છે. આરોપીના પરિવારજનો સામાન શિફ્ટ કરી રહ્યા હતા. તે દરમિયાન મૃતક યુવકના ઉશ્કેરાયેલા સ્વજનોનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું. તેમણે આરોપીના ઘર પર પથ્થરમારો શરૂ કર્યો હતો. આટલેથી ન અટકતાં તેમણે આરોપી પક્ષના એક યુવક પર છરી વડે હુમલો પણ કર્યો હતો. હુમલામાં આરોપી પક્ષનો એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.



આ ઘટનાની જાણ થતાં જ પોલીસ વિભાગ તાત્કાલિક એક્શન મોડમાં આવ્યું હતું. ધ્રાંગધ્રા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને વધુ ઘર્ષણ ટાળવા માટે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે હાલમાં પથ્થરમારા અને છરી વડે હુમલો કરવાના મામલે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે સમગ્ર વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ શરૂ કરીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાનો પ્રયાસ કર્યો છે.

# જામનગરના રણજીત નગર વિસ્તારમાં બે પાડોશીઓ વચ્ચે તકરાર થઇ

### પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર મહિલા તથા અન્ય પાડોશીઓ, કે જેઓએ અર્જુનસિંહના મકાન માલિક ભરતભાઈ ગોસ્વામી વિરુદ્ધ અરજી કરી હતી

। (એજન્સી) જામનગર, તા.૧૭ ।

જામનગરના રણજીતનગર હુડકો વિસ્તારમાં બે પાડોશીઓ વચ્ચે તકરાર થઈ હતી, અને એક મહિલા પર તેમના પાડોશમાં જ રહેતા દંપતિએ ધોકાવડે હુમલો કરી ઈજાગ્રસ્ત બનાવી દીધાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

જામનગરના રણજીત નગર હુડકો વિસ્તારમાં રહેતી છાયાબેન ભગવાનજીભાઈ પિઠીયા નામની ૫૦ વર્ષની મહિલાએ પોતાના ઉપર ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે પાડોશમાં ભાડેથી રહેતા ધ્રુવાબા ચુડાસમા અને અર્જુનસિંહ ચુડાસમા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર મહિલા તથા અન્ય પાડોશીઓ, કે જેઓએ અર્જુનસિંહના મકાન માલિક ભરતભાઈ ગોસ્વામી વિરુદ્ધ અરજી કરી હતી, અને ભાડુઆત સંબંધે તેમાં ઉલ્લેખ કર્યો હતો. જેનું મનદુઃખ રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. જામનગરના રણજીત નગર હુડકો વિસ્તારમાં રહેતી છાયાબેન ભગવાનજીભાઈ પિઠીયા નામની ૫૦ વર્ષની મહિલાએ પોતાના ઉપર ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે પાડોશમાં ભાડેથી રહેતા ધ્રુવાબા ચુડાસમા અને અર્જુનસિંહ ચુડાસમા સામે ફરિયાદ નોંધાવી છે.

### કોર્ટની બહાર એક વ્યક્તિ પર થયેલા હુમલાની ઘટના

# ભાવનગરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન ઇજાગ્રસ્ત વ્યક્તિનું મોત

## મહેબૂબભાઈ જોખીયા કોર્ટમાંથી બહાર નીકળ્યા ત્યારે ત્રણ ઇસમો દ્વારા તેમની પર મારી નાખવાના ઇરાદે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો

। (એજન્સી) અમરેલી, તા.૧૭ ।

અમરેલી જિલ્લાના રાજુલામાં ૧૫ દિવસ પહેલા કોર્ટની બહાર એક વ્યક્તિ પર થયેલા હુમલાના મામલામાં મોટો વળાંક આવ્યો છે.

હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ભોગ બનનારનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થતાં પોલીસે આ ઘટનામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ સામે હવે હત્યાની કલમ ઉમેરી છે.આ ઘટના આશરે ૧૫ દિવસ પહેલા રાજુલા કોર્ટની બહાર બની હતી. જ્યાં જમીન-મિલકત વિવાદ અંગે કોર્ટ કેસ ચાલી રહ્યો હતો. કોર્ટની કાર્યવાહી પૂર્ણ થયા પછી મહેબૂબભાઈ જોખીયા કોર્ટમાંથી બહાર નીકળ્યા ત્યારે ત્રણ ઈસમો દ્વારા તેમની પર મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં મહેબૂબભાઈ જોખીયા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેના પગલે તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે તેમની ગંભીર હાલતને કારણે તેમને વધુ સારવાર માટે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ભાવનગરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન આખરે મહેબૂબભાઈ જોખીયાનું મોત થયું હતું.

હુમલાની આ ઘટના હત્યામાં પલટાઈ જતાં રાજુલા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. રાજુલા પોલીસે અગાઉ આ હુમલાના ગુનામાં ત્રણેય આરોપીઓની ધરપકડ કરીને તેમને અમરેલી જેલ હવાલે કર્યા હતા.

હવે મહેબૂબભાઈના મૃત્યુને કારણે પોલીસે જેલમાં રહેલા આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ હત્યાની કલમનો ઉમેરો કરીને કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં જમાઈની હત્યા કરનાર સસરો અને મૃતકની પત્ની ઝડપાઈ

। (એજન્સી) ભાવનગર, તા.૧૭ ।

ભાવનગર શહેરના જમાઈની કરપીણ હત્યા કરનાર સસરો અને મૃતકની પત્ની હાલ ઝડપાઈ છે. આ ચોંકાવનારી હત્યાની ઘટના ગઈકાલે દેસાઈનગર વિસ્તારમાં બની હતી. જ્યાં દીકરી અને જમાઈ વચ્ચે (પતિ-પત્ની) વચ્ચે લાંબા સમયથી ચાલી આવતા ખટરાગને કારણે ગઈકાલે સસરાએ આવેશમાં આવી જમાઈનું જાહેરમાં ઢીમ ઢાળી દીધું હતું. ત્યારે આ સમગ્ર ઘટનાના હચમચાવતા CCTV ફૂટેજ પણ હાલ સામે આવ્યા છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, આ ઘટનામાં મૃતક સુરેશભાઈ શરદભાઈ રાઠોડ પોતાના બે દીકરા સાથે રહીને ભાવનગર શહેરમાં હાદાનગર વિસ્તારમાં રહેતા હતા અને રિક્ષા ચલાવી ગુજરાન ચલાવી રહ્યા હતા. સુરેશભાઈ અને તેમની પત્ની મીનાબેન બનતું ન હોવાથી છેલ્લા ૫ વર્ષથી છૂટાછેડા અંગે કેસ ચાલી રહ્યો છે, જેની ગઈકાલે કોર્ટમાં મુદત પડી હતી, ત્યારે પરત ફરતી વખતે આ લોહિયાળ ખેલ ખેલાયો હતો. ઘટના મુજબ, જમાઈ અને દીકરી વચ્ચે ખટરાગ ચાલતો હતો અને તે બાબતે ફેમિલી કોર્ટમાં કેસ પણ ચાલી રહ્યો હતો. દરમિયાન ગઈકાલે કોર્ટમાં મુદત ભરી પરત ફરતી વખતે ભાવનગર શહેરના દેસાઈનગર વિસ્તારમાં રસ્તામાં જ સસરા મનસુખ પરમાર અને સાળાઓ તેમજ પત્ની મીનાબેન રાઠોડ સહિતનાઓએ જમાઈ સુરેશ રાઠોડને આંતરીને ઝઘડો કર્યો હતો.

### મોડીફાઇડ સાઇલેન્સર લગાવીને કાયદાનો ભંગ કરતા

# વડોદરા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા મોડીફાઇ કરેલા ૧૦૮ સાઇલેન્સરોનો નાશ કરાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।

વડોદરા શહેર ટ્રાફિક પોલીસની પશ્ચિમ શાખા દ્વારા મોડીફાઈ સાઈલેન્સરવાળા વ્હીલર ડીટેઈન કરવામાં આવ્યા હતા. જેમાંથી આજે તમામ ૧૦૮ સાઈલેન્સર પર બુલડોઝર ફેરવીને વિધિસર નાશ કરવામાં આવ્યો હતો. વડોદરા શહેરમાં બુલેટ સહિતના બાઈકોના સાઈલેન્સર મોડીફાઈ કરીને મોટા અવાજ કરી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા વાહન ચાલકો સામે વડોદરા શહેર ટ્રાફિક પોલીસ વિભાગે કાર્યવાહી કરતી રહે છે. અગાઉ પણ ટ્રાફિક પોલીસ દ્વારા આવા મોડીફાઈ સાઈલેન્સર વાળા ટુ વ્હીલર કબજે કરીને તમામ સાઈલેન્સરનો નાશ કરવામાં આવ્યો હતો. તેમ છતાં ટુ વ્હીલર ચાલકો હમ નહીં સુધરેંગે તેઓ સૂત્ર અપનાવીને ટુ વ્હીલર પર મોડીફાઈડ સાઈલેન્સર લગાવીને કાયદાનો ભંગ કરતા હતા. મોડીફાઈ સાઈલેન્સરના કારણે ધ્વનિ પ્રદૂષણ ફેલાતું હતું. તેમજ ઘણા સિનિયર સિટીઝનોને પણ પાસે આવીને આ મોટા અવાજવાળા સાઈલેન્સર વાગે તો તેઓ ડરી જતા હતા અને અકસ્માતની ભીતી પણ સર્જાતી હતી.



જેથી વડોદરા શહેર પોલીસના ટ્રાફિક પશ્ચિમ ઝોન ઝોન દ્વારા આવા ૧૦૮ જેટલા મોડીફાઈ સાઈલેન્સર ધરાવતા ટુ વ્હીલર ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી ચાલતી સાઈલેન્સર વિરોધી કાર્યવાહીના પગલે ૧૦૮ જેટલા ટુ વ્હીલર માંથી મોડીફાઈ સાઈલેન્સર કબજે કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આજે પશ્ચિમ શાખાની ટ્રાફિક કચેરી ખાતે નામદાર કોર્ટ દ્વારા મળેલી મંજૂરી આધારે ૧૦૮ મોડીફાઈડ સાયલન્સર પર બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો.

## અહીં સારા એવા પ્રમાણમાં વરસાદ પડયો હતો જેને કારણે જોઇતા પ્રમાણમાં માલ ડિસ્પેચ ન થતો હોવાને કારણે હાલે બજારમાં ખાસ કરીને માર્સલ બોમ્બની શોર્ટેઝ

# ડભોઈ તાલુકાના રાજલી-મંડાળા રોડ પર માર્ગ દુરસ્તીકરણની કામગીરી હાથ ધરાઈ

।(એજન્સી) કચ્છ, તા.૧૭।

સામાન્ય રીતે ફટાકડા ફોડયા વગર દિવાળીની ઉજવણી અધૂરી રહેતી હોય છે, જેનાં કારણે લોકો ફરજિયાતપણે ફટાકડાની ખરીદી કરતા હોય છે. આ વખતે પણ ફટાકડનાં ભાવમાં ૧૦થી ૧૨ ટકા જેટલો વધારો થયો છે. કારણ કે, જ્યાં ફટાકડાઓનું ઉત્પાદન થઈ રહ્યું છે તે શિવાકાશી તામિલનાડુમાં આવેલું છે, અહીં સારા એવા પ્રમાણમાં વરસાદ પડયો હતો. જેને કારણે જોઈતા પ્રમાણમાં માલ ડિસ્પેચ ન થતો હોવાને કારણે હાલે બજારમાં ખાસ કરીને માર્સલ બોમ્બની શોર્ટેઝ જોવા મળી રહી છે. જોકે, ભાવને અગવણીને પણ લોકો મનમૂકીને ફટાકડાની ખરીદી કરી રહ્યા છે.

મહત્ત્વની બાબત એ છે કે, ૨૦૨૪ની દિવાળી સમયે પણ ૧૫ ટકાનો વધારો થયો હતો, તેની તુલનાએ આ વખતે પણ ૧૦થી ૧૨ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. એટલે કે, બે વર્ષમાં ૨૫ થી ૩૦ ટકા જેટલા ભાવ ફટાકડામાં વધ્યા છે. તેની પાછળનું કારણ કેમિકલોમાં થોડાઘણો ભાવ વધારો તેમજ





હવે તમામ આઈટમો આકર્ષક બોક્સમાં આવી ગઈ હોઈ બોક્સ પ્રિન્ટિંગના ભાવમાં પણ વધારો થયો છે. તો વરસાદને કારણે માલનું ઉત્પાદન ઓછું થતાં પણ તેની સીધી અસર ભાવો ઉપર પડતી હોય છે.

ભારત અને પાકિસ્તન વચ્ચે થયેલી લડાઈને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું હતું, ત્યારે આ નામ સાથે જ આ વખતે પહેલીવાર માર્કેટમાં ઓપરેશન સિંદૂર બોમ્બ પણ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ બોમ્બની વિશેષતા એ છે કે, તે ફૂટયા પછી શેરી, મહોલ્લામાં તેના પડઘા પડતા હોય છે, જેને કારણે પણ લોકો તેની પ્રથમ પસંદગી કરી રહ્યા છે, તો બાળકો માટે ભારતીય ટેક્ક ટાઈપનાં બોમ્બ પણ માર્કેટમાં અત્યારે ધૂમ મચાવી રહ્યા છે.

ફટાકડાનાં હોલેસેલ વેપારી ચૌધરી દિનેશભાઈએ જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ આ વખતે ફટાકડાનાં વેચાણમાં વધારો થયો છે. છતાં લોકો મુક્ત મને ફટાકડાની ખરીદી કરી રહ્યા છે. વળી, આ વખતે માર્કેટમાં ૨૦થી વધુ નવી વેરાઈટીઓ આવી છે જે ગ્રાહકોને પણ આકર્ષી રહી છે. તેમાંય બાળકો માટેનાં ફટાકડાની હાલે સૌથી વધુ ખરીદી જોવા મળી રહી છે, જેમાં એક સાથે પાંચ ધડાકાવાળા ફટકડા, ઝીણા ઝીણા કાગળો હવામાં ઉડતા હોય તેવા, અનેકવિધ પ્રકારની રંગબેરંગી ફૂલઝર, ભોકોઠી, જમીન ચક્કરી, બોમ્બ, રોકેટ સહિતના સદાબહાર ફટાકડાઓની પણ લોકો ખરીદી કરી રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર કેરળના કોચીમાં કોચીન આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર કેન્યાના ભૂતપૂર્વ વડા પ્રધાન રૈલા ઓડિંગાના પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

### જયશંકરે UNમાં તાત્કાલીક સુધારો કરવાની કરી માંગ

# સંયુક્ત રાષ્ટ્ર હજુ ૧૯૪૫માં જીવી રહ્યું છે : જયશંકર

**।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭।**

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બુધવારે નવી દિલ્હીમાં યોજાયેલા સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય યોગદાન આપતા દેશોના સંમેલનમાં ભાગ લીધો હતો. અહીં તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આજનું સંયુક્ત રાષ્ટ્ર હજુ પણ ૧૯૪૫ની પરિસ્થિતિની જેમ કામ કરી રહ્યું છે. વિકાસશીલ દેશોનો અવાજ બુલંદ કરવા પર ભાર મૂકતાં



વિદેશ મંત્રીએ કહ્યું કે '૮૦ વર્ષમાં સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોની સંખ્યા ચાર ગણી વધી છે. તેથી તેણે વિકાસશીલ દેશોનો અવાજ બુલંદ કરવો જોઈએ અને તેના પર જ તેમની વિશ્વસનીયતા ટકી છે. જે સંસ્થાઓ ફેરફાર લાવવામાં નિષ્ફળ જાય છે, તેમના પર વિશ્વસનીયતાનું જોખમ વધે છે. સંયુક્ત રાષ્ટ્રને અસરકારક બનાવવી હોય તો તેને સુધારવી પડશે.'

તેમણે કહ્યું કે, 'યુએન શાંતિ મિશનની સ્થાપના થઈ, ત્યારથી અત્યાર સુધીમાં ભારતે મોટું યોગદાન આપ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશનમાં અત્યાર સુધીમાં વિશ્વના ચાર હજારથી વધુ સૈનિકો સામેલ થયા છે, જેમાં ભારતના ૧૮૨ શાંતિ સૈનિકો પણ સામેલ છે. આ શાંતિ સૈનિકો માનવીય મદદ કરવા માટે પોતાના જીવ જોખમમાં નાખે છે. આ સૈનિકોએ સર્વોચ્ચ બલિદાન આપ્યું છે.'

વિદેશ મંત્રીએ સંયુક્ત રાષ્ટ્રને સલાહ આપી છે કે, જે દેશોમાં શાંતિ સેના મોકલવામાં આવે છે, જે દેશોના સૈનિકો તે શાંતિ સેનામાં હોય છે, તે દેશો સાથે પણ શાંતિ અભિયાન અંગે ચર્ચા-વિચારણા કરવી જોઈએ.

**ન્યૂઝ બ્રિફ**

## ભારતમાં ઈવી સબસિડી મુદ્દે ચીને WTOમાં ફરિયાદ દાખલ કરી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

ચીને ભારત વિરુદ્ધ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુટીઓ)માં ફરિયાદ દાખલ કરી છે. ભારત દ્વારા ઈલેટ્રિક વ્હીકલ્સ (ઈવી) અને બેટરી ઉત્પાદન સંલગ્ન સબસિડીના મુદ્દે આ ફરિયાદ કરાઈ છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં દાવો કર્યો હતો કે, ભારતની આ નીતિ સ્થાનિક ઉદ્યોગોને ખોટી રીતે પ્રતિસ્પર્ધાત્મક લાભ પૂરો પાડે છે અને તેનાથી ચીનના આર્થિક હિતોને નુકસાન પહોંચે છે. ભારતે ડબલ્યુટીઓના કેટલાક પાયાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કર્યું છે. ચીન હવે તેના અધિકારો અને હિતોના રક્ષણ માટે આકરાં પગલાં લેશે. ચીને જણાવ્યું કે, ભારત સરકાર દ્વારા ઈવી અને બેટરી ઉત્પાદન પર અપાતી સબસિડી આંતરરાષ્ટ્રીય વેપારના નિષ્પક્ષ નિયમોની વિરુદ્ધ છે. ચીનના વાણિજ્ય મંત્રાલયના મતે આ યોજનાઓથી ભારત પોતાના સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યું છે. જેનાથી વિદેશી (ખાસ કરીને ચીનની) કંપનીઓ માટે અસમાન પ્રતિસ્પર્ધાનો મહોલ રચાઈ રહ્યો છે. એકતરફ ચીન ભારતમાં પોતાના ઈલેક્ટ્રિક વાહનોના વેચાણને વેગ આપવા પ્રયાસ કરી રહ્યું છે.

## વિશ્વના શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં ભારત ૫ સ્થાન ગબડી ૮૫મા ક્રમે

**। (એજન્સી) ભોપાલ, તા.૧૭ ।**

વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં ભારતીય પાસપોર્ટ ૨૦૨૫માં પાંચ સ્થાન ગબડી ૮૫મા ક્રમે આવી ગયો છે. ગયા વર્ષે ભારતના પાસપોર્ટથી ૫૯ દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ મળતો હતો, હવે આ સંખ્યા ઘટી ૫૭ થઈ ગઈ છે. આ યાદીમાં સિંગાપોર પ્રથમ, જ્યારે સાઉથ કોરિયા અને જાપાન બીજા અને ત્રીજા ક્રમે રહ્યાં છે. પાકિસ્તાનનો પાસપોર્ટ ૧૦૩મા સ્થાને રહ્યો હતો. છેલ્લાં એક દાયકામાં ચીનના પાસપોર્ટના રેન્કિંગમાં ધરખમ સુધારો થયો છે. ૨૦૧૫માં ૯૪માં ક્રમે રહેલો ચીનનો પાસપોર્ટ હવે ૬૪ ક્રમે આવી ગયો છે.હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૫ મુજબ અફઘાનિસ્તાન વિશ્વનો સૌથી નબળો પાસપોર્ટ છે, જે ફક્ત ૨૪ સ્થળોએ વિઝા-મુક્ત પ્રવેશ આપે છે. ૨૬ દેશો સાથે સીરિયા અને ૨૯ દેશો સાથે ઈરાક પણ તળિયાના સ્થાને આવે છે.

### કારમાંથી ધડાધડ ગોળીબાર કર્યો

# કપિલ શર્માના કેનેડા વાળા કેફે પર ફરી થયું ફાયરિંગ

**। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।**

એક્ટર કોમેડિયન કપિલ શર્માની મુશ્કેલી ઓછી થવાનું નામ નથી લઈ રહી. થોડા મહિના પહેલા કપિલ શર્માએ કેનેડામાં પોતાનું કેફે ખોલ્યું હતું, જેને એક અઠવાડિયા અંદર જ નિશાન બનાવવામાં આવ્યું હતું. હવે ફરી એકવાર કેફે પર ફાયરિંગ થયું છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ત્રીજી વાર આ કેફે પર ફાયરિંગ થયું છે. ફાયરિંગનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં નિશાન બનાવનાર શખ્સ કારમાંથી ફાયરિંગ કરતો જોવા મળી રહ્યો છે.



જણાવવામાં આવી રહ્યું છે કે, શખ્સે સતત ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું છે. ગોલ્ડી ઢિલ્લો અને કુલદીપ સિદ્ધૂ નેપાળીએ તેની જવાબદારી લીધી છે. તેને સંબંધિત એક સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરવામાં આવી છે. જેમાં જવાબદારી લેવાની વાત સામે આવી છે. પોસ્ટમાં લખ્યું છે. "વાહેગુરુ જી ખાલસા, વાહેગુરુ જી કી ફતેહ. આજે જે કેફેમાં ફાયરિંગ થયું છે, તેની જવાબદારી હું, કુલવીર સિદ્ધુ અને ગોલ્ડી ઢિલ્લો લઈએ છીએ. અમારી સામાન્ય નાગરિકો સાથે કોઈ દુશ્મની નથી. જેની સાથે અમારો ઝઘડો છે, તે અમારાથી દૂર રહે."

પોસ્ટમાં આગળ લખવામાં આવ્યું છે કે, "જે લોકો બે નંબરનો ધંધો કરે છે, લોકો પાસે કામ કરાવીને પૈસા નથી આપતા, તે પણ તૈયાર રહે. જે પણ બોલીવુડમાં ધર્મની વિરુદ્ધમાં બોલે છે, તે પણ તૈયાર રહે, ગોળી ગમે ત્યાંથી આવી શકે છે. વાહેગુરુ જી કા ખાલસા, વાહેગુરુ જી કી ફતેહ."

જણાવી દઈએ કે, જુલાઈ મહિનામાં સૌથી પહેલા ફાયરિંગ થયું હતુ. આ ફાયરિંગની ઘટના કેફેના ઓપનિંગના એક અઠવાડિયા પહેલા સામે આવી હતી. એક મહિનાની અંદર જ કપિલના કેફે પર બીજીવાર ફાયરિંગ થયું. હવે આ ત્રીજીવાર ફાયરિંગની ઘટના સામે આવી છે. કેફે પર થયેલા ફાયરિંગ પછી કપિલ શર્માનું રિએક્શન પણ સામે આવ્યું હતુ અને કહ્યું હતુ કે, "આ મુશ્કેલ સમય છે, પરંતુ તે અડગતાથી સામનો કરશે." કેનેડા પોલીસે પણ કાર્યવાહીનું આશ્વસન આપ્યું હતુ ઘટના સ્થળે હાજર પણ રહી હતી.

### છપરા સીટ પર હવે મુકાબલો રસપ્રદ થશે

# ચૂંટણીના મેદાનમાં ઉતરશે ભોજપુરી સુપરસ્ટાર ખેસારી લાલ

**। (એજન્સી) છપરા, તા.૧૭ ।**



બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં ભોજપુરી સુપરસ્ટાર ખેસારી લાલ યાદવ હવે રાજકારણના મેદાનમાં ઉતરવા જઈ રહ્યા છે. હકીકતમાં જોઈએ તો, લાંબા સમયથી ચાલી રહેલી અટકળોની વચ્ચે હવે એ નક્કી થઈ ગયું છે કે ખેસારી લાલ યાદવ રાજદની ટિકિટ પરથી છપરામાંથી ચૂંટણી લડશે. પહેલા ખેસારી લાલે ખુદ કહ્યું હતું કે તે પોતાની પત્ની ચંદા દેવીને ચૂંટણી લડાવવાની તૈયારીમાં છે. કારણ કે તે પોતાના ફિલ્મી કરિયર પર ધ્યાન આપવા માગે છે, પણ હવે સૂત્રોના જણાવ્યા અનુસાર ,ચંદા દેવીએ ચૂંટણી લડવાની ના પાડી દીધી છે. ત્યાર બાદ ખેસારી લાલ યાદવે ખુદ ચૂંટણીમાં ઉતરવાનો નિર્ણય લીધો છે.

આપને જણાવી દઈએ કે, ખેસારી લાલ યાદવે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે, હું મારી પત્નીને ચૂંટણી લડવા માટે મનાવી રહ્યો છું. જો તે માની જશએ તો ઠીક નહીં તો હું તેજસ્વી યાદવ માટે પ્રચાર કરીશ. હવે જ્યારે તેની પત્નીએ ના પાડી દીધી છે, તો ખેસારી ખુદ લાલૂની લાલટેન પકડવા જઈ રહ્યા છે.

રાજકારણમાં તો એવી પણ ચર્ચા છે કે, છપરા સીટ પર હવે મુકાબલો રસપ્રદ થવાનો છે. ભોજપુરી સિનેમાના સૌથી મોટા સ્ટારમાંથી એક ખેસારી લાલ યાદવના મેદાનમાં ઉતરવાથી ચૂંટણી માહોલમાં સ્ટાર પાવરનો તડકો લાગવાનો છે. જો કે ભોજપુરી સિનેમાના પાવર સ્ટાર પવન સિંહે આ વખતે વિધાનસભા ચૂંટણી લડવાની ના પાડી દીધી છે. પણ પવન સિંહ ભાજપ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. આવા સમયે હવે તેમની પાર્ટી ઉમેદવારો માટે વોટ માગવા લોકોની વચ્ચે જશે.

### ફિનાઈલ પી જતાં અફરા-તફરી

# ઈન્દોરમાં એકસાથે ૨૦થી વધુ કિન્નરોનો સામૂહિક આપઘાતનો પ્રયાસ

**। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।**

ઈન્દોરના નંદલાલપુરા વિસ્તારમાં ચાલી રહેલા કિન્નરોના આંતરિક વિવાદને પગલે એક જૂથના ૨૦થી વધુ કિન્નરોએ ફિનાઈલ પીને સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો છે. બુધવારે રાત્રે આ કિન્નરો તેમના ડેરા પરથી નીચે ઉતરીને હોબાળો કરવા લાગ્યા અને ત્યાર બાદ એકસાથે ફિનાઈલ પી લીધી. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ સ્થળ પર પહોંચી અને ઓટોરિક્ષા તેમજ એમ્બ્યુલન્સની મદદથી તમામ કિન્નરોને એમવાય હોસ્પિટલ પહોંચાડ્યા, જ્યાં એક કિન્નરની હાલત ગંભીર જણાવાઈ રહી છે.નંદલાલપુરામાં કિન્નરોના બે જૂથ વચ્ચે લાંબા સમયથી આંતરિક વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદના સમાધાન માટે મંગળવારે કિન્નર અખાડાના મહામંડલેશ્વર લક્ષ્મી ત્રિપાઠી ઈન્દોર આવ્યા હતા અને તેમણે અધિકારીઓ સાથે મુલાકાત



પણ કરી હતી. બીજી બાજુ, આ વિવાદના સંબંધમાં એક કિન્નરની ફરિયાદના આધારે પોલીસે બે મીડિયાકર્મીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઘણા દિવસોથી ચાલી રહેલા કિન્નરોના આ વિવાદની તપાસ માટે અગાઉ એસઆઈટી (જીૃ) ની પણ રચના કરવામાં આવી હતી, પરંતુ તે તપાસ પૂરી થઈ શકી નથી. ફિનાઈલ પીધા પછી, એક જૂથના કિન્નરોએ નંદલાલપુરા ચોક પર ચક્કાજામ કર્યો, જેના કારણે રસ્તા પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ. કિન્નરોએ લાંબા સમય સુધી હંગામો ચાલુ રાખ્યો, ત્યારબાદ પોલીસે સમજાવટ કરીને ચક્કાજામ ખોલાવ્યો.

### કિશોરને ફ્રી ફાયર ગેમની કૂટેવ પડી હતી

# મોબાઈલ ગેમ રમતાં ૧૩ વર્ષના કિશોરનું મોત થયું

## આ ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ટીમ સ્થળ પર પહોંચીને કિશોરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો

**। (એજન્સી) પટના, તા.૧૭ ।**

ઉત્તર પ્રદેશના લખનઉમાં ઈન્દિરા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં ૧૩ વર્ષીય કિશોરનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું છે. પરિવારજનોએ મૃત્યુનું કારણ કિશોરને મોબાઈલ ગેમ 'ફ્રી ફાયર'ની લત હોવાનું જણાવ્યું છે. પોલીસ દ્વારા હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે અને સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે.મૃતક કિશોરની ઓળખ વિવેક (ઉંમર ૧૩) તરીકે થઈ છે, જે મૂળ સીતાપુરનો રહેવાસી છે અને હાલમાં તેના પરિવાર સાથે ઈન્દિરા નગરના પરમેશ્વર એન્ક્લેવ કોલોનીમાં ભાડાના મકાનમાં રહેતો હતો. પરિવાર આઠ દિવસ પહેલા



જ આ વિસ્તારમાં રહેવા આવ્યો હતો.મૃતકની બહેન અંજુએ આપેલી માહિતી મુજબ, બુધવારના રોજ વિવેક ઘરે એકલો હતો અને સતત પોતાના મોબાઈલ ફોન પર ગેમ રમી રહ્યો હતો. અંજુ થોડા સમય માટે રૂમમાંથી બહાર નીકળી હતી. જ્યારે તે પાછી આવી ત્યારે વિવેક બેભાન અવસ્થામાં હતો અને તેનો મોબાઈલ ફોન ચાલુ હતો, જેમાં ફ્રી ફાયર ગેમ ચાલી રહી હતી. શરૂઆતમાં બહેનને લાગ્યું કે તે ગેમ રમતા રમતા સૂઈ ગયો હશે, પરંતુ લાંબા સમય સુધી કોઈ હલચલ ન થતા તેને શંકા ગઈ અને પરિવારજનોને જાણ કરી. પરિવારના સભ્યો તાત્કાલિક વિવેકને લઈને નજીકની લોહિયા હોસ્પિટલ પહોંચ્યા, જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.વિવેકની બીજી બહેન ચાંદનીએ તેના ગેમિંગ વ્યસન વિશે ગંભીર ઘટસ્ફોટ કર્યો હતો. તેના જણાવ્યા અનુસાર, વિવેક ફ્રી ફાયર ગેમનો એટલો બધો વ્યસની હતો કે તે દરરોજ રાત્રે ૧૦થી ૧૧ વાગ્યા સુધી જાગીને રમતો રહેતો. તે કોઈની સાથે વાતચીત કરતો ન હતો અને જો પરિવારમાંથી કોઈ તેને રોકવાનો કે ટોકવાનો પ્રયાસ કરે તો તે ગુસ્સામાં વસ્તુઓ ફેંકી દેતો હતો. ઈન્દિરા નગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જે આ ઘટનાની પુષ્ટિ કરી છે.

## પાકિસ્તાને અફઘાનિસ્તાનના કંધાર પર હવાઈ હુમલો કર્યો

**।(એજન્સી) અફઘાનિસ્તાન, તા.૧૭।**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેનો સંઘર્ષ વધારે ઉગ્ર બની રહ્યો છે. અફઘાનના તાલિબાની લડવૈયાઓએ બે સૈન્ય ચોકી અને નાગરિક વિસ્તારો પર આક્રમણ કર્યુ હોવાના દાવા સાથે પાકિસ્તાને કંધાર પર હવાઈ હુમલા કર્યા હતા. કંધહારમાં ઓચિંતા હવાઈ હુમલાથી નાસભાગ મચી હતી. બંને પક્ષે સૈનિકો અને નાગરિકો સહિત ૫૦થી વધુ મોત થયા છે. પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદે સંઘર્ષ શરૂ થયાના કેટલાક કલાકો બાદ પાકિસ્તાને કંધાર પ્રાંતમાં હવાઈ હુમલા કર્યા હતા.પાકિસ્તાની સૈન્યના જણાવ્યા મુજબ, તાલિબાનોએ પાકિસ્તાનની દક્ષિણપશ્ચિમ અને ઉત્તરપશ્ચિમ સરહદે બે સૈન્ય ચોકીઓ પર આક્રમણ કર્યુ હતું. પાકિસ્તાની સેનાએ કંધાર પ્રાંતની દક્ષિણે આવેલી સ્પિન બોલ્ડાક સરહદે બુધવારે સવારે હુમલા કર્યા હતા. પાકિસ્તાને સૈનિકોના બદલે સામાન્ય નાગરિકોને નિશાન બનાવતાં ગામડાંઓ પર હુમલા કર્યા હતા. પાકિસ્તાની સેનાના અંદાજ પ્રમાણે પૂર્વપશ્ચિમ સરહદે રાતભર ચાલેલી અથડામણમાં ૩૦ મોત થયા છે. બંને દેશ વચ્ચે સરહદ પર ઘર્ષણમાં ૧૫ નાગરિકોનાં મોત થયા છે અને ૧૨થી વધુ ઘાયલ થયાં છે. પાકિસ્તાને ૪૮ કલાકનો શસ્ત્ર વિરામ જાહેર કર્યો છે. પાકિસ્તાની સરકારના દાવા મુજબ, તાલિબાનોની વિનંતી બાદ બુધવારે સાંજે ૬ વાગ્યાથી ૪૮ કલાક માટે શસ્ત્રવિરામ જાહેર કરાયો છે. જ્યારે અફઘાનિસ્તાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યુ હતું કે, શસ્ત્ર વિરામ માટે પાકિસ્તાને વિનંતી કરી હતી, જેના પગલે બુધવારે સાંજે ૫.૩૦ બાદ તેનો અમલ શરૂ થયો છે. અફઘાન-પાકિસ્તાન સંઘર્ષ માટે ભારતને જવાબદાર ઠેરવવા માટે ચીનના વિશ્લેષકો જોર લગાવી રહ્યા છે. ચીનના રાજકીય વિશ્લેષકોએ દાવો કર્યો છે કે, તાલિબાનો સાથે ભારતની વધતી નિકટતા આ સંઘર્ષ માટે જવાબદાર છે. ચીનના ઓનલાઈન પ્લેટફોર્મ પર દાવા થઈ રહ્યા છે.

### પ્રવીણ રામ અને રાજુ કરપડાની ધરપકડને લોકશાહી પર હુમલો ગણાવ્યો અને કેસ પાછા ખેંચવાની માંગ કરી

# ગુજરાતમાં કોંગ્રેસ જેવા હાલ ભાજપના થશે, આગામી ચૂંટણી જ બતાવશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે ગુજરાત સરકારે દમનની તમામ હદ વટાવી દીધી છે. ખેડૂતોનો અવાજ ઉઠાવવા બદલ AAP નેતાઓ પ્રવીણ રામ અને રાજુ કરપડાની ધરપકડ લોકશાહી પર હુમલો છે. કેજરીવાલે રાજ્ય સરકાર પર ખેડૂતોની સમસ્યાઓ દબાવવાનો સીધો આરોપ લગાવ્યો.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગુજરાતની ભાજપ સરકાર પર ઘમંડી હોવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે સરકાર ખેડૂતો પર નિર્દયતાથી જુલમ અને દમન કરી રહી છે. તેમણે ધ્યાન દોર્યું કે કોંગ્રેસે લગભગ ૩૦ વર્ષ પહેલાં પણ આવું જ કર્યું હતું, અને તેમને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા, અને હવે ભાજપ પણ એ જ માર્ગે ચાલી રહી છે. કેજરીવાલે ભાજપને ચેતવણી આપતા કહ્યું કે ગરીબ ખેડૂતોના રડવાનો અવાજ તેમને ક્યાંય છોડશે નહીં. ગુરુવારે સોશિયલ મીડિયા પર રિલીઝ થયેલા એક વીડિયોમાં કેજરીવાલે આ ટિપ્પણી કરી હતી. તેમાં, તેમણે સમજાવ્યું કે ગુજરાતના બોટાદમાં ખેડૂતોએ તાજેતરમાં બે મુખ્ય માંગણીઓ ઉઠાવવા માટે મહાપંચાયત બોલાવી હતી, પરંતુ પોલીસે લાઠીચાર્જ કર્યો, ખેડૂતોને નિર્દયતાથી માર માર્યો, અને પછી ટીયર ગેસના શેલ છોડ્યા, તેમને વિખેરી નાખ્યા. વધુમાં,



પોલીસે આ મહાપંચાયતના સંદર્ભમાં આશરે ૮૫ ખેડૂતો સામે કેસ દાખલ કર્યો, જેમાં હત્યાના પ્રયાસનો પણ સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું કે આ આંદોલન દરમિયાન દરેક પગલા પર ખેડૂતો સાથે ખભે ખભા મિલાવીને ઉભા રહેલા તેમના પક્ષના બે નેતાઓની ગુરુવારે ધરપકડ પણ કરવામાં આવી હતી.

આ વીડિયો શેર કરતા કેજરીવાલે લખ્યું, "૧૯૮૫માં કોંગ્રેસે ગુજરાતમાં ૧૮૨ બેઠકોમાંથી ૧૪૯ બેઠકો જીતી હતી. કોંગ્રેસ ઘમંડી બની ગઈ હતી. ૧૯૮૭માં ખેડૂત આંદોલન થયું. કોંગ્રેસે તેને દબાવી દીધું, અને ગુજરાતના લોકોએ આગામી ચૂંટણીમાં ૧૪૯ બેઠકો ધરાવતી કોંગ્રેસને હાંકી કાઢી. ભાજપ છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તામાં છે. તેઓ પણ ખૂબ જ ઘમંડી બની ગયા છે. જે રીતે તેમણે ખેડૂતોને દબાવવાનું શરૂ કર્યું છે, તે રીતે ગુજરાતના લોકો આગામી ચૂંટણીમાં ભાજપને હાંકી કાઢશે."

તેમણે શેર કરેલા વીડિયોમાં કેજરીવાલે કહ્યું, "ગુજરાતના ખેડૂતો ખૂબ જ નાખુશ છે, અને ગુજરાતના ખેડૂતો તેમના હકો માંગવા માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે." છેલ્લા કેટલાક દિવસોથી, ગુજરાતના ખેડૂતો તેમના હકો માંગવા માટે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ૧૨ ઓક્ટોબરે પણ આવી જ ઘટના બની હતી. ગુજરાતના ખેડૂતોની ઘણી માંગણીઓ છે, પરંતુ તેમણે બે મુદ્દાઓને ઉકેલવા માટે ૧૨ ઓક્ટોબરના રોજ બોટાદ જિલ્લાના હરદાદ ગામમાં મહાપંચાયત બોલાવી હતી. ગુજરાતમાં "કદડા" (વેપારી પ્રથા) નામની એક વ્યવસ્થા છે.

## તંત્રી લેખ...

# ગ્રીન ફટાકડાં પારંપરિક કરતા 30 ટકા ઓછું પ્રદુષણ ફેલાવે છે!

હજી તો નવરાત્રી પૂરી થઈ નથી હોતી અને ફટાકડા ફોડવા મુદ્દે અને પ્રદુષણ મુદ્દે ચારેકોર કાગારોળ થવા માંડે છે. તેમાંય દિલ્હી અને એનસીઆરમાં તો ફટાકડા ફોડવા દેશ વિરોધી અને માનવતા વિરોધી કામ કરવા જેવું થઈ જાય છે. અહીંયા દિવાળીની સાથે સાથે શિયાળાનું પણ આગમન થઈ જાય છે. તેના પગલે ભયાનક પ્રદુષણ વધવા લાગે છે. આ પ્રદુષણને નાથવા માટે ફટાકડા નહીં ફોડવાની હિમાયત કરવામાં આવે છે. તેમાંય લોકો કાબુમાં રહે તે માટે માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા ફટાકડા નહીં ફોડવા અને જરૂર પડયે ચોક્કસ સમયગાળામાં ગ્રીન ફટાકડા ફોડવાનો આદેશ આપવામાં આવ્યો છે. દિલ્હી અને એનસીઆરમાં ચોક્કસ સમયમર્યાદામાં ગ્રીન ફટાકડા ફોડી શકાશે.

ઉલ્લેખનીય છે કે, દિવાળીમાં લોકોના તહેવારનો ઉત્સાહ વિસરાઈ ન જાય અને પ્રદુષણ પણ કાબુમાં રહે તે માટે સુપ્રીમ કોર્ટ દ્વારા વિચારણા કરવામાં આવી હતી. તેના પગલે તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ફટાકડા અંગે મોટો નિર્ણય લીધો છે. સુપ્રીમે રાજધાની દિલ્હીમાં ગ્રીન ફટાકડા ફોડવા અને વેચવાની છૂટ આપી દીધી છે. જોકે આ સાથે જ સુપ્રીમ કોર્ટે કેટલીક શરતો પણ મુકી છે. ગ્રીન ફટાકડાનું વેચાણ માત્ર ૧૮થી ૨૦ ઓક્ટોબર સુધી જ કરી શકાશે. જ્યારે ૨૧મી ઓક્ટોબર સુધી ફટાકડા ફોડી શકાશે. એટલે કે દિવાળી સમયે દેશની રાજધાની દિલ્હી ફટાકડાના અવાજથી ગુંજી ઉઠશે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈએ કહ્યું હતું કે દિવાળી દરમિયાન દિલ્હી-એનસીઆરમાં બહારથી તસ્કરી કરીને લવાતા ફટાકડા વધુ નુકસાન પહોંચાડે છે. એક સંતુલિત દ્રષ્ટિકોણ અપનાવવો પડશે, પર્યાવરણની સાથે બાંધછોડ કર્યા વગર સંયમિત રીતે ફટાકડા ફોડવાની મંજૂરી આપવી પડશે. સુપ્રીમ કોર્ટે અગાઉ ગ્રીન ફટાકડા સહિતના તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકી દીધો હતો. દિલ્હીમાં વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવાયો હતો. દિલ્હી એનસીઆરમાં પણ સવારે છથી સાત જ્યારે સાંજે રાત્રીના આઠથી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે.

એવું માનવામાં આવે છે કે ગ્રીન ફટાકડા એવી રીતે તૈયાર કરાય છે કે જેના ઉપયોગથી પરંપરાગત ફટાકડા કરતા ઓછુ પ્રદૂષણ ફેલાય છે. જોકે ગ્રીન ફટાકડા સંપૂર્ણપણે પ્રદૂષણથી મૂક્ત નથી.

સીએસઆઈઆર-નીરિના એક અનુમાન મુજબ ગ્રીન ફટાકડા હાલના ફટાકડા કરતા ૩૦ ટકા ઓછુ પ્રદૂષણ ફેલાવે છે. દર વર્ષે દિવાળી સમયે જ દિલ્હીમાં પ્રદૂષણ ભયજનક સપાટીએ પહોંચી જાય છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે જો ગ્રીન ફટાકડા ફેક નીકળશે તો ઉત્પાદકનું લાઈસન્સ રદ કરી દેવામાં આવશે. તેથી હાલમાં સુપ્રીમ કોર્ટે રાહત તો આપી છે પરંતુ કેટલીક શરતોનું પાલન કરવું પડશે. ઉલ્લેખનીય છે કે, ગત અઠવાડિયે જ સુપ્રીમ કોર્ટે દિવાળી દરમિયાન દેશની રાજધાની દિલ્હી અને એનસીઆરમાં પાંચ દિવસ માટે પરીક્ષણ માટે ફટાકડાના વેચાણ અને ફોડવાની મંજૂરી આપ્યા બાદ પોતાનો ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. દિલ્હીની રાજ્ય સરકારે દિવાળી ઉપર ગ્રીન ફટાકડાનો ઉપયોગ કરવા દેવાની પરવાનગી સુપ્રીમ પાસે માગી હતી. દિલ્હી સરકારે વિનંતી કરી હતી કે, દિવાળીનો તહેવાર ભારતીય સંસ્કૃતિનો સૌથી મહત્ત્વનો તહેવા છે. આ દરમિયાન શહેરના કરોડો લોકો અને દેશના અબજો લોકો આ તહેવાર ફટાકડા ફોડીને ઉજવે છે. આવા સમયે દિલ્હીમાં લોકોને સાવ જ ફટાકડા ન ફોડવા દેવા તે અઘરું થઈ પડશે. લોકોને ચોક્કસ દિવસ માટે અને ચોક્કસ સમયમાં ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવે. સરકારે આ મુદ્દે વિવિધ દલીલો સાંભળીને પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

# બેઠક વહેંચણી અને ઉમેદવારોની પસંદગી માટે કોંગ્રેસમાં ઘમસાણ

બિહાર વિધાનસભાની ચૂંટણી માટે તૈયારી કરી રહેલા મહાગઠબંધનમાં બેઠકની વહેંચણી બાબતે છેલ્લી ઘડી સુધી ખેંચતાણ જોવા મળે છે. કેટલાક અતિ મહત્વકાંક્ષી નેતાઓ નાસીપાસ થયા છે. પક્ષમાં હજી બેઠક અને ટિકિટ ફાઈનલ થઈ નથી. બિહાર કોંગ્રેસના કેટલાક કાર્યકરો ઉમેદવારોને પસંદ કરવાની પ્રક્રિયાને ખોટી ગણાવી રહ્યા છે. બેઠક વહેંચણીમાં આરજેડીના રાજકીય કાવાદાવા પારખ્યા વગર ઉમેદવારોની પસંદગી બાબતે બિહાર કોંગ્રેસના પ્રભારી કૃષ્ણા અલ્લાહ વરૂહએ ખોટા નિર્ણયો લીધા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. એમ મનાય છે કે, ઉમેદવારોના નામ જાહેર થયા પછી કાર્યકરોનો ગુસ્સો ફાટી શકે છે. કોંગ્રેસના સિનિયર નેતાઓને પણ આની ગંધ આવી ગઈ છે અને એટલે જ ઉમેદવારોની યાદી નક્કી થઈ ગઈ હોવા છતાં જાહેર કરવામાં આવતી નથી.

રાજ્યસભાના સભ્ય સુધા મૂર્તિ અને એમના પતિ ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિએ કર્ણાટકમાં થઈ રહેલા જાતિગત સર્વેક્ષણમાં ભાગ લેવાનો ઈન્કાર કર્યો છે. આ બાબતે એમણે એમનો લેખિત જવાબ પણ અધિકારીઓને આપી દીધો છે. આ જવાબ બાબતે રેકોર્ડ પર કોઈ કહેવા તૈયાર નથી. કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં જાતિ આધારીત જનગણનાની શરૂઆત સપ્ટેમ્બર મહિનામાં થઈ ગઈ હતી. પહેલા આ સર્વે ૭મી ઓક્ટોબર સુધી ચાલવાનો હતો પરંતુ પછીથી સમય મર્યાદા લંબાવવામાં આવી હતી. સર્વેનું કામ કરી રહેલા અધિકારીઓ જ્યારે મૂર્તિના જયનગર સ્થિત ઘરે પહોંચ્યા ત્યારે એમણે કહ્યું હતું કે આ સર્વે બાબતે તેઓ કોઈ જવાબ આપવા માંગતા નથી કારણ કે તેઓ પછાત વર્ગમાંથી આવતા નથી. એ કારણે એમની માહિતી સરકારને કામ લાગવાની નથી. સત્તાવાર રીતે સુધા મૂર્તિ કે એમના પતિએ આ બાબતે કઈ કહ્યું નથી. બેંગલુરુમાં ૧૫ લાખ લોકોનું જાતિ આધારીત સર્વેક્ષણ થઈ ચૂક્યું છે. હજી સુધી એ જાણવા મળ્યું નથી કે આ સર્વેમાં કેટલા લોકોએ ભાગ લેવાનો ઈન્કાર કર્યો છે.

નવી દિલ્હીના આરકે પુરમથી વર્ષ ૨૦૦૬માં નવમું ધોરણ પાસ થયેલા ૩૬ વર્ષના તેજસ્વી પ્રસાદ યાદવ પાસે ૬ કરોડ ૧૨ લાખ રૂપિયાની નકદ અને ૧૮૮ લાખની સ્થાવર સંપત્તી છે. તેજસ્વી પર ૧૮ જેટલા ફોજદારી ગુના નોંધાયા છે. વૈશાલી જિલ્લાના રાઘોપુર વિધાનસભા બેઠક પર ઉમેદવારી પત્ર ભરતી વખતે તેજસ્વીએ આ જાણકારી જાહેર કરી છે. કાયદેસર રીતે તેજસ્વી પાસે પોતાનું કોઈ વાહન નથી. એમની પાસે ફક્ત ૨૦૦ ગ્રામ સોનું છે. એમના પત્ની અને પુત્રીના નામે પણ સત્તાવાર રીતે મામુલી રકમ જ છે. જોકે બિહારમાં નાનુ બાળક પણ જાણે છે કે લાલુ યાદવના કુટુંબ પાસે કરોડો રૂપિયાની સ્થાવર અને ચલીત સંપત્તી છે. તેજસ્વી યાદવ જ નહીં દેશના મોટા ભાગના રાજકારણીઓ જ્યારે પોતાની મિલકત જાહેર કરે છે ત્યારે નિષ્ણાંતોની સલાહ લઈને ઘણી બધી બાબતો છૂપાવે છે.

દેશના ન્યાયતંત્રમાં એક અભૂતપૂર્વ ઘટના બની છે. સુપ્રિમ કોર્ટ કોલેજિયમએ કબુલ કર્યું છે કે, એક જજની બદલીનો નિર્ણય કેન્દ્ર સરકારના આગ્રહના કારણે એણે બદલ્યો છે. સીજેઆઇ બી આર ગવઈના પ્રમુખ પદે કોલેજિયમએ આ નિર્ણય લીધો છે. ૨૫મી ઓગસ્ટએ કોલેજિયમએ મધ્યપ્રદેશ હાઈકોર્ટના જજ જસ્ટીસ અતુલ શ્રીધરનને છત્તીસગઢ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની ભલામણ કરી હતી. હવે ૧૪મી ઓક્ટોબરે મળેલી કોલેજિયમએ પોતાનો નિર્ણય બદલીને જજને અલ્હાબાદ હાઈકોર્ટ મોકલવાનો નિર્ણય કર્યો છે. કોલેજિયમએ કહ્યું છે કે, 'કેન્દ્ર સરકાર દ્વારા કહેવામાં આવેલા પુન:વિચાર બાબતે સુપ્રિમ કોર્ટના કોલેજિયમએ નિર્ણય લઈને મધ્યપ્રદેશ હાઈકોર્ટના જસ્ટીસ અતુલ શ્રીધરનની બદલી હવે છત્તીસગઢને બદલે અલ્હાબાદ હાઈકોર્ટમાં કરવામાં આવી છે.' કદાચ આ પહેલી વખત છે કે, કોલેજિયમએ સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે સરકારના કહેવાથી એમણે એમનો નિર્ણય બદલ્યો છે. ન્યાયતંત્રમાં આની ઉગ્ર ચર્ચા થઈ રહી છે. ગ્વાલિયર બાર એસોસીએશનના ભૂતપૂર્વ પ્રમુખ અનિલ મિશ્રાએ ડો. ભીમરાવ આંબેડકર વિશે વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું.

### સૌ સાથે મળી આ વખતે આ ધન તેરસનો તહેવાર ધનની તરસ છોડી ઉજવીએ

# મહાલક્ષ્મીનાં એક સ્વરૂપને ચતુરા કહેવામાં આવે છે, માટે ચતુરાઈ છોડી એને શરણે જવું



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આમ પણ મહાલક્ષ્મીનાં એક સ્વરૂપને ચતુરા કહેવામાં આવે છે, તો એ સામેવાળાની ચતુરાઈને પહેલા પકડી પાડે છે, માટે કહેવાતી સ્માર્ટ નેસ ત્યજી એને શરણે જવું, તો અવશ્ય સુખ શાંતિ બની રહેશે. સામાન્ય રીતે દિવાળીનાં તહેવાર અગિયારસથી શરૂ થાય છે,રમા એકાદશી,વાક્ બારસ ને ધન તેરસ, કાળી ચૌદસ તથા દિવાળી અને, બેસતું વર્ષ કે નવું વર્ષ, ત્યાર બાદ ભાઈબીજ, સુધી ઉજવાય છે**

આમ તો હમણાં મિશ્ર તિથિ ચાલે છે, પણ આજે સૌ આસો વદ તેરસ એટલે કે ધન તેરસ કરવાનાં છે. વિશ્વ આખામાં હવે લોકો અતૃપ્તિનાં એક માનસિક રોગથી પીડાતા હોય, એમ વિશ્વ આખું આજે પૂર્ણ આર્થિક મંદીનાં તનાવ સાથે જીવી રહ્યું છે, એટલે સૌ સાથે મળી આ વખતે આ ધન તેરસનો તહેવાર ધનની તરસ છોડી ઉજવીએ. આમ પણ મહાલક્ષ્મીનાં એક સ્વરૂપને ચતુરા કહેવામાં આવે છે, તો એ સામેવાળાની ચતુરાઈને પહેલા પકડી પાડે છે, માટે કહેવાતી સ્માર્ટ નેસ ત્યજી એને શરણે જવું, તો અવશ્ય સુખ શાંતિ બની રહેશે. સામાન્ય રીતે દિવાળીનાં તહેવાર અગિયારસથી શરૂ થાય છે,રમા એકાદશી,વાક્ બારસ ને ધન તેરસ, કાળી ચૌદસ તથા દિવાળી અને, બેસતું વર્ષ કે નવું વર્ષ, ત્યાર બાદ ભાઈબીજ, સુધી ઉજવાય છે. વેપારીઓ દીવાળી એ ચોપડા પૂજન કરી પછી લાભ પાંચમ સુધી રજા રાખે છે, અને એ દિવસ પણ સારો દિવસ છે,તેઓ તે દિવસથી પાછાં પોતાનાં ધંધા શરું કરે છે. મુખ્યત્વે પાંચ દિવસ એટલે કે ધનતેરસ કાળીચૌદશ દિવાળી બેસતું વર્ષ અને ભાઈબીજ આ પાંચ દિવસો બધાં જ લોકો દિવાળીનાં તહેવાર તરીકે ઉજવે છે.

ધનતેરસને દિવસે ધનની પૂજાનું બહુ જ મહત્વ છે, અને કહેવાય છે કે આ દિવસે ધનની પૂજા કરવાથી તેર ગણું ધન-ધાન્ય વધે છે. સમુદ્ર મંથનમાં ભગવાન ધન્વંતરિ હાથમાં કળશ લઈને બહાર આવ્યાં, એ દિવસે આસો વદ તેરસ હતી. એટલે તેના નામ પરથી ધન્વંતરિ જયંતી અથવા ધનતેરસ તરીકે આ દિવસને ઉજવવામાં આવે છે. સ્વસ્થ આયુષ્ય પ્રદાન કરવા માટે ભગવાન ધન્વંતરિ આ કળશ લઈને અવતર્યા હતાં, અને તે કળશ લઈને આવ્યાં હોવાથી આજના દિવસે સુવર્ણ અને પિત્તળની ધાતુની ખરીદી કરવાનું પણ મહત્વ છે. ઉપરાંત એક બીજી લોકવાયકા એવી પણ છે, કે ભગવાન વિષ્ણુ દ્વારા લક્ષ્મીજી શાપિત થાય છે, અને તેમને 13 વર્ષ સુધી કોઈ ભૂમિ પુત્ર એટલે કે ખેડૂતને ઘરે રહેવાનું હોય છે. લક્ષ્મીજી જે ભૂમિપુત્રને ત્યાં રહ્યાં હતાં, તેનાં ધન-ધાન્યમાં વૃદ્ધિ થાય છે, અને સમય અવધિ પૂરી થતાં ભગવાન વિષ્ણુએ તેમને તેડવા માટે આવે છે, ત્યારે તે ખેડૂત લક્ષ્મીજીને પોતાના ઘરે રોકાઈ જવાં આગ્રહ કે વિનંતી કરે છે,તે દિવસ પણ આસો વદ તેરસનો દિવસ હતો, અને લક્ષ્મીજી એવું કહે છે, કે આ દિવસે જે કોઈ પોતાના આંગણામાં દીવા મૂકીને મારું પૂજન કરશે, તેને ત્યાં કાયમ મારો વાસ રહેશે. ત્રીજી એક લોકવાયકા એવી છે,કે અસુરોના રાજા બલીનો ત્રાસ વધી જતાં, દેવતાઓની વિનંતીથી ભગવાન વિષ્ણુ વામન સ્વરૂપે બલિને ત્યાં ભિક્ષા માંગવા જાય છે, અસુરોના ગુરુ શુક્રાચાર્યને ભગવાન વિષ્ણુની આ ચાલ વિશે જાણકારી મળી જાય છે, અને તે રાજા બલિને ખૂબ જ સમજાવે છે, કે ભગવાન વિષ્ણુ તને પાઈમાલ કરી દેવા માટે આવ્યા છે, પણ રાજા એ વાત માનતા નથી, અને વામન સ્વરૂપે આવેલાં ભગવાનને ત્રણ ડગલાં પૃથ્વી આપવાં માટે કટિબદ્ધ થાય છે, ત્યારે શુક્રાચાર્ય લઘુ સ્વરૂપ ધારણ કરી અને કમંડળમાં સમાય જાય છે. જેથી કરીને સંકલ્પ કરવાં માટેનું જળ કમંડળ માંથી નીકળતું નથી. દર્ભના તણખલાંના આગળનાં કડક ભાગથી ભગવાન વિષ્ણુ કમંડળને ખોતરે છે, જેથી શુક્રાચાર્યની એક આંખ ફૂટી જાય છે, અને આમ ભગવાન વિષ્ણુ પોતાની ચાલમાં કામયાબ બને છે, અને અસુરોના ત્રાસમાંથી દેવતાઓ મુક્ત થાય છે, એટલે પણ આ દિવસને ઉજવવામાં આવે છે.

આપણે ત્યાં આદ્ય શક્તિનાં મુખ્ય ત્રણ અધિષ્ઠાત્રી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે, અને મહાલક્ષ્મી, મહાસરસ્વતી, અને મહાકાલી, એમાં ધન-ધાન્ય કે એશ્વર્ય માટે મહાલક્ષ્મી મુખ્ય દેવી માનવામાં આવે છે. પરંતુ ધનતેરસને દિવસે જ મહાલક્ષ્મીનું પૂજન શું કામ? એવો કોઈ પ્રશ્ન થાય તો ક્ષીર સાગરમાંથી આસો વદ તેરસને દિવસે મહાલક્ષ્મી હાથમાં ચરુ લઈને પ્રગટ થયા હતા, અને તેથી એ દિવસે ધનની પૂજા કરવામાં આવે છે. આ ઉપરાંત સમુદ્ર મંથન વખતે પણ સમુદ્રમાંથી મહાલક્ષ્મીનું હાથમાં અમૃત કુંભ સાથે બહાર આવ્યા હતાં, એટલે એ રીતે પણ મહાલક્ષ્મીના પ્રાગટ્ય દિવસને ધનતેરસ તરીકે ઉજવવામાં આવે છે.

ધનની પૂજામાં સામાન્ય રીતે જુનાં નવાં ચલણના સિક્કાઓ, સોના ચાંદી જેવી કિંમતી ધાતુઓ, હીરા, માણેક, વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. પૂજનવિધીમાં આ ધનના સિક્કાને દૂધ પાણી વડે ધોઈ અને કે પૂજન વિધિ સંપન્ન કરવામાં આવે છે.ધોવાનો મતલબ એ થાય કે, અમે લક્ષ્મીને દાન-ધર્મ કરીને સાફ સુથરી રાખીશું, અથવા તો અનીતિની કમાણી નહીં કરીએ, પણ જ્યાં સીધી આવકનો સ્ત્રોત હશે, એ જ ધનને કમાણી રૂપે અર્જિત કરીશું. આપણે આપણી આવક પૂરેપૂરી ખર્ચાઈ જાય નહીં, ત્યાં સુધી આ સચ્ચાઈનો એટલે કે દાન ધર્મનો માર્ગ મુકવાનો નથી. ધનનો એક સીધોસાદો અર્થ એટલે રૂપિયા પૈસા, અને એ જીવન જીવવા માટે બહુ જ અનિવાર્ય છે. આમ પણ અત્યારે સૌને ધનવાન થવું છે, ગુણવાન થવા માટેની કોઈ શિબિર, કે એવું કંઈ યોજવામાં આવે, તો કદાચ એમાં એટલી સંખ્યા ન થાય, પરંતુ અહીં આટલા રૂપિયાનાં આટલા રૂપિયા કરી દેવામાં આવે છે, એવી કોઈ જાહેરાત સાંભળવા મળે, તો ત્યાં માણસોનાં ઢગલે ઢગલા જોવા મળે છે. અને વાત પણ સાચી છે, આ મોંઘવારીના જમાનામાં ધન વગર તો કેમ ચાલે!! પરંતુ આજથી ઘણાં વર્ષો પૂર્વેનો ઈતિહાસ જોઈએ, તો ધનવાન કોને કહેવાતું!! જેના આંગણામાં ઘણી બધી ગાય હોય, પોતાનું ઘર તથા ખેતર હોય, ઘરમાં ચાર દીકરા હોય, એકાદ-બે સંસ્કારી દીકરીઓ હોય, આંગણાનાં તુલસીક્યારા ને ઉંબર પુજતી વહું હોય, જેના ઘરે રોજ અતિથિનો પાટલો પડતો હોય, તથા નિત્ય ઠાકોરજીની સેવા પૂજા થતી હોય, અને આખો પરિવાર શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હોય, તથા હસી ખુશીથી ઘરના વહેવારો ચાલતાં હોય, આવા વ્યક્તિને એટલે કે ગુણવાન ને ધનવાન કહેવાતાં.

મિત્રો દિવાળીના તહેવાર શરૂ થઇ ગયા છે અને જેમ ઘર સાફ કરીને ચોખ્ખું કર્યું છે, એ જ રીતે અંતર મન પણ ચોખ્ખું કરવાનું છે, અને અંદરનાં પૂર્વાગ્રહ કે હઠાગ્રહ મુક્ત થઇ, અને જે સંબંધોમાં રોષ કે રીસ હોય, ત્યાં સામેથી જઈ અને દિવાળીની વધાઈ આપી તહેવાર ઉજવીએ, આવતીકાલ અહીં કોઈની નિશ્ચિત નથી, અને અહિંથી કંઈ જ આપણે સાથે લઈ જઈ શકવાનાં નથી. આ બંને સત્ય યાદ રાખીને આપણે ન હોઈએ, ત્યારે પણ લોકો આપણને પ્રેમપૂર્વક યાદ રાખે, એ રીતના મધુર વ્યવહાર અન્ય સાથે આ દિવાળીમાં બાંધવા કટિબદ્ધ બનીએ.આ ઉપરાંત બધાં મિત્રોને ધન તેરસના તહેવારની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આપ સૌના જીવન આવી જ રીતે સદાય ધન-ધાન્ય અને ગુણથી ભરેલા રહે, અને સૌનું જીવન કાયમ ઝગમગતા દીવડા જેવું તેજસ્વી અને ખુશહાલ બને,તેમજ ખણકતા રુપિયા જેવી ખણકતી ખુશીનું હાસ્ય સૌનાં મુખ પર સદાય ચમકતું રહે.જય શ્રી રામ.



### ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઇએ તો પાપ પહેલું આંખ વાટે આવે છે

# મનુષ્ય શરીરથી નહીં,આંખ અને મનથી વધારે પાપ કરે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**દુશ્ચરિત્રનું અન્ન લેવાની શાસ્ત્રે ના પાડી છે,પણ સાધુઓ બાઈને જાણતા ન હતા એટલે તે અન્નની રસોઈ કરી સાધુઓ જમ્યા.તે પછી અજામિલે સાધુઓનેપ્રણામ કર્યા.સાધુઓ કહે છે,તારા ઘરેથી ભોજન મળ્યું,પણ દક્ષિણા મળી નહીં!અજામિલ કહે,હું તમને લૂંટી લેતો નથી એ જતમારી દક્ષિણાછે હું કોઈ સાધુને પૈસા આપતો નથી બીજું કાંઈ માગો તો આપું**

આજથી દિવાળી પર્વની શરૂઆત ગુજરાતના નવા મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી સાથેની સરકારના શાસનમાં થઈ ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો પાપ પહેલું આંખ વાટે આવે છે. આંખ બગડી એનું મન બગડ્યું. મન બગડયું એનું જીવન બગડ્યું.એનું નામ બગડ્યું રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે.માટે કામને આંખ માં આવવા દેશો નહીં. આંખમાં નહીં આવી શકે તો કામ મનમાં આવશે નહીં. મનુષ્ય શરીરથી નહીં,આંખ અને મનથી વધારે પાપ કરે છે.એથી વગર પ્રયોજને કોઈને આંખ આપવી નહીં. આંખ માં રામ રાખો તો કામ મનમાં આવશે નહીં. અજામિલ પેલી બાઈને પોતાને ઘરે લઈ આવ્યો. એક પાપમાંથી બીજું પાપ આવે છે તેમ અજામિલ દુરાચારમાં આગળ વધ્યોને પાપાચાર કરવા લાગ્યો.ચોરી પણ કરવા લાગ્યો. લૂંટ પણ કરે છે.એક વખત કેટલાક સાધુઓ ફરતા ફરતા અજામિલને ઘરે આવ્યા. તેમણે ભિક્ષા માગી.બાઈએ તેમને અનાજ આપ્યું.

દુશ્ચરિત્રનું અન્ન લેવાની શાસ્ત્રે ના પાડી છે,પણ સાધુઓ બાઈને જાણતા ન હતા એટલે તે અન્નની રસોઈ કરી સાધુઓ જમ્યા.તે પછી અજામિલે સાધુઓનેપ્રણામ કર્યા. સાધુઓ કહે છે,તારા ઘરેથી ભોજન મળ્યું,પણ દક્ષિણા મળી નહીં!અજામિલ કહે,હું તમને લૂંટી લેતો નથી એ જતમારી દક્ષિણાછે હું કોઈ સાધુને પૈસા આપતો નથી બીજું કાંઈ માગો તો આપું.

સાધુની ભાવના એ કે જેનું ખાધું એનું કલ્યાણ થાઓ.એટલે તેમણે કહ્યું, તારા ઘરે જે પુત્ર આવે તેનું નામ નારાયણ રાખજે. આ અમે માગ્યું!

અજામિલને ત્યાં પુત્રજન્મ થયો. એનું નામ નારાયણ રાખ્યું. છેલ્લી સંતતિમાં માતાપિતાને વિશેષ પ્રેમ હોવાથી અજામિલ વારંવાર નારાયણને બોલાવે છે. આમ નારાયણ નામની ટેવ પડી.

અતિશય પાપી,અતિકામી,પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં. અજામિલનું બાર વર્ષનું આયુષ્ય બાકી હતું,તેમ છતાં યમદૂતો લેવા આવ્યા. અજામિલનો મૃત્યુ કાળ નજીક આવ્યો.પોતાના સૌથી નાના પુત્ર નારાયણમાં તે અતિ આસક્ત એટલે પોતાના પુત્રનું નામ દઈને તે બોલવા લાગ્યો, નારાયણ,નારાયણ.છેલ્લા સંતાન માં મા-બાપનું મન વિશેષ ફસાય છે.રોજની આદત પ્રમાણે અજા મિલ નારાયણ, નારાયણ એમ બે વખતબોલ્યો.તેનો દીકરોનારાયણ તો આવ્યો નહીં,પણ વિષ્ણુદૂતો આવ્યા વિષ્ણુદૂતો યમદૂતોને કહે કે, આને છોડી દો.એ પાપી છે, પણ તેણે ભગવાનનું નામ લઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે.તેનાં થોડાં પાપ બળી ગયાં છે. હવે તેને જીવવા દ્યો. તેના આયુષ્ય ના બાર વર્ષ હજુ બાકી છે.

યમદૂતો કહે છે કે,અજામિલ નારાયણ,નારાયણ કરતો હતો, પણ તે વૈકુંઠવાસી નારાયણ નહીં. એના છોકરાનું નામ નારાયણ છે. એ તો એના દીકરા નારાયણને બોલાવતો હતો.ત્યારે વિષ્ણુદૂતો કહે છે, અજાણતાં પણ પ્રભુનું નામ તેના મુખેથી નીકળ્યું છે. અજાણતાં પણ પગ અગ્નિ ઉપર પડે તો પણ અગ્નિ બાળે છે,પગ દાઝે છે. તે પ્રમાણે અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો કલ્યાણ થાય છે. અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફળ મળે છે. ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય,પણ ભૂખ તો ભાંગે જ છે એમ અજાણપણે પ્રભુનું નામ પણ પાપનો નાશ કરે જ છે. અજામિલ ભલે પોતાના પુત્રને ઉદ્દેશીને નારાયણ,નારાયણ બોલ્યો, પણ અ બહાને તેણે બે વખત ભગવાનનું નામ તો લીધું ને! ગમે તેવા દુરાચારીનો ઉદ્ધાર કરવાની ભગવાનમાં તાકાત છે.

આ બાબતમાં ભાગવત બિલકુલ સ્પષ્ટ છે.તે કહે છે કે,જાણવા વાળાઓ જાણે છે કે,સંકેતમાં,પરિહાસમાં,આલાપમાં અથવા કોઈની અવહેલના કરવામાં પણ જો કોઈ ભગવાનના નામોનું સ્મરણ કરે છે તો તેનાં સઘળાં પાપો નષ્ટ થઈ જાય છે.જે મનુષ્ય પડતી વખતે,પગ લપસી પડે ત્યારે,અંગભંગ થાય ત્યારે, સાપ ડંસે ત્યારે,તાવમાંસપડાયેલો હોય ત્યારે,ચોટ લાગે ત્યારે વગેરે સમયે વ્યાકુળ બની'હરિહરિ'કહી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે,તે નરકની યાતનાને પાત્ર રહેતો નથી.

પડતી વખતે, કાંઈ નુકસાન થાય ત્યારે હાય હાય ન કરો,હરિ હરિ કરો.ઘરમાં દૂધ ઉભરાય ત્યારે માતાજી હાય હાય કરે છે. હાય હાય કરે શું વળવાનું હતું?તેને બદલે હરિ હરિ કરો! અનાયાસે યજ્ઞનું ફળ મળશે.બાકી કોઈ અગ્નિને આહુતિ આપવાના નથી. હાયમાં સહેજ ફેરફાર કરી હરિ હરિ કહો.આથી અનાયાસે નામ સ્મરણ થશે,હરિના નામનો જપ થશે

એક ઋષિ હતા જે ઘાટના કિનારે બેસીને દરરોજ બૂમ પાડતા, 'તમને જે જોઈએ તે મળશે!' ઘણા લોકો ત્યાંથી પસાર થતા, પણ કોઈએ તેમની તરફ ધ્યાન આપ્યું નહીં, અને બધાએ તેમને ગાંડા માન્યા. એક દિવસ, એક યુવાન ત્યાંથી પસાર થયો અને ઋષિનો અવાજ સાંભળ્યો, 'તમને જે જોઈએ તે મળશે!' તે તરત જ તેમની પાસે ગયો.

તેણે ઋષિને પૂછ્યું, 'સાહેબ, તમે કહેતા હતા, 'તમને જે જોઈએ તે મળશે,'તો શું તમે મને જે જોઈએ તે આપી શકો છો?'

ઋષિએ તેમની વાત સાંભળીને કહ્યું, 'હા, દીકરા, હું તમને જે જોઈએ તે ચોક્કસ આપીશ. તમારે ફક્ત મારું પાલન કરવું પડશે.પણ પહેલા,મને કહો કે તમે શું ઈચ્છો છો.' યુવાને કહ્યું, 'મારી એક જ ઈચ્છા છે. હું એક મહાન હીરા વેપારી બનવા માંગુ છું.' ઋષિએ કહ્યું, 'કોઈ વાંધો નહીં. હું તમને એક હીરા અને એક મોતી આપીશ. તેમની મદદ થી, તમે ઈચ્છો તેટલા હીરા અને મોતી બનાવી શકો છો!'અને આટલું કહીને,ઋષિએ તે માણસ ની હથેળી પર હાથ મૂક્યો અને કહ્યું, 'બેટા, હું તને દુનિયાનો સૌથી કિંમતી હીરા આપી રહ્યો છું. લોકો તેને 'સમય' કહે છે. તેને તારી મુઠ્ઠીમાં મજબૂતીથી પકડી રાખ અને તેને ક્યારેય ગુમાવીશ નહીં. તું તેમાંથી ગમે તેટલા હીરા બનાવી શકે છે.'

યુવાન હજુ વિચારી રહ્યો હતો ત્યારે ઋષિએ પોતાની બીજી હથેળી લીધી અને કહ્યું,'બેટા, આને પકડી રાખ.આ દુનિયાનું સૌથી કિંમતી મોતી છે. લોકો તેને 'ધીરજ' કહે છે.જ્યારે પણ સમય આપવા છતાં પરિણામ ન મળે, ત્યારે આ કિંમતી મોતીને પકડી રાખ.યાદ રાખો, જેની પાસે આ મોતી છેતે દુનિયામાં કંઈપણપ્રાપ્ત કરી શકે છે.'યુવકે ઋષિના શબ્દો પર ગંભીરતાથી વિચાર કર્યો અને સંકલ્પ કર્યોકે આજથી તે ક્યારેય પોતાનો સમય બગાડશે નહીં અને હંમેશા ધીરજથી કામ કરશે.આ વિચારને ધ્યાનમાં રાખીને, તેણે એક મોટા હીરાના વેપારી માટે કામ કરવાનું શરૂ કર્યું અને,તેની મહેનત અને પ્રામાણિકતા દ્વારા, એક દિવસ પોતે એક મોટો હીરાનો વેપારી બન્યો.



### ડિરેક્ટરે ફિલ્મની શૂટિંગના ફોટો શેર કર્યા

# ‘બેટલ ઓફ ગલવાન’માં સૈનિકોને ગીત સમર્પિત કરાયું




સલમાન ખાન ‘બેટલ ઓફ ગલવાન’ ફિલ્મને કારણે ચર્ચામાં છે. આ ફિલ્મમાં ભારતીય સેનાને સમર્પિત દેશભક્તિ ગીત રજૂ કરવામાં આવશે.‘મિડ ડે’એ સૂત્રને ટાંકીને લખ્યું, ‘સલમાન ખાન હાલમાં મુંબઈમાં આ દેશભક્તિ ગીતની શૂટિંગ કરી રહ્યો છે. આ ગીતમાં ૬૦થી વધુ બેકગ્રાઉન્ડ ડાન્સર પણ હશે. આ ગીતની કોરિયોગ્રાફી મુદસર ખાને કરી છે.’સલમાન ખાને ગત મહિને ફિલ્મ ‘બેટલ ઓફ ગલવાન’ નું પહેલું શેડ્યૂલ પૂરું કર્યું હતું. ત્યારબાદ, ડિરેક્ટર અપૂર્વ લાખિયાએ ફિલ્મના સેટ પરથી કેટલીક પડદા પાછળની ક્ષણો સોશિયલ મીડિયા પર શેર કરી.આમાં સલમાન સાથેના ઘણા ફોટો અને વીડિયોનો સમાવેશ થાય છે. અપૂર્વએ પોતાની સ્ટોરીમાં જણાવ્યું હતું કે, શૂટિંગ ખૂબ જ મુશ્કેલ હતું, ઠંડીનું વાતાવરણ હતું, સિંધુ નદીમાં ચાલવું પડ્યું હતું અને મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ આ છતાં, આ અનુભવ ટીમ માટે યાદગાર બની ગયો. ફિલ્મનું શૂટિંગ મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે કરવામાં આવ્યું હોવાનું ડિરેક્ટરે જણાવ્યું હતું.આ પહેલા પણ સલમાન ખાનની ફિલ્મના શૂટિંગની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી હતી. આ ફોટોમાં સલમાન ખાન લેહ-લદ્દાખમાં સૈનિકો અને ચાહકો સાથે પોઝ આપતો જોવા મળ્યો હતો. આ ફોટો ફિલ્મના લેહ-લદ્દાખ શેડ્યૂલ દરમિયાન લેવામાં આવ્યા હોવાનું કહેવાય છે.સલમાન ખાને ભારતીય સેનાના જવાનો સાથે ફોટો પડાવ્યો હતો.ફિલ્મનો પહેલો લુક ૯ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થયો હતો, જેમાં તે દમદાર અંદાજમાં જોવા મળ્યો હતો.સલમાને પોતે આ ફોટો તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. ફોટોમાં, તે આર્મી યુનિફોર્મમાં, માથામાંથી લોહી ટપકતું અને મોટી મૂછો સાથે દેશભક્તિના રંગે રંગાયેલો જોવા મળે છે.

**ચાહકોમાં ખુશીની લહેર વ્યાપી** | **દીપિકા પાદુકોણ લાંબા સમયથી હેડલાઇન્સમાં છે**

# વિશ્વના ૬ દેશોમાં મેટા એઆઈનો અંગ્રેજી અવાજ બની દીપિકા પાદુકોણ




બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ લાંબા સમયથી હેડલાઈન્સમાં છે. દરમિયાન, દીપિકાના ચાહકો માટે મોટા સમાચાર આવ્યા છે. અભિનેત્રીએ મેટા એઆઈ સાથે તેના નવા અંગ્રેજી અવાજ તરીકે જોડાણ કર્યું છે, જે સિનેમાથી આગળ તેની વૈશ્વિક હાજરીને વિસ્તૃત કરે છે. દીપિકાએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટ દ્વારા આ સમાચારની જાહેરાત કરી, આ આગામી પેઢીની એઆઈ ટેકનોલોજીને પોતાનો અવાજ આપવા અંગેનો ઉત્સાહ વ્યક્ત કર્યો.દીપિકા પાદુકોણે તેની પોસ્ટમાં લખ્યું હવે હું મેટા એઆઈનો ભાગ છું, અને તમે ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં મારા અવાજ સાથે અંગ્રેજીમાં ચેટ કરી શકો છો.અભિનેત્રીએ વધુમાં ઉમેર્યું, “તેને અજમાવી જુઓ અને મને જણાવો કે તમે શું વિચારો છો!દીપિકાએ પોતાની પોસ્ટ સાથે પોતાનો એક વીડિયો પણ પોસ્ટ કર્યો.દીપિકાનો મેટા એઆઈ સાથેનો સહયોગ છ મુખ્ય અંગ્રેજી બોલતા પ્રદેશોમાં ફેલાયેલો છેઃ ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ. આનાથી તે થોડા વૈશ્વિક સેલિબ્રિટીઓમાંની એક બને છે જેમનો અવાજ મેટાના વાતચીત એઆઈ પ્લેટફોર્મમાં સંકલિત છે.

### છૂટાછેડાની અટકળો પર ગોવિંદાએ મૌન તોડ્યું

# સુનિતા બાળકી જેવી છે, મેં તેની ઘણી ભૂલો માફ કરી’



### ગોવિંદાએ આખરે સુનિતા આહુજા સાથે પોતાના લગ્ન અંગે ઉડેલી અફવાઓ અંગે પોતાની પ્રતિક્રિયા આપી

થોડા સમય પહેલા ગોવિંદા અને તેમની પત્ની સુનીતા આહુજાના તલાકની અફવા ફેલાઈ હતી. હકીકતમાં આ વર્ષની શરુઆતમાં એવા સમાચાર આવ્યા હતા કે, ૩૮ વર્ષ સાથે રહ્યા બાદ આ કપલ અલગ થવાની તૈયારીમાં છે. તો હવે બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ગોવિંદાએ આખરે સુનિતા આહુજા સાથે પોતાના લગ્ન અંગે ઉડેલી અફવાઓ કાજોલ અને ટ્વિંકલ ખન્ના સાથે ટોક શો ‘ટૂ મચ‘ માં પોતાની પ્રતિક્રિયા આપી હતી. આ દરમિયાન પહેલીવાર તેમણે પોતાની પત્ની સુનિતા સાથે પોતાની સંબંધો અને પોતાની સમજણ વિશે ખુલ્લીને વાત કરી હતી. ‘સુનિતા એક બાળક જેવી છે, પરંતુ તેને જે જવાબદારી આપવામાં આવી, તેણે અમારા ઘરને સંભાળી શકી, કારણે કે જેવી છે તેવી જ છે, તે એક ઈમાનદાર છે, તેની વાતો ક્યારેય ખોટી નથી હોતી. બસ તે એવી વાતો કહી દે છે, જે તેણે ન કરવી જોઈએ.’ ‘પુરુષો સાથે પ્રોબલેમ એ છે કે, તેઓ એ પ્રકારનું નથી વિચારતા. મારું હંમેશા એવું માનવું છે કે, પુરુષો ઘર ચલાવે છે, પણ મહિલાઓ આખી દુનિયા ચલાવે છે.’જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું સુનિતા ઘણીવાર તેની ભૂલો વિશે જણાવે છે, ત્યારે ગોવિંદાએ તેની લાક્ષણિક શૈલીમાં જવાબ આપ્યો કે, ‘તેણે પોતે ઘણી ભૂલો કરી છે... મેં તેને અને તેના આખા પરિવારને ઘણી વાર માફ કરી દીધો છે.’તેમણે કોઈપણ લાંબા ગાળાના સંબંધમાં આવતા ઉતાર-ચઢાવ તરફ ધ્યાન દોરતા કહ્યું કે, ‘ક્યારેક -ક્યારેક, મને લાગે છે કે, આપણે તેમના પર વધુ પડતાં નિર્ભર બની જઈએ છીએ. ખાસ કરીને જો તમારી માતા તમારી સાથે ન હોય, તો તમે તમારી પત્ની પર વધુ નિર્ભર બની જાઓ છો. અને જેમ જેમ સમય વીતતો જાય છે, તેમ તમને માતાની જેમ ઠપકો આપવાનું શરૂ કરે છે.



# સેટ નજીક બોમ્બ ફૂટી રહ્યા હતા, અમે ભાગી જવા ધમકી મળતી હતી

### અભિનેતા પરીક્ષિત સાહનીએ “૩ ઇડિયટ્સ,” “સુલતાન,” અને “પીકે” જેવી ફિલ્મોમાં યાદગાર ભૂમિકાઓ ભજવી છે

જાણીતા પીઢ અભિનેતા પરીક્ષિત સાહનીએ “૩ ઈડિયટ્સ,” “સુલતાન,” અને “પીકે” જેવી ફિલ્મોમાં યાદગાર ભૂમિકાઓ ભજવી છે. ૧૯૮૭ માં, તેમણે “ગુલ ગુલશન ગુલફામ“ નામની ટીવી સિરિયલમાં અભિનય કર્યો હતો. આ શો એક કાશ્મીરી પરિવારના જીવન પર આધારિત હતો. આ સિરિયલના શૂટિંગમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, કારણ કે તે સમયે કાશ્મીરી પંડિતો પર હુમલાઓ વધી ગયા હતા, જેના કારણે હત્યાઓ થઈ હતી. પરીક્ષિતે એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેમને શ્રીનગર કેવી રીતે છોડવું પડ્યું.પરીક્ષિત સાહનીએ “ગુલ ગુલશન ગુલફામ“ સિરિયલના શૂટિંગ દરમિયાન તેમને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો તેનું વર્ણન કર્યું. પરીક્ષિતે કહ્યું, “મને યાદ છે કે જ્યારે અમે શૂટિંગ કરી રહ્યા હતા, ત્યારે તળાવની બાજુમાં રસ્તા પર બોમ્બ ફૂટી રહ્યા હતા. અમને કહેવામાં આવ્યું હતું કે અમે પેકઅપ કરીને નીકળી જાઓ નહીંતર અમે તમને મારી નાખીશું. અમારે શ્રીનગર છોડીને ફિલ્મ સિટીમાં શ્રીનગરનો સેટ બનાવવો પડ્યો. તેનું શૂટિંગ ખૂબ સારી રીતે કરવામાં આવ્યું હતું અને સેટ એટલો સુંદર હતો કે લોકો તફાવત જોઈ શકતા ન હતા.’’પરીક્ષિત સાહની કાશ્મીરમાં રહ્યા છે, તેથી તેમને આ પાત્ર ભજવવામાં બહુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નથી. તેમણે સમજાવ્યું કે તેઓ કાશ્મીરમાં ઘણો સમય રહ્યા છે અને તેમણે ભજવેલા પાત્રમાં બિલકુલ અભિનય કર્યો નથી. તેઓ કાશ્મીરી ભાષા સારી રીતે જાણતા હતા. મને શિકારા પર સવારી કેવી રીતે કરવી તે ખબર હતી. હું તે સ્થળ અને પાત્રથી પરિચિત હતો, તેથી તે ખૂબ જ સ્વાભાવિક રીતે આવ્યું.

**૨૦૨૫ ની ૮મી સૌથી મોટી બોલીવુડ ફિલ્મ બની**

# જોલી એલએલબી ૩ આમિર ખાનનો ૧૭ વર્ષ જૂનો રેકોર્ડ તોડે તો નવાઈ નહી

### ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ હતી અને છેલ્લા ૨૭ દિવસથી સતત મજબૂત કમાણી કરી રહી છે




જોલી એલએલબી ૩’ બોક્સ ઓફિસ પર અટકવાના કોઈ સંકેત દેખાતા નથી.અક્ષય કુમાર અને અરશદ વારસી અભિનીત આ ફિલ્મ હવે ૨૦૨૫ ની ૮મી સૌથી મોટી ફિલ્મ બની ગઈ છે. અક્ષય કુમારની ફિલ્મે આસમાની રેકોર્ડ તોડી નાખ્યો છે અને હવે આમિરનો ૧૭ વર્ષ જુનો રેકોર્ડ તોડે તો નવાઈ નહી.‘જોલી એલએલબી ૩’ તેના થિયેટર રિલીઝને એક મહિનો પૂર્ણ કરવા જઈ રહી છે. આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ હતી અને છેલ્લા ૨૭ દિવસથી સતત મજબૂત કમાણી કરી રહી છે. અક્ષય કુમાર અને અરશદ વારસીની ફિલ્મ ‘જોલી એલએલબી ૩’ નવી ફિલ્મો રિલીઝ થવા છતાં પણ મજબૂત કલેક્શન જાળવી રહી છે. હવે, ફિલ્મે વધુ એક રેકોર્ડ તોડી નાખ્યો છે. ‘જોલી એલએલબી ૩’ એ તેના પહેલા અઠવાડિયામાં ૭૪ કરોડની કમાણી કરી.બીજા અઠવાડિયામાં, અક્ષય કુમાર અને અરશદ વારસી અભિનીત ફિલ્મે ૨૯ કરોડની કમાણી કરી. ત્રીજા અઠવાડિયામાં ભારતીય બોક્સ ઓફિસ પર ૭.૩ કરોડની કમાણી કરી અને ફિલ્મે ૨૨મા દિવસે ૫૦ લાખ, ૨૩મા દિવસે ૧ કરોડ અને ૨૪મા દિવસે ૧.૧૫ કરોડની કમાણી કરી.“જોલી એલએલબી ૩ નું કુલ ૨૭ દિવસનું કલેક્શન હવે ૧૧૩.૯૫ કરોડ છે. આ ફિલ્મે કમાણીની દ્રષ્ટિએ અગાઉના વર્ષની સ્કાય ફોર્સને પાછળ છોડી દીધી છે. અક્ષય કુમાર અને વીર પહાડિયા અભિનીત આ ફિલ્મે ભારતમાં ૧૧૩.૬૨ કરોડ કલેક્શન કર્યા હતા. જોકે, આ આંકડાને વટાવીને, “જોલી એલએલબી ૩” હવે ૨૦૨૫ ની ૮મી સૌથી મોટી બોલીવુડ ફિલ્મ બની ગઈ છે.“જોલી એલએલબી ૩” હવે આમિર ખાનની બ્લોકબસ્ટર ફિલ્મ “ગજની” ને નિશાન બનાવી રહી છે. ૨૦૦૮ માં રિલીઝ થયેલી આ ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ૧૧૪ કરોડની કમાણી કરી હતી.



### સબા આઝાદ સંપૂર્ણપણે ટ્રેડિશનલ લુકમાં જોવા મળી

# ઋતિક રોશને ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે પાર્ટીમાં પહોંચી લુટી મહેફિલ

બોલીવુડ કપલ ઋતિક રોશન અને સબા આઝાદે તાજેતરમાં ફિલ્મ નિર્માતા રમેશ તૌરાનીની દિવાળી પાર્ટીમાં હાજરી આપી હતી. આ કપલે સાથે મળીને ખૂબ જ સુંદર પોઝ આપ્યા હતા. દિવાળી નજીક આવતાની સાથે, બોલિવૂડ સેલિબ્રિટીઓ દરરોજ દિવાળી પાર્ટીઓનું આયોજન કરી રહ્યું છે. ફિલ્મ નિર્માતા રમેશ તૌરાનીએ દિવાળી પાર્ટીનું આયોજન કર્યુ હતું, જેમાં અભિનેતા ઋતિક રોશન તેની ગર્લફ્રેન્ડ અને અભિનેત્રી સબા આઝાદ સાથે જોવા મળ્યો હતો.ફિલ્મ નિર્માતા રમેશ તૌરાનીની દિવાળી પાર્ટીમાં ઘણા મોટા સ્ટાર્સ હાજર રહ્યા હતા. ઋતિક રોશન પણ તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે ખાસ હાજર રહ્યા હતા.દિવાળી પાર્ટીમાં ઋતિક રોશન ઓલ બ્લેક લુકમાં જોવા મળ્યો હતો. મેચિંગ પેન્ટ અને શૂઝ સાથે બ્લેક સાટિન શર્ટ પહેરીને તે ખૂબ જ ડેશિંગ દેખાતો હતો.બીજી તરફ, સબા આઝાદ સંપૂર્ણપણે ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. તેણીએ ઈવેન્ટ માટે ઓફ-વ્હાઈટ શરારા સૂટ પહેર્યો હતો.સબાના સફેદ શરારા સૂટમાં ભારે ગોલ્ડન મિરર વર્ક હતું. ઈવેન્ટ દરમિયાન, સબા હાથમાં મેચિંગ પોટલી પહેરીને જોવા મળી હતી. સબાએ વાળ કર્લિંગ કરતી વખતે ખુલ્લા રાખ્યા હતા. તેણે મેચિંગ ઈયરિંગ્સ અને મિનિમલ મેકઅપ સાથે પોતાનો લુક ફાઈનલ કર્યો હતો. ફિલ્મ નિર્માતા રમેશ તૌરાનીએ દિવાળી પાર્ટીનું આયોજન કર્યુ હતું, જેમાં અભિનેતા ઋતિક રોશન તેની ગર્લફ્રેન્ડ અને અભિનેત્રી સબા આઝાદ સાથે જોવા મળ્યો હતો.ફિલ્મ નિર્માતા રમેશ તૌરાનીની દિવાળી પાર્ટીમાં ઘણા મોટા સ્ટાર્સ હાજર રહ્યા હતા.

**સબાએ વાળ કર્લિંગ કરતી વખતે ખુલ્લા રાખ્યા હતા, તેણે મેચિંગ ઇયરિંગ્સ અને મિનિમલ મેકઅપ સાથે પોતાનો લુક ફાઇનલ કર્યો હતો**

### ‘હું નિર્દોષ છું, મને ખોટી રીતે ફસાવવામાં આવ્યો હતો’ : એલ્વિશ

# પૂર્વ ‘બિગ બોસ’ વિજેતા એલ્વિશ યાદવની મુશ્કેલી વધી

### ગીતમાં સાપનો ઉપયોગ કરવાના કેસમાં યુટ્યુબર, સિંગર રાહુલ ફાજિલપુરિયા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ યુટ્યુબર અને ‘બિગ બોસ OTT 2’ વિજેતા એલ્વિશ યાદવ અને સિંગર રાહુલ ફાજિલપુરિયા વિરુદ્ધ ખાસ PMLA કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે, જેમના પર તેમના ગીતોમાં સાપનો ઉપયોગ કરીને વન્યજીવન સંરક્ષણ કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે.આ કેસમાં ચંદીગઢ સ્થિત મ્યુઝિક કંપની સ્કાય ડિજિટલને પણ સહ-આરોપી બનાવવામાં આવી છે. ED આ કેસમાં પહેલાથી જ બંનેની 55 લાખની મિલકત જપ્ત કરી ચૂકી છે.વાસ્તવમાં, ભૂતપૂર્વ સાંસદ અને પ્રાણી અધિકાર કાર્યકર્તા મેનકા ગાંધીના સંગઠન ‘પીપલ ફોર એનિમલ્સ’ના કાર્યકર સૌરભે પાર્ટીઓ અને ગીતોમાં સાપના ગેરકાયદેસર ઉપયોગ અંગે ફરિયાદ નોંધાવી હતી.એલ્વિશ યાદવ પર તેની પાર્ટી અને ગીતોમાં સાપનો ઉપયોગ કરવાનો આરોપ હતો.નોઈડાના રહેવાસી સૌરભની ફરિયાદના આધારે 2 નવેમ્બર 2023 ના રોજ એલ્વિશ યાદવ સહિત છ વ્યક્તિઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. તપાસ બાદ, નોઈડા પોલીસે 17 માર્ચ, 2024 ના રોજ એલ્વિશ યાદવની ધરપકડ કરી હતી. ચાર્જશીટમાં જણાવાયું છે કે, ‘સ્કાય ડિજિટલ’ આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ હતું અને તેણે સ્પોન્સર કરવામાં અથવા ટેકનિકલ સપોર્ટ પૂરો પાડવામાં ભૂમિકા ભજવી હોઈ શકે છે.ED એ તેની તપાસમાં શોધી કાઢ્યું કે, આ પ્રવૃત્તિમાંથી મળેલી રકમ મિલકતમાં રોકાણ કરવામાં આવી હતી, જેના પગલે 55 લાખની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. ‘પીપલ ફોર એનિમલ્સ’ના સભ્ય સૌરભે આ કાર્યવાહીનું સ્વાગત કર્યું.



# ઝાલોદ નગરમાં શ્રી રમેશભાઈ ઓઝાની ભાગવત સપ્તાહના આયોજનની પૂર્વ તૈયારી માટે પ્રફુલભાઈ દવે ( ઓબઝર્વ ) પધાર્યા



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ નગરમાં ૨૫ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી શ્રી રમેશભાઈ ઓઝાની ભાગવત સપ્તાહ અંકુરભાઈ દિલીપભાઈ પટેલ તેમના પિતા સ્વ: દિલીપભાઈ શિવાભાઈ પટેલના સ્મણોંથે પ્રભુતા પાર્ટી પ્લોટની પાછળ નારાયણી સ્કૂલ પાસે યોજવામાં આવનાર છે. આ ભાગવત સપ્તાહનો લાભ મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો લે તેની પૂર્વ તૈયારી, રૂપરેખા નક્કી કરવા તેમજ આયોજન અર્થે માર્ગદર્શન આપ વા માટે આજરોજ ૧૭-૧૦-૨૦૨૫ શુક્રવાર અગ્યારસના પવિત્ર દિવસે શ્રી રમેશભાઈ ઓઝાની કથાના ઓબઝર્વ પ્રફુલભાઈ દવે આવેલ હતા. તેઓ દ્વારા કથા સ્થળનુ નિરીક્ષણ કરવા તેમજ આયોજક કમિટી સાથે આયોજન હેતુ ચર્ચા કરવા પધારેલ હતા. તેઓ દ્વારા ભાગવત સપ્તાહના આયોજન માટે અલગ અલગ સુઝાવો આપી માર્ગદર્શન આપેલ હતું. આ કથામાં ૨૫-૧૨-૨૦૨૫ ના રોજ ભવ્ય પોથીયાત્રા ,૨૮-૧૨-૨૦૨૫ ના રોજ કૃષ્ણ જન્મોત્સવ, ૨૯-૧૨-૨૦૨૫ ના રોજ ગોવર્ધન પૂજા, ૩૦-૧૨-૨૦૨૫ ના રોજ રુકમણી વિવાહ યોજાનાર છે. ઝાલોદ નગર રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર પર આવેલ હોવાથી આ કથાનો લાભ લેવા મોટા પ્રમાણમાં આવનાર છે જેને લઈ આ કથા દરમ્યાન નાનામાં નાની વ્યવસ્થા સારી અને સુંદર રીતે થાય તે હેતુથી કથાની આયોજન સમિતિ તેમજ નગરજનો સાથે મીટીંગ યોજી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

# સરકારી સબસિડીના ઘઉં-ચોખા બારોબાર વેચાયા, બોટાદના વાઢાળાચોકમાંથી ગેરકાયદે જથ્થો ઝડપાયો

## આ ગેરકાયદેસર પ્રવૃત્તિ જાહેર વિતરણ વ્યવસ્થાનો દુરુપયોગ કરી ગરીબોના હકનું અનાજ છીનવી લેવા સમાન છે

। (પોસ્ટ) બોટાદ, તા.૧૭ ।


ગુજરાત સરકારની જાહેર વિતરણ પ્રણાલી (PDS) હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને વિતરણ કરવાના હેતુથી આપવામાં આવતા ઘઉં અને ચોખાનો ગેરકાયદેસર જથ્થો બોટાદ શહેર માંથી ઝડપાયો છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે બોટાદના વાઢાળાચોક વિસ્તારમાં એક મકાનમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે ૩૪૮ કિલો ઘઉં અને ૧૬૭ કિલો ચોખા સહિત કુલ ૫૧૫ કિલો જેટલો ગેરકાયદેસર અનાજનો જથ્થો જપ્ત કર્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ આ જથ્થો રેશનકાર્ડ ધારક લાભાર્થીઓ પાસેથી ઓછી કિંમતે ખરીદીને તેને કાળાબજારમાં વેચવાનું કાવતરું હોવાનું જણાઈ રહ્યું છે. જપ્ત કરાયેલા ગેરકાયદેસર અનાજના જથ્થાની તપાસમાં એક ચોંકાવનારી વિગત સામે આવી છે. આ જથ્થો બોટાદ નજીકના ગઢડા વિસ્તારમાંથી લાવવામાં આવ્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. આ અનાજ કૌભાંડમાં સંડોવાયેલા તત્વો દ્વારા સબસિડીવાળા અનાજને રેશનકાર્ડ લાભાર્થીઓ પાસેથી સસ્તા ભાવે ખરીદી લેવામાં આવે છે અને ત્યારબાદ તેને ઊંચા ભાવે બહારના બજારમાં વેચીને મોટો નફો કમાવવાનું રેકેટ ચલાવતા હોવાની શંકા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ જાહેર વિતરણ વ્યવસ્થાનો દુરુપયોગ કરી ગરીબોના હકનું અનાજ છીનવી લેવા સમાન છે. ગેરકાયદેસર ઘઉં અને ચોખાનો આટલો મોટો જથ્થો મળી આવતા પોલીસે તાત્કાલિક સમગ્ર જથ્થાને સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કૌભાંડમાં કોણ કોણ સંડોવાયેલું છે, ગઢડામાંથી આ જથ્થો કોણે વેચ્યો હતો અને બોટાદમાં તેને ક્યાં સંગ્રહિત કરવામાં આવ્યો હતો, તેની સઘન તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. પોલીસ હવે રેશનકાર્ડના તે લાભાર્થીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે, જેમણે કાયદાનું ઉલ્લંઘન કરીને પોતાના હકનું સબસિડીવાળું અનાજ વેચી દીધું છે. આ તપાસ દ્વારા સમગ્ર કાળાબજારના નેટવર્કનો પર્દાફાશ થવાની શક્યતા છે.

# લાલપુરના મેઘપર ગામમાંથી વધુ એક ડીગ્રી વગરનો બોગસ તબીબ ઝડપાયો

। (પ્રતિનિધી) જામનગર, તા.૧૭ ।

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર ગામમાં એસ.ઓ.જી. શાખાની ટુકડીએ ચેકિંગ હાથ ધરી, વધુ એક બોગસ તબીબને ઝડપી લીધો છે. જે પોતાની પાસે કોઈપણ પ્રકારની ડીગ્રી ધરાવતો ન હોવા છતાં ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો. જેની અટકાયત કરી લેવામાં આવી છે જામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડી દ્વારા લાલપુર તાલુકાના મેઘપર ગામમાં ગરીબોની વસાહતોની વચ્ચે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન ઉપરોક્ત સ્થળે ઓરડી ભાડે રાખીને ગેરકાયદે દવાખાનું ચલાવતો મૂળ પશ્ચિમ બંગાળનો વતની મહંતા પશુપતિનાથ બીશ્વાસ નામનો શખ્સ મળી આવ્યો હતો. જેના દવાખાનાની ચકાસણી કરતાં તેની પાસે કોઈપણ પ્રકારની મેડિકલ પ્રેક્ટિસની ડીગ્રી ન હોવા છતાં પોતે ગરીબ દર્દીઓને તપાસીને તેને દવા આપી આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો. આથી એસ.ઓ.જી. ની ટુકડીએ તેની અટકાય કરી લઈ પડાણા પોલીસ મથકમાં તેની સામે મેડિકલ પ્રેક્ટીશનર એકટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે.

# દેવગઢ બારીઆ નગર પાલિકા પ્રમુખ સામે કરવામા આવેલ અવિશ્વાસ દરખાસ્ત સામે પક્ષ વિરુદ્ધ મતદાન કરતા ૬ નગર પાલિકા સભ્યો કરવામા આવ્યા સસ્પેન્ડ



ભારતીય જનતા પાર્ટી
દાહોદ જીલ્લા
" શ્રી કમલમ્ ", ઝાલોદ રોડ, શ્રી સાંઇ પેટ્રોલ પંપની પાછળ, છાપરી, દાહોદ – ૩૮૯૧૫૧
Email : bjpofficedahod@gmail.com

તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

તા : ૧૭-૧૦-૨૦૨૫

પ્રેસનોટ

આજ રોજ દેવગઢબારીઆ નગરપાલિકાનાં પ્રમુખશ્રી ધર્મેશભાઈ કલાલ વિરુધ્ધ દેવગઢબારીઆ નગરપાલિકાના અપક્ષ સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત રજુ કરવામાં આવેલ.ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશની સુચના અનુસાર પાર્ટીના અધિકૃત વ્યક્તિને વ્હીપ/મેન્ડેટ ની બજવણી કરવા મોકલેલ. જેમા નીચે મુજબના ભારતીય જનતા પાર્ટીના સદસ્યશ્રીઓએ વ્હીપ/મેન્ડેટ લેવાનો ઈનકાર કરી ભારતીય જનતા પાર્ટી દેવગઢબારીઆ નગરપાલિકાના પ્રમુખશ્રી સામે અવિશ્વાસની તરફેણમાં મતદાન કરી પાર્ટીની શિસ્ત અને અનુશાસન,આદર્શોનું ઉલ્લઘન કરેલ છે.જેથી નીચે મુજબના ભારતીય જનતા પાર્ટીના દેવગઢબારીઆ નગરપાલિકાના સદસ્યોશ્રીઓની ભારતીય જનતા પાર્ટીની તમામ સદસ્યતા તથા હોદ્દાઓ ઉપરથી તાત્કાલિક અસરથી આગામી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | શ્રી નીલ રશ્મીકાંત સોની |
| ૨ | શ્રી ગોપાલસિંહ મનહરસિંહ ઝાલા |
| ૩ | શ્રીમતિ નિધિ અક્ષયકુમાર જૈન |
| ૪ | શ્રીમતિ સરલાબેન રાજેશભાઈ મેડા |
| ૫ | શ્રીમતિ અરુણાબેન જ્યેશભાઈ પરમાર |
| ૬ | શ્રી પ્રક્ષેશભાઈ રમણભાઈ મોહનીયા |

# વડોદરા કોર્પોરેશને પગાર અને પેન્શાન પેટે ૬૫ કરોડનું પેમેન્ટ કરી દીધું

। (માહિતી) વડોદરા, તા.૧૭ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને તેના તમામ કર્મચારીઓ અને પેન્શનરોને પેન્શન તથા પગાર પેટે ૬૫ કરોડ રૂપિયાનું પેમેન્ટ કરી દીધું છે. વર્ગ ચારના કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે ૩૦ દિવસ લેખે બોનસનું ચુકવણું બે દિવસમાં કરી દેવામાં આવશે. બોનસ પેટે કોર્પોરેશન અંદાજે ત્રણ કરોડનું ચુકવણું કરશે. સામાન્ય રીતે કોર્પોરેશન દર મહિનાના આખરમાં પગારનું પેમેન્ટ કરતું હોય છે, પરંતુ દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને આ વખતે દશપંદર દિવસ વહેલા પેમેન્ટ કરી દીધું છે. કોર્પોરેશનના કર્મચારીઓ અને પેન્શનરો મળીને આશરે ૧૫ હજારની સંખ્યા થાય છે.રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓના ડીએમાં ૩% નો વધારો કર્યો છે. વડોદરા કોર્પોરેશનના કર્મચારીઓને પણ આનો લાભ મળવાનો હોવાથી ડીએનએ વધારાના ડીફરન્સનું ચુકવણું આ મહિનાના અંત સુધીમાં કરી દેવામાં આવશે. ડીએના ડીફરન્સ તરીકે કોર્પોરેશન ચાર કરોડનું પેમેન્ટ કરશે. ડીએમાં વધારો થતાં કોર્પોરેશન માટે દર મહિને એક કરોડનો નાણાકીય બોજ વધશે. કોર્પોરેશન દ્વારા પગાર પેન્શનના પેમેન્ટની સાથે સાથે ઈજારદારોના બિલોનું પણ પેમેન્ટ ચાલુ કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા કોર્પોરેશનના કર્મચારીઓને પણ આનો લાભ મળવાનો હોવાથી ડીએનએ વધારાના ડીફરન્સનું ચુકવણું આ મહિનાના અંત સુધીમાં કરી દેવામાં આવશે. ડીએના ડીફરન્સ તરીકે કોર્પોરેશન ચાર કરોડનું પેમેન્ટ કરશે. ડીએમાં વધારો થતાં કોર્પોરેશન માટે દર મહિને એક કરોડનો નાણાકીય બોજ વધશે. કોર્પોરેશન દ્વારા પગાર પેન્શનના પેમેન્ટની સાથે સાથે ઈજારદારોના બિલોનું પણ પેમેન્ટ ચાલુ કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે.

# વડોદરાના કરજણમાં બેકાબૂ ટ્રક ઘરમાં ઘૂસ્યો, વડોદરાના કરજણમાં બેકાબૂ ટ્રક ઘરમાં ઘૂસ્યો

। (માહિતી) વડોદરા, તા.૧૭ ।

વડોદરાના કરજણમાં બેકાબૂ ટ્રક ઘરમાં ઘૂસ્યો હોવાની વાત સામે આવી છે, રેતી ભરેલો ટ્રક રોડની સાઈડના ઘરમાં ઘૂસ્યો છે અને ફુલ સ્પીડમાં આ ટ્રક ઘૂસતા દોડધામ મચી હતી,

આ સમગ્ર કેસમાં પોલીસે ગુનો નોંધ્યો અને ટ્રક ચાલકની અટકાયત કરી છે, ઘરની બહાર એક પશુ હતુ તેનું પણ મોત થયું હોવાની વાત સામે આવી છે.વડોદરાના કરજણમાં બેકાબૂ ટ્રક ઘરમાં ઘૂસ્યો હોવાની વાત સામે આવી છે, કરજણ નારેશ્વર પાલેજ રોડ ઉપર આ અકસ્માત થયો હોવાની વાત સામે આવી છે, રોડ ઉપર બેકાબૂ બનેલ ટ્રક ઘરમાં ઘૂસી જતા લોકોમાં પણ દોડધામ મચી હતી, અકસ્માતને લઈ સ્થાનિકોએ હંગામો મચાવ્યો હતો અને રોડ ઉપર બેસી રોડ બંધ કરાવ્યો હતો, અવરનાવર રેતીના ધમધમતા વાહનોથી સર્જાય છે અકસ્માત તેવો આક્ષેપ સ્થાનિકોનો છે, સ્થાનિકોનું કહેવુ છે કે, વારંવાર આ રોડ પર અકસ્માત સર્જાતા હોય છે.

વડોદરાના કરજણ પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૨ના મોત થયા હતા. કરજણ પાસેના લાકોદરા નજીક ૨ ખાનગી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ઘટનાના પગલે પોલીસ સહિત સ્થાનિક લોકો સ્થળ પર ધસી ગયા હતા.

# અમદાવાદ મંડળે ફેસ્ટિવલ સીઝન દરમિયાન ભીડ નિયંત્રણ માટે લીધા વ્યાપક પગલાં

। (રેલવે) અમદાવાદ, તા.૧૭ ।



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા આવનારા દિવાળી અને છઠ પૂજા તહેવાર દરમિયાન મુસાફરોની અવરજવરમા શક્ય ભારે વધારો ધ્યાનમાં રાખીને સુરક્ષિત, સુચારૂ અને કાર્યક્ષમ રેલવે સંચાલન સુનિશ્ચિત કરવા માટે વ્યાપક ભીડ વ્યવસ્થાપન અને મુસાફર સુવિધા માટેના પગલાં લેવામાં આવ્યા છે. આ અંતર્ગત અમદાવાદ, અસારવા, સાબરમતી અને ગાંધીધામ સ્ટેશનો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ, અસારવા અને સાબરમતી સ્ટેશનો પર ૨૪૮૭ અધિકારીઓની દેખરેખ હેઠળ વ્યાપક મોનિટરિંગની વ્યવસ્થા કરવામાં આવી છે જેથી કોઈ પણ પરિસ્થિતિમાં ત્વરિત કાર્યવાહી કરી શકાય. અમદાવાદ સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે સરસપુર તરફ ૩૨૩૦ ચોરસ ફૂટ અને પ્લેટફોર્મ નં. ૦૧ તરફ ૮૦૭૨ ચોરસ ફૂટના પેસેન્જર હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે, જેમાં પૂરતી બેસવાની સુવિધા, શુદ્ધ પીવાનું પાણી, પ્રકાશ, પંખા, શૌચાલય તેમજ જાહેર જાહેરાત પ્રણાલી જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સાબરમતી સ્ટેશન પર નવનિર્મિત બિલ્ડિંગમાં ટિકિટ કાઉન્ટર તેમજ ૪ થી ૫ હજાર મુસાફરો માટે બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રવેશ અને નીકળવાના દરવાજા અલગ રાખવામાં આવ્યા છે જેથી અવરજવરનો પ્રવાહ સરળ રહે. ૧૫ થી ૨૮ ઑક્ટોબર ૨૦૨૫ દરમિયાન તબીબી ટીમની તૈનાતી પણ રાખવામાં આવી છે જેથી કોઈ પણ આકસ્મિક પરિસ્થિતિમાં ત્વરિત સારવાર મળી શકે. ભીડ નિયંત્રણ અને યાત્રી સુવિધા માટે વધારાના ટિકિટ બુકિંગ કાઉન્ટર શરૂ કરવામાં આવ્યા છે. લાઈન વ્યવસ્થાપન, યાત્રી સહાય અને સુરક્ષા માટે વધારાના ટિકિટ તપાસ કર્મચારી અને RPF સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે. રાહ જોતા યાત્રીઓ માટે સ્ટેશનો પર આવરિત હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે જેથી ટ્રેનના પ્રસ્થાન સુધી યાત્રીઓ આરામથી રહી શકે. રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા ફરજ દરમિયાન વૉકી-ટૉકી અને બોડી-વૉર્ન કેમેરાનો ઉપયોગ કરીને સતત ડિજિટલ સંચાર જાળવવામાં આવી રહ્યો છે. તે ઉપરાંત ઝઝ્રફ દ્વારા ૨૪ કલાક દેખરેખ રાખવામાં આવી રહી છે. અમદાવાદ મંડળ કચેરીમાં 'વૉર રૂમ' (War Room) સ્થાપિત કરવામાં આવ્યો છે, જ્યાંથી તમામ સ્ટેશનો સાથે વાસ્તવિક સમયના સંકલન દ્વારા પરિસ્થિતિની દેખરેખ અને તાત્કાલિક કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. આ સુવિધાઓના માધ્યમથી પશ્ચિમ રેલવેનો અમદાવાદ મંડળ યાત્રીઓને તહેવારના દિવસોમાં પણ સુરક્ષિત, આરામદાયક અને સમયસર મુસાફરીની ખાતરી આપે છે. આ ઉપાયો યાત્રીઓને લાંબી કતારો, અનાવશ્યક ભીડ અને અસુવિધાથી રાહત આપશે તેમજ સ્ટેશન પર સુરક્ષા અને સ્વચ્છતા સ્તર પણ વધારશે. પશ્ચિમ રેલવેનો અમદાવાદ મંડળ યાત્રીઓને વિનંતી કરે છે કે તેઓ સ્ટેશન પર નિર્ધારિત હોલ્ડિંગ એરિયાનું ઉપયોગ કરે અને સુરક્ષા કર્મીઓ તથા રેલવે કર્મચારીઓના માર્ગદર્શનનું પાલન કરે જેથી દરેક યાત્રી માટે મુસાફરીનો અનુભવ સુખદ અને સુરક્ષિત બની રહે.

# નારાયણી હોસ્પિટલના ડો. કુંતલબા જાડેજા અને ડો.ચેતનાબા જાડેજાનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો ઓપેરેટિવ હાઉસિંગ સોસાયટી દ્વારા સન્માન

। અમદાવાદ, તા.૧૭ ।



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી દ્વારા તાજેતરમાંજ ડો. કુંતલબા જાડેજા અને ડો. ચેતનાબા જાડેજાનો સન્માન સમારોહ યોજાઇ ગયો. મેડિકલ સાયન્સ ક્ષેત્રે યશસ્વી કારકિર્દી ધરાવતાં આ બંને બહેનો સમાજલક્ષી સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહ્યા છે.એમનાં અભ્યાસ અને કારકિર્દી વિશે જોઈએ તો, ડો. કુંતલબા જાડેજા ફીટલ મેડિસિન એક્સપર્ટ છે અને ડો. ચેતનાબા જાડેજા પેઈન ફિઝિશિયન છે. અને તેઓ બંને પોતપોતાના ક્ષેત્રે પોતાની નારાયણી હોસ્પિટલમાં સેવા આપી રહ્યાં છે, જે નારાયણી હોસ્પિટલે આઠ વર્ષ પૂર્ણ કરીને નવમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. જે આનંદની બાબત છે.

ડો. કુંતલબા જાડેજાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટની પી. ડી. યુ. મેડિકલ કોલેજમાંથી સ્નાતકની અને સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર માંથી અનુસ્નાતકની પદવી મેળવી છે. એટલું જ નહીં તેઓ ત્યારબાદ લંડન ગયાં અને ફીટલ મેડિસિનમાં ફેલોશિપ મેળવી ને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભારતમાં આવીને એ ક્ષેત્રે કાર્યરત્ રહ્યા છે. ડો. કુંતલબા જાડેજા રાજકોટમાં ૧૬ વર્ષથી કાર્યરત છે નોંધનીય વાત એ છે કે તેમણે રાજકોટમાં ફીટલ મેડિસિન એક્સપર્ટ તરીકે સારી એવી નામના અને લોકચાહના મેળવી છે. ડો.ચેતનાબા જાડેજાએ બરોડા મેડિકલ કોલેજમાંથી સ્નાતકની પદવી મેળવી છે અને અનુસ્નાતકની પદવી તો તેમણે ગુજરાતની ખ્યાતનામ કોલેજ - બી. જે. મેડિકલ કોલેજમાંથી મેળવેલ છે. તેઓ સૌરાષ્ટ્રના સિનિયર પેઈન ફિઝિશિયન છે અને છેલ્લા ૨૫ વર્ષથી મેડિકલ ફિલ્ડ માં કાર્યરત છે. મેડિકલ ક્ષેત્રે આગવું કામ કરી રહેલ આ બંને ડોકટર બહેનો સામાજિક-સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે પણ પ્રેરણાદાયી કામ કરી રહેલ છે એ નોંધનીય બાબત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીનાં પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ સજી મેથ્યુ, સહમંત્રી અજયસિંહ પરમાર, કારોબારી સદસ્યો ડી. પી. ત્રિવેદી, ઉદ્યોગપતિ શૈલેષભાઈ પટેલ, જીતેશકુમાર એમ.પંડિત, ડો. સેજલબેન ભટ્ટ, ડો. દર્શન ભટ્ટ સહિત સોસાયટી પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ, ડો. ચૈતન્યસિંહ ગોહિલ, ડૉ ઓમદેવસિંહ, ડૉ બ્રિન્દા અને ડૉ હેનિલ માથુકિયા,ડૉ પ્રતાપ ડોડિયા , ડૉ ખુશ્બુ ડોડિયા , ડો. હેતલ જોશી, ડો. હિતેશ મુંધવા સહિત ડોક્ટર્સ પણ હાજર રહ્યા હતા.

**વિશેષ** દસેક દિવસથી જાણ થવા છતાં પણ હંગામી આરોગ્ય અમલદારને વિસ્તારની મુલાકાત માટે આજે સમય મળ્યો હતો

# છાણી વિસ્તારમાં રોગચાળા મુદ્દે લોકોના રોષનો ભોગ બન્યા આરોગ્ય અમલદાર

। (માહિતી) વડોદરા, તા.૧૭ ।



વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલા એકતા નગરમાં છેલ્લા કેટલાક દિવસથી પાણીજન્ય રોગચાળો ફાટી નીકળ્યો છે. આ વિસ્તારમાં કમળા સહિત પાણીજન્ય રોગચાળાથી પીડાતા અનેક દર્દીઓ દવાખાનામાં અને સ્થાનિક અર્બન હેલ્થ સેન્ટરમાં દાખલ છે. ત્યારે આ વિસ્તારની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવવાનો પ્રયત્ન કરતા ઉશ્કેરાયેલા સ્થાનિક લોકોએ હંગામી આરોગ્ય અમલદારનો હુરિયો બોલાવીને ઘેરાવો કર્યો હતો. દસેક દિવસથી જાણ થવા છતાં પણ હંગામી આરોગ્ય અમલદારને વિસ્તારની મુલાકાત માટે આજે સમય મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે દિવાળીના તહેવારોને હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે છાણી વિસ્તારમાં આવેલ એકતા નગરમાં પાણીજન્ય ઝાડા, ઉલટી, કમળા જેવા રોગચાળામાં બાળકો સહિત અનેક લોકો સપડાયા છે. પીવાના પીળાશ પડતા આવતા પાણી અંગે પાલિકા તંત્રને દસ દિવસ અગાઉ જાણ કરવામાં આવી હતી. સ્થાનિક કોર્પોરેટરોને પણ સચેત કરાયા હતા પરંતુ આજ દિન સુધી કોઈ ફરક્યું નથી. પાલિકાના હંગામી આરોગ્ય અમલદારને આજે દસ દિવસે આ વિસ્તારની મુલાકાત લેવાનો વખત મળ્યો હતો. આરોગ્યની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચેલા હંગામી આરોગ્ય અમલદાર મુકેશ વૈદ્યને સ્થાનિક લોકોએ ઉગ્ર રજૂઆત કરી હતી. તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં આરોગ્ય ખાતાના પેટનું પાણી પણ હાલ્યું નથી. તંત્રનો કોઈ કર્મચારી કે અધિકારી પણ તપાસ માટે આવ્યા નથી. અને માત્ર પાણીના સેમ્પલો લઈને પાલિકા તંત્રની આરોગ્ય ટીમે સંતોષ માન્યો હતો. જ્યારે બીજી બાજુ હંગામી આરોગ્ય અમલદારનો ઘેરાવો કરીને ઉશ્કેરાયેલા સ્થાનિક લોકોએ રજૂઆત કરતા તેમણે કબુલાત કરી હતી કે તંત્રની જરૂર ક્યાંક કચાશ રહી ગઈ હોવાની શક્યતા છે. સ્થાનિકોએ જણાવ્યું હતું કે પાલિકાના અર્બન હેલ્થ સેન્ટરમાં માત્ર એક કે બે દિવસ દર્દીને રાખીને રજા આપી દેવાય છે પરંતુ યોગ્ય સારવારનો અભાવ હોવાનો આક્ષેપ પણ થયો હતો. વિસ્તારના કેટલાય બાળકો કમળાના પાણીજન્ય રોગચાળાથી પીલાઈ રહ્યા છે.

સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો કે આ વિસ્તારમાં ૧૯૬૦માં આ વિસ્તારમાં પાણીની લાઈન નાખવામાં આવી છે પરંતુ ક્યાંક ને ક્યાંક ગટરનું ગંદુ પાણી મિશ્રિત થતા રોગચાળો ફેલાયો હોવાનો આક્ષેપ કર્યો હતો. પાલિકા તંત્ર દ્વારા જો કોઈ આ બાબતે નિકાલ નહીં લાવવામાં આવે તો આગામી સ્થાનિક ચૂંટણીનો પણ વિરોધ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

સ્થાનિકોએ વધુમાં જણાવ્યું હતું કે આ વિસ્તારના કોર્પોરેટરોને પણ સવારે આવતા પીળા પાણી વખતે હાજર રહેવા વારંવાર કહેવા છતાં આજ દિન સુધી કોઈએ મુલાકાત સુધા લીધી નથી.

હાલ દિવાળીના તહેવારો નજીકમાં છે છતાં પણ બીમાર નાના બાળકોને લઈને દવાખાનાના ઝટકા ખાવાની નોબત આવી છે. રોગચાળાની પરિસ્થિતિમાં ઝઝુમી રહેલા એકતા નગરમાં હંગામી આરોગ્ય અમલદારને દસ દિવસ અગાઉ જાણ થઈ હોવા છતાં પણ રૂબરૂ મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવવા ખાતાના મુકેશ વૈદ્યને સમય મળ્યો છે. જોકે હંગામી આરોગ્ય અમલદાર મુકેશ વૈદ્યએ એકતા નગરના રોગચાળા બાબતમાં જણાવ્યું હતું કે, પાલિકા આરોગ્યની ટીમ છેલ્લા એક અઠવાડિયાથી સતત કાર્યરત છે અને પાણીના અનેક સેમ્પલો લેવાયા છે.

જોકે પાણીજન્ય રોગચાળાથી પીડિત કેટલાક દર્દીઓ સયાજી હોસ્પિટલમાં પણ દાખલ થયા હોવાનો મુકેશ વૈદ્યએ એકરાર કર્યો હતો અને હાલમાં આ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઇ હોવાનું જણાવ્યું હતું. વોટર વર્કસ ખાતા સાથે સંકલન કરીને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરાશે તેવો બચાવ પણ હંગામી આરોગ્ય અમલદાર મુકેશ વૈદ્યએ કર્યો હતો. જોકે પાણીજન્ય રોગચાળાથી પીડિત કેટલાક દર્દીઓ સયાજી હોસ્પિટલમાં પણ દાખલ થયા હોવાનો મુકેશ વૈદ્યએ એકરાર કર્યો હતો અને હાલમાં આ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હોવાનું જણાવ્યું હતું. વોટર વર્કસ ખાતા સાથે સંકલન કરીને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરાશે તેવો બચાવ પણ હંગામી આરોગ્ય અમલદાર મુકેશ વૈદ્યએ કર્યો હતો.

## અફઘાનિસ્તાન સાથે સંઘર્ષ વચ્ચે બલૂચ બળવાખોરોએ ગેસ પાઈપલાઈન ઉડાવી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૭ ।

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ૪૮ કલાકનો યુદ્ધવિરામ અમલમાં છે. આમ છતાં, બલૂચિસ્તાનમાં અશાંતિ યથાવત્ છે. અહીં, બલૂચ લિબરેશન ફ્રન્ટ (BLF)એ ધાદર વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ ટીમને બંધક બનાવવાની જવાબદારી સ્વીકારી છે, જે આ ક્ષેત્રમાં વધતા તણાવ તરફ ઈશારો કરે છે. BLFએ દાવો કર્યો છે કે તેના લડવૈયાઓએ ધાદર ખાતે પોલીસ અધિકારીઓને બંધક બનાવ્યા હતા. વળી, બલૂચ રિપબ્લિકન ગાર્ડ્સ (BRG)એ એક વિસ્ફોટની જવાબદારી લીધી છે, જેમાં સુઈ અને કાશમોર વચ્ચે આવેલી એક મહત્ત્વપૂર્ણ ગેસ પાઈપલાઈનને મોટું નુકસાન થયું છે. ધ બલૂચિસ્તાન પોસ્ટ અનુસાર, BLFના પ્રવક્તા મેજર ગ્વારામ બલૂચનું નિવેદન દર્શાવે છે કે સાંજે આશરે ૫ વાગ્યે, લડવૈયાઓ ધાદરના અલ્લાહ યાર શાહ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ ટીમ સામે આવ્યા. તેમના નિવેદન મુજબ, પેટ્રોલિંગ ટીમને ઘેરી લેવામાં આવી, અધિકારીઓની ધરપકડ કરાઈ, તેમના હથિયારો જપ્ત કરાયા અને તેઓ જે વાહનનો ઉપયોગ કરી રહ્યા હતા તેને આગ લગાડી દેવામાં આવી.

## ઓઈલ મુદ્દે બણગાં ફૂંકતા ટ્રમ્પને રશિયાનો જવાબ

। (એજન્સી) મોસ્કો, તા.૧૭ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે બુધવારે (૧૫ ઓક્ટોબર) દાવો કર્યો હતો કે ભારત હવે રશિયા પાસેથી ક્રૂડ ખરીદશે નહીં. મોસ્કોએ આ મામલે પ્રતિક્રિયા આપી છે. ભારતમાં રશિયન રાજદૂત ડેનિસ અલીપોવે જણાવ્યું હતું કે ભારતના અર્થતંત્રને રશિયન ક્રૂડની જરૂર છે. ભારત રશિયાનો વિશ્વસનીય ભાગીદાર છે. ભારતથી નારાજ ટ્રમ્પે તેના પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો હતો. તેઓ નથી ઈચ્છતા કે ભારત રશિયા પાસેથી ક્રૂડ ખરીદે.

રશિયન રાજદૂત અલીપોવે કહ્યું, ભારતની કુલ ક્રૂડ ઓઈલ આયાતનો એક તૃતીયાંશ ભાગ રશિયામાંથી આવે છે. અમે ભારત માટે એક સસ્તું વિકલ્પ રહ્યા છીએ. રશિયા અને ભારત વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વૈશ્વિક સ્થિરતા માટે એક બળ તરીકે કામ કરે છે. આ સંબંધ વિશ્વાસ પર બનેલો છે. અમે ભારતના મુખ્ય ટ્રેડ પાર્ટનર અને ઉર્જા ક્ષેત્રમાં ભારતના સૌથી વિશ્વસનીય ભાગીદાર છીએ.

### ભારતીય ટીમ ODI શ્રેણી માટે ઓસ્ટ્રેલિયા પહોંચી

# ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પહેલી મેચ ૧૯ ઓક્ટોબરે પર્થમાં રમાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતીય ક્રિકેટ ટીમ ODI શ્રેણી માટે ઓસ્ટ્રેલિયા પહોંચી ગઈ છે. આ શ્રેણીમાં ત્રણ મેચ રમાશે, જે ૧૯ ઓક્ટોબરથી પર્થમાં શરૂ થશે. વિરાટ કોહલી અને રોહિત શર્મા ફરી એકવાર શ્રેણીમાં રમતા જોવા મળશે, તેથી તેને લઈને ઘણી ઉત્સુકતા છે. ત્યારે એ જાણી લઈએ કે, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ODI શ્રેણીમાં મેચ કયા સમયે શરૂ થશે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પહેલી મેચ રવિવાર, ૧૯ ઓક્ટોબરના રોજ રમાશે. બીજી મેચ ગુરુવાર, ૨૩ ઓક્ટોબરના રોજ રમાશે. શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ શનિવાર, ૨૫ ઓક્ટોબરના રોજ રમાશે. પહેલી મેચ પર્થમાં રમાશે, બીજી મેચ એડિલેડમાં અને ત્રીજી




સિડનીમાં રમાશે.

આ મેચો ભારતીય સમય પ્રમાણે સવારે ૯ વાગ્યે શરૂ થશે. આ શ્રેણી વનડે શ્રેણી છે, તેથી મેચ સવારે ૯ વાગ્યે શરૂ થશે અને ટોસ તેના અડધા કલાક પહેલા થશે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે જ્યારે પણ મેચ હોય ત્યારે ઉત્સાહ ચરમસીમાએ હોય છે, પરંતુ આ વખતે રોહિત અને કોહલીને કારણે ચાહકો તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ શ્રેણીમાં રોહિત અને કોહલીનું પ્રદર્શન નક્કી કરશે કે તેઓ કેટલા વર્ષો સુધી રમી શકશે.

શુભમન ગિલ પહેલીવાર ભારતની ODI ટીમનું નેતૃત્વ કરશે. તેણે અગાઉ T20 અને ટેસ્ટમાં સેવા આપી છે, પરંતુ ODIમાં આ તેની પહેલી તક છે. શુભમન ગિલ વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા સિનિયર ખેલાડીઓ સાથે કેવી રીતે અનુકૂલન સાધે છે તે જોવું રસપ્રદ રહેશે.

### ૬ દેશોમાં શાસન કરવું મુશ્કેલ

# અમેરિકાએ સહાય બંધ કરતા લાખો લોકો સામે ભૂખમરાંનું સંકટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય સહાયતા એજન્સીએ બુધવારે જણાવ્યું હતું કે તેમના ટોચના દાનકર્તાઓ દ્વારા દાન-સહાયની રકમમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરવામાં આવતા છ દેશોમાં તેમના કામકાજ પર વિપરિત અસર પડી રહી છે અને ચેતવણી આપી છે કે લગભગ ૧.૪ કરોડ લોકો ઈમરજન્સી સ્તરે ભૂખમરાનો સામનો કરી રહ્યાં છે.વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ જે પારંપરિક રીતે સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી રકમ પ્રાપ્ત કરનારી એજન્સી છે. આ એજન્સીએ પોતાના નવા રિપોર્ટમાં જણાવ્યું છે કે ચાલુ વર્ષે તેના ભંડોળની સ્થિતિ પ્રથમ વખત ખૂબ જ પડકારજનક રહી છે. જેનું મુખ્ય કારણ ટ્રમ્પ વહીવટી તંત્ર હેઠળ અમેરિકા અને અન્ય પ્રમુખ પશ્ચિમી દાનકર્તાઓ દ્વારા ખર્ચમાં ઘટાડો છે. એજન્સીએ ચેતવણી આપી છે.

### રવિ શાસ્ત્રીએ નિર્ણયનું કર્યું સ્વાગત

# વિદેશી લીગમાં રમવાથી ભારતીય ખેલાડીઓને થશે ફાયદો : શાસ્ત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ટીમ ઈન્ડિયાના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) ને વિનંતી કરી છે કે તેઓ વધુ ભારતીય ખેલાડીઓને વિદેશી T20 લીગમાં રમવાની મંજૂરી આપે. તેમનું માનવું છે કે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથે રમવાનો અનુભવ ભારતીય ખેલાડીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે અને તેમની રમતમાં પરિપક્વતા આવશે. શાસ્ત્રીએ કહ્યું કે, જેમ IPL ભારતીય ક્રિકેટને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી છે, તેમ વિદેશી લીગમાં રમવાથી ખેલાડીઓને નવી વિચારસરણી, નવી તકનીકો અને એક અલગ માહોલમાં શીખવાની તક મળશે. હાલમાં BCCI તેના એક્ટિવ ભારતીય ખેલાડીઓને કોઈપણ વિદેશી T20 લીગમાં રમવા માટે મંજૂરી આપતું નથી. ખેલાડીઓ માત્ર ત્યારે જ વિદેશી લીગમાં ભાગ લઈ શકે છે, જો તેઓ બધા ફોર્મેટ (ટેસ્ટ, ODI, T20) માંથી નિવૃત્તિ લેતા હોય અને બોર્ડ પાસેથી NOC (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) મેળવેલ હોય. શાસ્ત્રીએ આ નીતિ બદલવા પર ભાર મુકતા કહ્યું કે, જ્યારે ભારતમાં પ્રતિભાની કોઈ કમી નથી, ત્યારે દરેકને રાષ્ટ્રીય ટીમ અથવા IPLમાં સ્થાન મળતું નથી. આવી સ્થિતિમાં ખેલાડીઓને વિદેશી લીગમાં રમવાની સ્વતંત્રતા આપવી એ ઘણા યુવા ખેલાડીઓના કરિયરને વેગ આપતું પગલું હોઈ શકે છે. હાલમાં જ ભારતના અનુભવી ઑફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને ઈતિહાસ રચ્યો છે. તે બિગ બેશ લીગ (BBL) માં સામેલ થનાર પ્રથમ ટોચના ભારતીય ક્રિકેટર બન્યો છે. તેણે આગામી સીઝન માટે સિડની થંડર ફ્રેન્ચાઈઝી સાથે કરાર કર્યો છે. શાસ્ત્રીએ આ પગલાની પ્રશંસા કરતાં કહ્યું કે, આવા ઉદાહરણો અન્ય ખેલાડીઓને પ્રેરણા આપશે.

### દુષિત કફ સિરપથી બાળકોનાં મૃત્યુ બાદ સરકારે લીધેલો નિર્ણય

# દવાઓ અને કોસ્મેટિક્સની ગુણવત્તા, તપાસ માટે કેન્દ્ર કડક કાયદો લાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દુષિત કફ સિરપને કારણે દેશના કેટલાંક રાજ્યોમાં ૨૪ જેટલાં બાળકોના મોતની ઘટના બાદ સફાળી જાગેલી સરકાર દવાઓ અને મેડિકલ સાધનોની સુરક્ષા તેમજ ગુણવત્તાના ધોરણોનું ચુસ્ત પાલન કરાવવા માટે નવો કડક કાયદો લાવશે. આ કાયદો દવાની ગુણવત્તાનું પરીક્ષણ તથા બજાર દેખરેખ માટે કાનૂની માળખાને વધુ મજબૂત બનાવશે સાથે જ તબીબી ઉત્પાદનો અને સૌંદર્ય પ્રસાધનોનું નિયમન પણ કરશે. નકલી દવાઓના સેવનથી લોકોના જીવન સાથે થઈ રહેલા ચેડાંના કિસ્સાઓ બાદ હવે કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે કડક કાયદો લાવવાની તૈયારી કરી છે.વૈશ્વિક સ્તરે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) સહિતની આરોગ્ય નિયમનકારી સંસ્થાઓ દ્વારા ભારતીય દવા ઉત્પાદકો દ્વારા કેટલીક ગંભીર બેદરકારી રાખવામાં આવતી હોવાની કેટલીક ફરિયાદો ઉઠાવાઈ છે. મંગળવારે કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ડ્રગ્ય કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) ડો. રાજીવ રઘુવંશીએ ડ્રગ્સ, મેડિકલ ડિવાઈસિસ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૨૦૨૫નો મુસદ્દો રજૂ કર્યો હતો.આ બેઠકમાં ડીસીજીઆઈ અને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ)ના વરિષ્ઠ અધિકારીઓએ પ્રસ્તાવિત કાયદાના માળખાની રૂપરેખા આપી હતી. તાજેતરમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા ઉત્તરપ્રદેશમાં દૂષિત કફ સિરપ પીધા બાદ અનેક બાળકોના મોતની ઘટનાના થોડા દિવસો બાદ આ બેઠક બોલાવાઈ હતી. સૂત્રોના મતે મંજૂરી મળ્યા બાદ નવો કાયદો સીડીએસસીઓ સત્તાવાળાઓને ભારતમાં બનતી દવા, મેડિકલ સાધનો તથા કોસ્મેટિક્સના સ્થાનિક વપરાશ તથા નિકાસ બંને માટે કડક ગુણવત્તા પરીક્ષણ અને દેખરેખ સુનિશ્ચિત કરવાની કાનૂની સત્તા આપશે. નવા કાયદા અંતર્ગત એવું માનવામાં આવે છે.

## ખરેખર તમે ત્યારે નિષ્ફળ જાઓ છો જ્યારે તમે હાર માનવાનું નક્કી કરો છો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

નિવૃત્તિ અંગેની અટકળો વચ્ચે ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને ટીકાકારોને યોગ્ય જવાબ આપ્યો છે. કોહલીએ પોસ્ટ શેર કરતા લખ્યું, ‘‘ખરેખર તમે ત્યારે નિષ્ફળ જાઓ છો જ્યારે તમે હાર માનવાનું નક્કી કરો છો.’’ પોતાના વિચારો જાહેર કરતા વિરાટ કોહલીએ સ્પષ્ટ કર્યું છે કે તે હવે હાર માનવાનો નથી. વિરાટ કોહલી હવે ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમવા માટે તેના તમામ પ્રયત્નો કરશે. આ પોસ્ટ દ્વારા વિરાટ કોહલીએ સ્પષ્ટ કર્યું છે કે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને ૨૦૨૭ વર્લ્ડ કપ રમવા માટે કેટલો પ્રતિબદ્ધ છે. આ એક પોસ્ટ દ્વારા વિરાટ કોહલીએ ટીકાકારોની બોલતી બંધ કરી દીધી છે. આ લોકો સતત તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની સલાહ આપી રહ્યા છે.

# અફઘાનિસ્તાન ભારત માટે પ્રોક્સી વોર લડી રહ્યું છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૭ ।

યુદ્ધના મેદાનમાં પહેલા ભારત અને પછી હવે અફઘાનિસ્તાન તરફથી મળી રહેલી પછડાટથી પાકિસ્તાન અકળાયું છે અને હવે તે ભારત પર દોષનો ટોપલો ઢોળી રહ્યું છે. બુધવારે પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે એક ટીવી ચેનલ સાથે વાતચીતમાં કહ્યું કે અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર ભરોસો કરવો મુશ્કેલ છે. તાલિબાનના હાલના નિર્ણયો પાકિસ્તાનના હિતોની વિરુદ્ધ છે અને તેમની પાછળ ભારતનો પ્રભાવ જોવા મળી રહ્યો છે.

આસિફે આક્ષેપ કરતા કહ્યું કે તાલિબાન હવે પાકિસ્તાન વિરુદ્ધ ભારતની પ્રોક્સી વોર લડી રહ્યું છે. તેમના નિર્ણયો ભારતથી પ્રાયોજિત છે. આ કારણે સંઘર્ષવિરામ લાંબો સમય ટકશે નહીં. પાકિસ્તાનના રક્ષામંત્રીએ દાવો કર્યો કે અફઘાનિસ્તાનની જમીનથી પાકિસ્તાન પર થઈ રહેલા આતંકી હુમલાઓમાં વધારો થયો છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આતંકીઓએ પાકિસ્તાનની સુરક્ષા ચોકીઓ પર હુમલા વધાર્યા છે અને તાલિબાન સરકારે તેને રોકવા માટે કોઈ નક્કર પગલાં ભર્યા નથી.

આસિફે એમ પણ કહ્યું કે પાકિસ્તાને અનેકવાર કૂટનીતિક ચેનલો દ્વારા અફઘાનિસ્તાન સાથે વાતચીત કરી પરંતુ તાલિબાન ‘પાડોશી દેશની ચિંતાઓ ગંભીરતાથી લેતું નથી.’ ખ્વાજા આસિફનું કહેવું હતું કે મને આશંકા છે કે આગળ સીઝફાયર રહેશે કે કેમ કારણ કે તાલિબાન હાલ તમામ નિર્ણયો ભારતના ઈશારે લઈ રહ્યું છે. મુત્તકી સાહેબ (અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તકી) ત્યાં એક અઠવાડિયા સુધી રહ્યા અને હવે પાછા આવ્યા. તેઓ ત્યાંથી શું પ્લાન લઈને આવ્યા છે. મારા મતે હાલ કાબુલ દિલ્હીની પ્રોક્સી વોર લડી રહ્યું છે. હાલના સમયમાં બંને દેશો વચ્ચે સંબંધ સતત બગડી રહ્યા છે. પાકિસ્તાને અનેકવાર અફઘાનિસ્તાન સરહદ પર આતંકવાદને રોકવાની માંગણી કરી છે. ટીટીપી અને અન્ય આતંકી સંગઠનોની ગતિવિધિઓ પાકિસ્તાનના કબાયલી વિસ્તારોમાં ફરીથી વધી છે. જેનાથી ઈસ્લામાબાદની ચિંતાઓ વધી છે.

વિશેષજ્ઞોનું માનવું છે કે તાલિબાન અને પાકિસ્તાન વચ્ચેનો આ તણાવ દક્ષિણ એશિયામાં સુરક્ષા અસંતુલન વધારી શકે છે. જ્યારે ભારત પર પાકિસ્તાનના આરોપ કોઈ નવા નથી. પાકિસ્તાન અગાઉ પણ અનેકવાર ભારત પર અફઘાનિસ્તાનમાં પ્રભાવ વધારવાના આરોપ લગાવતું રહ્યું છે. જો કે ભારતે હંમેશા આવા દાવા ફગાવ્યા છે.

પ્રોક્સી વોરનો અર્થ થાય છે કે એવું યુદ્ધ જે કોઈ દેશ દ્વારા સીધે સીધુ ન લડાતું હોય પરંતુ તેના માટે બીજા સમૂહ કે દેશ દ્વારા તે લડાતું હોય. સરળ ભાષામાં કહીએ તો લડાઈ કોઈ બીજાની હોય પરંતુ ફાયદો કોઈ ત્રીજાને પહોંચતો હોય.

## વિશેષ

### ચીનના પ્રભુત્વને ઘટાડવા ભારતે મોંગોલિયા સાથે કરોડોની કિંમતના પ્રોજેક્ટ જાહેર કર્યા અને ભાગીદારી મજબૂત કરી

# ભારત-મોંગોલિયા મૈત્રી : ધાર્મિક મિત્રો વચ્ચે હવે સામરિક ભાગીદારી

## ભારત અને મોંગોલિયાના રાજકીય સંબંધોની સ્થાપનાને 70 વર્ષ પૂરા થઈ રહ્યા છે. તેના માટે ભારતમાં વિશેષ આયોજનો કરવામાં આવી રહ્યા છે

ભારત અને મોંગોલિયાના રાજકીય સંબંધોની સ્થાપનાને 70 વર્ષ પૂરા થઈ રહ્યા છે. તેના માટે ભારતમાં વિશેષ આયોજનો કરવામાં આવી રહ્યા છે. આ આયોજનોમાં ભાગ લેવા માટે જ મોંગોલિયાના પ્રમુખ ભારત આવ્યા છે : ભારતના પારંપરિક લોકમંચ ઉપર ભજવાની શૈલી એટલે કે રામલીલા તથા મોંગોલિયાનું વિશેષ લોકનૃત્ય બિયેલગે આ ટિકિટમાં અંકિત કરવામાં આવેલું છે. આ સંયુક્ત ટપાલ ટિકિટ ભારત અને મોંગોલિયા વચ્ચેના ગાઢ સાંસ્કૃતિક સંબંધો અને પારસ્પરિક વારસાની વહેંચણીને રજૂ કરે છે : મોંગોલિયાના પેટાળમાં મોટા પ્રમાણમાં કોલસા, તાંબુ અને રેર અર્થ મિનરલ્સ રહેલા છે. ભારતમાં સ્ટિલ મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રોનિક્સ, બેટરી જેવા ઉદ્યોગોમાં આ તમામ ખનિજો અને ધાતુઓનો મોટાપાયે ઉપયોગ થાય છે. તેથી ભારત માટે મોંગોલિયા ખૂબ જ જરૂરી છે

મોંગોલિયાના રાષ્ટ્રપતિ ભારતના ચાર દિવસના પ્રવાસે આવ્યા છે. તેમણે તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે ૧૦ જેટલા કરાર કરવામાં આવ્યા હતા. મોંગોલિયા દ્વારા આ મુલાકાત સમયે યુએનમાં ભારને સિક્યોરિટી કાઉન્સિલમાં કાયમી સ્થાન મળે તે વાતનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું. મોંગોલિયા આ વાતનું મક્કમતાથી સમર્થન કરે છે તેમ પણ જણાવાયું હતું. ભારતે પણ બીજી તરફ મોંગોલિયાને હથિયારો આપવાની વાત કરી છે. તે ઉપરાંત મોંગોલિયાના સૈન્યને ભારત દ્વારા ટ્રેનિંગ આપવામાં આવશે અને તેમના સૈનિકો સાથે જોઈન્ટ એક્સરસાઈઝ પણ કરવામાં આવશે. એગ્રિકલ્ચર સેક્ટરમાં તો ભારત અને મોંગોલિયા વચ્ચે વર્ષો જૂની ભાગીદારી છે. હાલમાં આ બંને દેશો શા માટે વધારે નજીક આવી રહ્યા છે અને કોને કાબુ કરવા માટે આ જોડાણ વધુ મજબુત કરવામાં આવી રહ્યું છે તે પણ સમજવા જેવું છે.

ભારત અને મોંગોલિયાના રાજકીય સંબંધોની સ્થાપનાને ૭૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે. તેના માટે ભારતમાં વિશેષ આયોજનો કરવામાં આવી રહ્યા છે. આ આયોજનોમાં ભાગ લેવા માટે જ મોંગોલિયાના પ્રમુખ ભારત આવ્યા છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મોંગોલિયાના પ્રમુખ ખુરેલસુખ ઉખના આ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. આ બંને દેશો દ્વારા તાજેતરમાં એક સ્મારક ટિકિટની પણ જાહેરાત કરવામાં આવી છે. આ ટિકિટમાં બંને દેશોની સમૃદ્ધ લોક નૃત્ય પરંપરાને રજૂ કરવામાં આવી છે. ભારતના પારંપરિક લોકમંચ ઉપર ભજવાની શૈલી એટલે કે રામલીલા તથા મોંગોલિયાનું વિશેષ લોકનૃત્ય બિયેલગે આ ટિકિટમાં અંકિત કરવામાં આવેલું છે. આ સંયુક્ત ટપાલ ટિકિટ ભારત અને મોંગોલિયા વચ્ચેના ગાઢ સાંસ્કૃતિત સંબંધો અને પારસ્પરિક વારસાની વહેંચણીને રજૂ કરે છે. આ ટિકિટ બંને દેશોની સદીઓ જૂની મિત્રતા અને આત્મિયતાનું પ્રતિક છે.

ઉલ્લેખનીય છે કે, ભૌગોલિક રીતે મોંગોલિયા ભારત માટે ખૂબ જ મહત્ત્વનો દેશ છે. મોંગોલિયા ચીન અને રશિયા વચ્ચે આવેલો દેશ છે. આ બે મહાસત્તાઓની વચ્ચે આવેલો સુરક્ષિત અને સંસાધનોથી સજ્જ દેશ ભારત માટે મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. ભારતના મજબૂત સંબંધો મોંગોલિયાને ચીનના એકતરફી પ્રભુત્વની અસર હેઠળ દબાણ નહીં અનુભવવામાં મદદ કરશે. ભારતનું મોંગોલિયા સાથેનું વધુ મજબુત જોડાણ તેને રાજનૈતિક રીતે પણ મદદ કરશે જેથી તેનો આ વિસ્તારમાં હાથ ઉંચો રહેશે. ચીનનું પ્રભુત્વ ધરાવતા આ વિસ્તારમાં સ્થિતિ કાબુમાં રાખવા માટે અને આવા નાના નાના દેશોને સુરક્ષિત રાખવા માટે વિશેષ પગલાં ભરવા પડે તેમ છે. ભારત તે દિશામાં જ આગળ વધી રહ્યું છે.

મોંગોલિયાના પેટાળમાં મોટા પ્રમાણમાં કોલસા, તાંબુ અને રેર અર્થ મિનરલ્સ રહેલા છે. ભારતમાં સ્ટિલ મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રોનિક્સ, બેટરી જેવા ઉદ્યોગોમાં આ તમામ ખનિજો અને ધાતુઓનો મોટાપાયે ઉપયોગ થાય છે. તેથી ભારત માટે મોંગોલિયા ખૂબ જ જરૂરી છે. ભારતે મોંગોલિયામાં કોલસા અને તાંબાની શોધ અને ખનન માટે ભાગીદારી



કરી અને કરાર કર્યા જેથી ચીન ઉપર આધાર રાખવાનું ઓછું થઈ જાય. મોંગોલિયામાં જ ભારતનો ૧.૭ અબજ ડોલરથી વધુની રકમનો ઓઈલ રિફાઈનરી પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. તેમાં મોગોલિયાને એનર્જી સિક્યોરિટી મળશે અને ભારતની આર્થિક ભાગીદારીમાં વધારો થશે. મોંગોલિયામાં કોકિંગ કોલનો બહુ મોટો જથ્થો છે. તેને ભારતમાં લાવવા અંગે વિચાર કરવામાં આવી રહ્યો છે.

મોંગોલિયા હવે વ્યાપાર માર્ગો અને પોતાના પરિવહન નેટવર્ક માટે પણ ચીન ઉપર નિર્ભરતા ઓછી કરવા માગે છે. તેના કારણે તે બીજા વિકલ્પો શોધી રહ્યું છે. મોંગોલિયાના સંશાધન રશિયા અથવા અન્ય આઉટલેટ્સ દ્વાર ભારત પહોંચાડવામાં સરળતા રહે તેમ છે. તેના થકી પણ ભારત અને મોંગોલિયા હવે ચીન ઉપર આધાર રાખવાનો ઓછો કરી શકે છે. ભારત અને મોંગોલિયાના સાઈબર સિક્યોરિટી અને બોર્ડર સિક્યોરિટીમાં પણ ભાગીદારી વધારવાની યોજના છે. આ પહેલ થકી ભારત સરહદ ઉપર સંભવિત તમામ જોખમોને સમજવામાં અને તેનો ઉકેલ લાવવામાં મદદ કરશે. ભારત અને મોંગોલિયાની વચ્ચે મિલિટરી એક્સરસાઈઝ પણ થઈ રહી છે જેના દ્વારા બંને સેનાઓ વચ્ચે સંપર્ક વધશે, પ્રશિક્ષણ વધશે અને રણનીતિ માટેની સમજ વધારે ઉંડી થશે અને ભાગીદારી વધશે.

ભારત આગામી સમયમાં મોંગોલિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈટી, એજ્યુકેશન અને ડિજિટલ પાર્ટનરશિપ જેવા વેન્ચર્સમાં મોટાપાયે રોકાણ કરી રહ્યું છે. તેના દ્વારા મોંગોલિયામાં વિકાસને વેગ મળશે અને ભારતના અર્થતંત્ર માટે પણ નવા બજાર અને દરવાજા ખુલશે. ભારત હવે ઈન્ડોપેસેફિક સેક્ટરમાં આઝાદ, વ્યાપક, સમૃદ્ધ અને સમાવેશી રીતે એક મહાસત્તા તરીકે આગળ વધવા માગે છે અને તેના માટે મોંગોલિયા સાથેની ભાગીદારી વધારે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. મોંગોલિયાનું સ્થાન ચીન અને રશિયાની વચ્ચે એવી રીતે છે કે, રણનીતિક દ્રષ્ટિએ અને રાજકીય હિતોને ધ્યાનમાં રાખતા ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહે તેમ છે.

ભારત માટે આગામી સમયમાં પોતાનું મહત્ત્વ સાબિત કરવા માટે એ જરૂરી છે કે, તે પોતાના સાથી દેશોની સંખ્યામાં વધારો કરે. આમ કરવાથી જ તેની વિદેશ નીતિ અને કૂટનીતિને વધારે મજબૂતી અને પ્રોત્સાહન મળશે. મોંગોલિયા સાથે સંબંધ વધારે ગાઢ કરવા અને વધારવા તે આ કૂટનીતિનો જ ભાગ છે. મોંગોલિયા જેવા મધ્ય એશિયાના દેશ સાથે સંબંધ સારા રાખવાથી ભારતની વૈશ્વિક છબી સંતુલિત અને વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે વધારે પ્રબળ બનશે. તેના થકી જ ગ્લોબલ સાઉથમાં ભારત આર્થિક, સુરક્ષા અને ઉર્જા સહયોગ માટે વધારે વિશ્વાસપાત્ર વિકલ્પ બનશે.

બંને દેશો દ્વારા મોદી અને ખુરેલસુખની બેઠક સમયે ઘણા કરાર કરવામાં આવ્યા હતા. તેમાં કલા, સંસ્કૃતિ અને રમત-ગમત ક્ષેત્રમાં ભાગીદારી, ડિજિટલ પ્રોદ્યોગિકી, સહકારિતા, ઈમિગ્રેશન, સાંસ્કૃતિક કાર્યક્રમો, માનવીય સહાયતા અને ગ્રાન્ટ આસિસ્ટન્સ જેવા મુદ્દે કરાર કરવામાં આવ્યા હતા. તેમાં મોંગોલિયાના લોકોને ભારતમાં મફળ ઈ-વીઝા આપવાની જાહેરાત કરાઈ હતી. તે ઉપરાંત આગામી વર્ષે ભગવાન બુદ્ધના બે શિષ્યોના પવિત્ર અવશેષો પણ ભારતમાંથી મોંગોલિયા મોકલાવવાની બાંયધરી અપાઈ છે. ભારતે રિફાઈનરી પ્રોજેક્ટ માટે જે ૧.૭ અબજ ડોલરની લાઈન ઓફ ક્રેડિટની જાહેરાત કરી તે દુનિયાનો સૌથી મોટો ભાગીદારી પ્રોજેક્ટ બનવાનો છે. મોદીએ એમ પણ જણાવ્યું હતું કે, ૨૫૦૦થી વધારે ભારતીયો મોંગોલિયામાં સંયુક્ત રીતે કામ કરે છે. મોંગોલિયાનું પ્રાઈવેટ સેક્ટર હાલમાં ઉર્જા, ક્રિટિકલ મિનરલ્સ અને અન્ય સેક્ટરમાં મદદ અને ભાગીદારીની શક્યતાઓ વિચારી રહ્યું છે. ભારત તેમાં મોટાપાયે ઉપયોગી થાય તેમ છે. ભારતે ૨૦૧૫માં પણ મોંગોલિયાને ૧ અબજ ડોલરની ક્રેડિટ આપી હતી તથા ૧૪ જેટલા કરાર કરવામાં આવ્યા હતા. તેના બધા ઉપર આધાર રાખવાનું છોડી દેવાનું કહેવાય છે. મોંગોલિયા દ્વારા ૭૦ વર્ષમાં પહેલી વખત ખૂબ જ મોટાપાયે કરાર થયા છે.

મોંગોલિયાએ પહેલી વખત નવી દિલ્હીમાં સુરક્ષા સલાહકારની નિમણુક કરી છે. ભારતે મોંગોલિયા સાથેના જૂના વ્યવહારો અને અવગણનાને ભુલીને તે શું યા યછે નક્કી કરવાનું છે. આગામી વર્ષે ખેલાડીઓનું આદાન-પ્રદાન થાય તેવી ગણતરી છે. બંને વચ્ચે સદીઓથી આદનપ્રદાન અને આધ્યાત્મિક રીતે સંસ્કૃતતિના નવા વારસાનું પણ આદન પ્રદાન થશે. તે સિવાય આઉટર સ્પેસમં પણ રિસર્ચ અને એક્સ્પ્લોરેશન જેવા અભિયાનોમાં પણ બંને દેશો એકબીજાને સાથ આપવાના છે. ભારત અને મોંગોલિયા વચ્ચે ૧૯૫૫થી રાજકીય સંબંધ છે. છેલ્લાં સાત દાયકામાં બંને દેશોએ પારસ્પરિક સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને લોકશાહીના મૂલ્યોને આધારે સંબંધોને વધારે ગાઢ અને વિકસિત બનાવ્યા છે.

ભારત અને મોંગોલિયા વચ્ચે સાત દાયકા જૂના સંબંધો છે તે તો નવા વિશ્વની વાત છે. હકિકત તો એવી છે કે, હજારો વર્ષોથી ભારત અને મોંગોલિયા વચ્ચે સંબંધો છે. જાણકારોના મતે હિમલાયની તળેટીમાં આવેલા કાંગડા રાજ્યના ભારતીયો જે-તે સમયે મોંગોલિયા રવાના થયા હતા. તે સમયે આ ભારતીયોનું નેતૃત્વ રાજ્યના રાજકુમાર મંગલદેવ કરતા હતા. તેવું કહેવાય છે કે આ લોકો ત્યાં રહ્યા બાદ થોડા સમય પછી ભારત પરત આવી ગયા હતા. તેને પણ અંદાજે ૨૦૦૦ વર્ષ થયા છે.

ઉલ્લેખનીય છે કે, મોંગોલિયાના જ પૂર્વ વડા પ્રધાન આનંદિન અમરે પોતાના પુસ્તકમાં જણાવ્યું હતું કે, તેમના પૂર્વજો હિમાલયના દક્ષિણ છેડેથી આવ્યા હતા. ત્યારબાદ તેઓ અહિંયા સ્થાયી થઈ ગયા હતા. બીજી ખાસ બાબત એવી છે કે, ભારત અને મોંગોલિયા સદીઓથી બૌદ્ધ ધર્મ થકી પણ એકબીજા સાથે જોડાયેલા છે. મોંગોલિયામાં બોદ્ધ ધર્મ ભારતના હિમાલયમાંથી જ પહોંચ્યો છે.

## વૃધ્ધ પત્નીની હત્યા કરી પતિ લાશ પાસે માફી માંગી ધ્રૂસકે-ધ્રૂસકે રડયો

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

કુવાડવા રોડ પર સ્વામિનારાયણ મંદિરની બાજુમાં આવેલા નરસિંહ મહેતા આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતાં જયેન્દ્ર બચુભાઈ ધકાણ (ઉ.વ. ૬૦)એ પત્ની મંજુબેન (ઉ.વ. ૬૫)ની આજે વહેલી સવારે ગળેટૂંપો દઈ, ઠંડે કલેજે, હત્યા કરી નાખી હતી. હત્યા બાદ પત્નીની લાશ પાસે બેસી જઈ ધ્રુસ્કે-ધ્રુસ્કે રડી માફી માંગી હતી. પત્નીને છેલ્લા સાતેક માસથી આખા શરીરમાં અસહ્ય દુઃખાવો થતો હોવાને કારણે તેની પીડા નહીં જોવાતા હત્યા કરી નાખ્યાની કબુલાત આપી છે. આજે સવારે સાતેક વાગ્યાના અરસામાં રિક્ષા ચલાવતો જયેન્દ્ર બી-ડિવીઝન પોલીસ મથકે પહોંચ્યો હતો. ફરજ પરના પીએસઓને પત્નીની હત્યા કર્યાનું જણાવી સમર્પણ કર્યુ હતું. તે સાથે જ પીએસઓએ તેને પોલીસ મથકમાં બેસાડી દીધો હતો. જાણ થતાં પીઆઈ સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા. તત્કાળ જયેન્દ્રના ઘરે જઈ જોતાં તેની પત્ની મંજુબેનની લાશ મળી આવી હતી. સ્થળ પર જરૂરી કાર્યવાહી કરી લાશને પોસ્ટમોર્ટમ માટે સિવીલમાં ખસેડી હતી. પુછપરછમાં જયેન્દ્રએ એવી કબુલાત આપી હતી કે ૨૦૦૫ની સાલમાં તે સાધુ વાસવાણી રોડ ઉપર સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો ત્યારે મંજુબેન સાથે પરિચય થતાં બંને પતિ-પત્નીની જેમ સાથે રહવા લાગ્યા હતા. ત્યાર પછી નરસિંહ મહેતા આવાસ યોજનાના કવાર્ટરમાં રહેવા આવ્યા હતા. તેની પત્નીને છેલ્લા સાતેક માસથી શરીરમાં અસહ્ય દુઃખાવો થતો હતો. જેને કારણે તેની પત્ની સરખી રીતે ઉભા રહી કે બેસી શકતી ન હતી.

### ઓનલાઇન સોનું ખરીદનારાઓ સાવધાન

# અમદાવાદમાં રૂ.૧૨.૬૦ લાખની છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો

## બજારમાં સિક્કાની કિંમત આશરે ૪૫ હજાર હોવા છતાં, અહીં એક સિક્કો ૩૫ હજારમાં વેચવામાં આવતો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં જાણીતી ઈ-કોમર્સ એપ્લિકેશન મારફતે છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે. એક યુવક અને તેના ૫ રિવારજનોને સસ્તા સોનાના સિક્કાની લાલચ આપીને કુલ રૂપિયા ૧૨.૬૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. બજાર કિંમત કરતાં ૧૦ હજાર સસ્તો ૫ ગ્રામનો સોનાનો સિક્કો ખરીદવાની લાલચમાં આ લોકોએ મોટી રકમ ગુમાવી છે. જેની ફરિયાદ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી છે. જૂના વણકરવાસના રહેવાસી ૪૧ વર્ષીય ફિરોઝ રમજાનિભાઈ તાતાવલાએ નોંધાવેલી FIR મુજબ, તે છેલ્લા ચાર વર્ષથી એમેઝોનના પ્રાઇમ મેમ્બર છે. જોકે, આ વર્ષે માર્ચ મહિનામાં, તેણે એમેઝોન એપ પર "Super Psyllium" કંપની હેઠળ "Vijay Jewellers" નામના સેલર દ્વારા મૂકાયેલી પાંચ-ગ્રામ ૨૪-કેરેટ સોનાના સિક્કાની એક જાહેરાત જોઈ. બજારમાં સિક્કાની કિંમત આશરે ૪૫ હજાર હોવા છતાં, અહીં એક સિક્કો ૩૫ હજારમાં વેચવામાં આવતો હતો. આ આકર્ષક ઑફરથી લલચાઈને, ફિરોઝે રૂ. ૩.૫ લાખના ૧૦ સોનાના સિક્કા પોતાની કોટક મહિન્દ્રા બેંકના ક્રેડિટ કાર્ડથી ખરીદ્યા હતા. તેને ૨૪ માર્ચ, ૨૦૨૫ના દિવસે એમેઝોન તરફથી ઈન્વૉઈસ પણ મળ્યો હતો, જેમાં બીજા દિવસે




ડિલિવરીનું આશ્વાસન અપાયું હતું. જોકે, મહિનાઓ સુધી રાહ જોયા છતાં ન તો સિક્કાની ડિલિવરી મળી અને ન તો પૈસા રિફન્ડ મળ્યા. જ્યારે ફિરોઝે પોતાનો ઓર્ડર ટ્રેક કર્યો, ત્યારે એપ પર એક ખોટું ડિલિવરી અપડેટ બતાવવામાં આવ્યું હતું, જેમાં દાવો કરાયો હતો કે પાર્સલ તેમના ઓર્ડરની તારીખના એક મહિના પહેલાં એટલે કે ૨૦ ફેબ્રુઆરીએ બેંગલુરુમાં ડિલિવર થઈ ગયું છે. વારંવાર કસ્ટમર કેરમાં ફરિયાદ કરવા છતાં, એમેઝોન તરફથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. નોંધનીય છે કે, ફિરોઝ તાતાવાલા સહિત તેની પત્ની, પિતા અને મિત્ર અશફાકે પણ આ જ લિસ્ટિંગમાંથી સોનાના સિક્કા ખરીદ્યા હતા અને બધાએ મળીને કુલ ૧૨.૬ લાખથી વધુની ચુકવણી કરી હતી. તેમાંથી કોઈને પણ સિક્કા મળ્યા નહોતા અને તમામના ઓર્ડર પણ એપ પર ડિલિવર થયેલા બતાવ્યા હતા.આ આકર્ષક ઑફરથી લલચાઈને, ફિરોઝે રૂ. ૩.૫ લાખના ૧૦ સોનાના સિક્કા પોતાની કોટક મહિન્દ્રા બેંકના ક્રેડિટ કાર્ડથી ખરીદ્યા હતા. તેને ૨૪ માર્ચ, ૨૦૨૫ના દિવસે એમેઝોન તરફથી ઈન્વૉઈસ પણ મળ્યો હતો, જેમાં બીજા દિવસે ડિલિવરીનું આશ્વાસન અપાયું હતું. જોકે, મહિનાઓ સુધી રાહ જોયા છતાં ન તો સિક્કાની ડિલિવરી મળી અને ન તો પૈસા રિફન્ડ મળ્યા. જ્યારે ફિરોઝે પોતાનો ઓર્ડર ટ્રેક કર્યો, ત્યારે એપ પર એક ખોટું ડિલિવરી અપડેટ બતાવવામાં આવ્યું હતું, જેમાં દાવો કરાયો હતો કે પાર્સલ તેમના ઓર્ડરની તારીખના એક મહિના પહેલાં એટલે કે ૨૦ ફેબ્રુઆરીએ બેંગલુરુમાં ડિલિવર થઈ ગયું છે. વારંવાર કસ્ટમર કેરમાં ફરિયાદ કરવા છતાં, એમેઝોન તરફથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. નોંધનીય છે કે, ફિરોઝ તાતાવાલા સહિત તેની પત્ની, પિતા અને મિત્ર અશફાકે પણ આ જ લિસ્ટિંગમાંથી સોનાના સિક્કા ખરીદ્યા હતા અને બધાએ મળીને કુલ ૧૨.૬ લાખથી વધુની ચુકવણી કરી હતી. તેમાંથી કોઈને પણ સિક્કા મળ્યા નહોતા અને તમામના ઓર્ડર પણ એપ પર ડિલિવર થયેલા બતાવ્યા હતા. ફરિયાદમાં આ છેતરપિંડી માટે "Super Psyllium" અને "Vijay Jewellers" નામે વેપાર કરતા સેલર તેમજ એમેઝોનના અધિકારીઓ પર ગ્રાહકો સાથે છેતરપિંડી કરવાનું કાવતરું રચવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસ બાદ ગાયકવાડ હવેલી પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ છેતરપિંડી અને ગુનાઈત કાવતરા સંબંધિત કલમો હેઠળ FIR દાખલ કરી છે. પોલીસે જણાવ્યું છે કે, તેઓ સેલરની ઓળખ કરવા અને એમેઝોન સાથે સંકલન કરીને ટ્રાન્ઝેક્શન રેકોર્ડ્સની તપાસ કરી રહ્યા છે.

### રોડના ખાતમુહૂર્ત થયા બાદ કામગીરી શરૂ થાય છે પણ પુરી નથી થતી

## ધોરાજીમાં ખખડધજ રોડ-રસ્તાઓથી સામાન્ય લોકો પરેશાન

### લોકોને પડતી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને દરેક પક્ષ પોતાના રાજકીય રોટલા શેકીને પછી પાછા ફરતા નથી

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ભાજપ હોય કે કોંગ્રેસ ધોરાજીની સામાન્ય જનતા કોઈ પણ પાર્ટીના શાસનથી નારાજ છે. ધોરાજીના જમનાવડ રોડ, જુના ઉપલેટા રોડ, જુનાગઢ રોડના રોડ-રસ્તાઓથી સામાન્ય જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. રાજકોટ જિલ્લાના ધોરાજી શહેર હોય કે ગ્રામ્ય વિસ્તારમાં કે એક ગામ કે એક વિસ્તારથી બીજા વિસ્તારમાં જવા માટેના તમામ માર્ગો કે રોડ રસ્તાઓ ખખડધજ બની ગયા છે. ચોમાસું સત્ર અને નવરાત્રિ અને હવે દિવાળીના પર્વ લોકોને આવા પર્વ પણ ઉજવવા મુશ્કેલ બન્યા છે, ધોરાજી અને ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા મોટે ઉપાડે ખાતમુહૂર્ત વિધિ કરી જાય છે અને કોન્ટ્રાકટર કામગીરી પણ હાથ ધરી દે છે પણ પછી ખોદકામ થોડાક દિવસો થઈ જાય છે અને પછી કામગીરી ઠપ્પ થઈ જાય છે અને વિસ્તારના લોકો કે રહેતા લોકો અને દુકાન ધારકો કે પછી ઉદ્યોગકારો જુનાગઢ રોડ કે જમનાવડ રોડ કે જુનો ઉપલેટા રોડ ખાતમુહૂર્ત અને કામગીરી કરી અને પછી પાછી કામગીરી કોઈ કારણસર બંધ થયા બાદ લોકોને પડતી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને દરેક પક્ષ પોતાના રાજકીય રોટલા શેકીને પછી પાછા ફરતા નથી.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ધોરાજીના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા તો ફક્ત ખાતમુહૂર્ત વિધિ માટે જ દેખાય છે પછી ભલે લોકો હેરાન થાય અને જે રોડ રસ્તાનું કામ થાય છે અને પછી ભ્રષ્ટાચારના આક્ષેપ થતાં કામ ફરી બંધ અને જે વિસ્તારમાં કામ બંધ થતાં રહેતાં લોકો હેરાન અને દુકાનો ધારકોના ધંધા-રોજગાર બંધ થાય છે અને કર્ફ્યુ જેવી પરિસ્થિતિ પેદા થાય છે અને ઉદ્યોગકારોના કારખાનાઓ પર પણ માઠી અસર થાય છે.

# ફિઝિયોથેરાપી વિભાગમાં ફી ઉઘરાવ્યાં બાદ પ્રવેશ રદ કરાતાં ભારે વિરોધ

### બારડોલીની ઉકા તરસાડીયા યુનિવર્સિટીમાં વિવાદમા, વિદ્યાર્થીઓએ આ મામલે પોતાને છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું જણાવ્યું હતું

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતના બારડોલી ખાતે આવેલી ઉકા તરસડિયા યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં આવી છે. મોડી રાત્રે યુનિવર્સિટીના ગેટની બહાર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉગ્ર વિરોધ કર્યો છે. આ વિરોધનું મુખ્ય કારણ ફિઝિયોથેરાપી વિભાગમાં ફી લીધા બાદ તેમના પ્રવેશ રદ કરવામાં આવ્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના મતે, યુનિવર્સિટી દ્વારા મર્યાદિત બેઠકો ભરાઈ ગઈ હોવા છતાં પ્રવેશ આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ સંપૂર્ણ ફી પણ વસૂલવામાં આવી હતી. પ્રવેશ આપ્યા બાદ અચાનક એડમિશન રદ કરાતા વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ આ મામલે પોતાને છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું જણાવ્યું હતું. તેમની મુખ્ય માંગણી એ હતી કે તેમને આ જ યુનિવર્સિટીના ફિઝિયોથેરાપી વિભાગમાં જ પ્રવેશ આપવામાં આવે, અન્ય કોઈ વિભાગમાં નહીં. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીએ તેમની પાસેથી સંપૂર્ણ ફી વસૂલી હતી, જેમાં હોસ્ટેલ ફી અને પ્રથમ સેમિસ્ટરની ફીનો પણ સમાવેશ થાય છે. આ ફી વસૂલવા માટે તેમને પૂરતો સમય પણ આપવામાં આવ્યો ન હતો. વિદ્યાર્થીઓએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટીને ૧૧૮ બેઠકોની મર્યાદા વિશે અગાઉથી જાણ હોવા છતાં, પ્રવેશ વખતે તેમને આ અંગે કોઈ માહિતી આપવામાં આવી ન હતી. એક વાલીએ જણાવ્યું હતું કે તેમની પુત્રીનો પ્રવેશ મેનેજમેન્ટ કોટા હેઠળ કરવામાં આવ્યો હતો, કારણ કે તેમને સરકારી કોટામાં પ્રવેશ નહીં મળે તેમ જણાવાયું હતું. તેમણે તાત્કાલિક ફી ભરી દીધી હતી, જેમાં ૭૫,૦૦૦ રૂપિયા હોસ્ટેલના અને ૬૫,૦૦૦ રૂપિયા અન્ય ફી તરીકે ભરવામાં આવ્યા હતા. પ્રવેશ કન્ફર્મ થયા બાદ તેઓ નિશ્ચિંત બન્યા હતા અને અન્ય કોલેજોમાંથી આવતા ફોન પણ નકાર્યા હતા. હોસ્ટેલ શરૂ થયા બાદ કોલેજ ૨૨ તારીખથી શરૂ થશે તેવો ફોન આવ્યો હતો, પરંતુ હવે પ્રવેશ રદ થવાથી તેઓ ચિંતિત છે. યુનિવર્સિટીના એક પ્રતિનિધિ જ્યારે આ બાબતે પૂછવામાં આવ્યું કે જેમણે એક મહિના સુધી અભ્યાસ કર્યો છે તે છોકરીઓનું શું, ત્યારે તેમણે પોતાને આ માટે ઓથોરાઈઝ્ડ પર્સન ન હોવાનું કહી જવાબદારી ટાળવાનો પ્રયાસ કર્યો હતો. આ પરિસ્થિતિને પગલે ગ્રામ્ય પોલીસે ઘટના સ્થળે પહોંચીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીઓ ન્યાયની માંગ સાથે યુનિવર્સિટી તંત્ર સામે વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું હતું, જે પ્રવેશ રદ થવાને કારણે થયેલી અન્યાયી કાર્યવાહી સામે તેમના રોષને પ્રતિબિંબિત કરે છે.

# આપ નેતા રાજુ કરપડા અને પ્રવિણ રામની પોલીસે કરી ધરપકડ

### પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો આ દરમિયાનો પોલીસે કરપડા અને પ્રવિણ રામની ધરપકડ કરી છે

। (એજન્સી) બોટાદ, તા.૭ ।

બોટાદના હડદડમાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણની ઘટનામાં પોલીસે કુલ ૮૫ લોકો સામે ફરિયાદ નોંધી હતી. અમદાવાદ કાર્યાલય ખાતે કડદાપ્રથા બંધ કરવાની અને ખેડૂતોને ન્યાય અપાવવાની માગ સાથે આમરણ ઉપવાસ પર બેસવાના હતા, ત્યારે પોલીસે આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડા અને પ્રવિણ રામની આજે ગુરુવારે (૧૬ ઓક્ટોબર) ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ સ્થિત છછઁ ના કાર્યાલય ખાતે રાજુ કરપડા, પ્રવિણ રામ સહિતના નેતાઓ કડદાપ્રથાના વિરોધમાં અને ખેડૂતોને ન્યાય અપાવવા માટે ઉપવાસ પર બેસવાના હતા. સમગ્ર મામલે સ્થળ પર પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ દરમિયાનો પોલીસે કરપડા અને પ્રવિણ રામની ધરપકડ કરી છે. તમને જણાવી દઈએ કે, બોટાદ જિલ્લાના હડદડ ગામે ખેડૂતો અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણના ગંભીર મામલામાં પોલીસે ૬૫ આરોપીઓની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કર્યા હતા.

### લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચરતો હતો

# આણંદમાં સાવકા પિતાએ દુષ્કર્મ ગુજારી સગીર પુત્રીને ગર્ભવતી બનાવી

। (એજન્સી) આણંદ, તા.૭ ।

આણંદમાં વાસનામાં અંધ બનેલા સાવકા પિતાએ વારંવાર દુષ્કર્મ ગુજારી સગીર પુત્રીને ગર્ભવતી બનાવી દીધી હતી. સગીરાને પેટમાં અને ગુપ્ત ભાગે દુઃખાવો થતાં સમગ્ર હકીકત બહાર આવી હતી. આ બનાવ અંગે આણંદ શહેર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. આણંદ શહેરના એક વિસ્તારમાં રહેતી ૧૨ વર્ષીય સગીરા ઉપર તેના જ સાવકા પિતા દ્વારા છેલ્લા કેટલાક સમયથી અવારનવાર દુષ્કર્મ ગુજારવામાં આવતું હતું. જેને લઈ તેણી ગર્ભવતી થઈ ગઈ હતી. સગીરાને પેટમાં તથા ગુપ્ત ભાગે દુઃખાવો થતા પરિવારજનોએ તપાસ કરાવતા સગીરા ગર્ભવતી હોવાનું જાણવા મળતા પરિવારજનો ચોકી ઉઠયા હતા. તબીબી પરીક્ષણમાં બાળકીને આઠ માસનો ગર્ભ હોવાનું ખુલવા પામ્યું હતું. પોલીસે સગીરાની વધુ પૂછપરછ કરતા તેણીના પાલક પિતાએ લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચર્યુ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે સગીરાના નિવેદનના આધારે સાવકા પિતા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દીવાલ તોડીને ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી

# હાલોલના ચંદ્રપુરા પાસે સ્ક્રેપ ગોડાઉનમાં લાગી ભીષણ આગ

। (એજન્સી) પંચમહાલ, તા.૭ ।

પંચમહાલના હાલોલમાં મોટરના સ્ક્રેપ વેન્ડરના ગોડાઉનમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. ભીષણ આગના બનાવને લઈને ત્રણ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. મળતી માહિતી મુજબ, હાલોલના ચંદ્રપુરા વિસ્તારમાં આવેલા એમ.જી. મોટર્સના સ્ક્રેપ વેન્ડરના ગોડાઉનમાં ભીષણ આગ લાગીની ઘટના બની છે. જેમાં કંપનીનું ગોડાઉન બંધ હોવાથી જેસીબીથી દીવાલ તોડીને ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જાણવા મળ્યું હતું કે, ગોડાઉનમાં પ્લાસ્ટિક, લેધર અને લાકડાંનો જથ્થો હોવાથી આગ વધુ વિકરાળ બની હતી, ભીષણ આગની ઘટનામાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. બનાવને લઈને પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી.

# વડોદરામાં પ્રેમલગ્ન બાદ યુવતી પાસેથી ૧૫ લાખ પડાવ્યા

### આ ઉપરાંત, સાસરિયાં પર તાંત્રિક વિધિ કરાવી વશમાં રાખવાનો પ્રયાસ કરવાનો પણ ગંભીર આક્ષેપ છે, પૈસા પરત માગતા અશ્લીલ ફોટા વાઈરલ કરવાની ધમકી

। (માહિતી) વડોદરા, તા.૭ ।

વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતી એક પરિણીત મહિલાએ પોતાના પતિ અને સાસરિયાં વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મહિલાએ તેના પતિ પર છેતરપિંડી આચરીને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવા, વિદેશમાં નોકરીના બહાને લાખો રૂપિયા પડાવી લેવા, શારીરિક-માનસિક ત્રાસ આપવા અને પૈસા પાછા માંગતા અશ્લીલ ફોટા-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત, સાસરિયાં પર તાંત્રિક વિધિ કરાવી વશમાં રાખવાનો પ્રયાસ કરવાનો પણ ગંભીર આક્ષેપ છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, વડોદરાની અને ખાનગી બેંકમાં નોકરી કરતી ફરિયાદી મહિલાની ઓળખ પાર્થ રોહિત સાથે કામના સંદર્ભમાં થઈ હતી. આ ઓળખાણ ધીમે ધીમે પ્રેમ સંબંધમાં પરિણમી. જોકે, શરૂઆતમાં મહિલાએ લગ્ન કરવાની ના પાડી હતી.

